અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત


07 APRIL-2026 TUESDAY | Vol. : 17 | Issue : 274 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad


તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886



3  કેનેડામાં ખાલિસ્તાનીઓએ 100-100 ડોલર આપીને ભાડેથી ભીડ ભેગી કરી

4  ગલ્ફ દેશોમાં અમેરિકી ટેક કંપનીઓ હવે ઈરાનનો નવો ટાર્ગેટ

6  IPL 2026 ની ઓરેન્જ-પર્પલ કેપની હરિફાઈ રસપ્રદ બની, વિરાટ-સરફરાઝ પણ પાછળ

7  સેન્સેક્સ 787 પોઈન્ટ વધીને 74,106 પર બંધ: નિફ્ટીમાં 255 પોઈન્ટનો ઉછાળો, બેંકિંગ શેરોમાં સૌથી વધુ ખરીદી રહી


### સ્પીકરની ગાડી પર શાહી ફેંકી શખસ ફરાર

# દિલ્હી વિધાનસભાની સુરક્ષામાં મોટી ચૂક: ગેટ તોડી અંદર ઘૂસી કાર

**ઉત્તરપ્રદેશ રજિસ્ટ્રેશન નંબર ધરાવતી સફેદ રંગની ટાટા સિયેરા કાર બપોરે ૨:૦૫ વાગ્યે ગેટ નંબર ૨ને તોડીને વીઆઈપી એન્ટ્રીથી અંદર પ્રવેશી હતી**

નવી દિલ્હી, તા.06

દિલ્હી વિધાનસભામાં સુરક્ષાની ગંભીર બેદરકારી સામે આવી છે. આજ (૬ એપ્રિલ) રોજ એક અજ્ઞાત કાર વિધાનસભાનો ગેટ તોડીને અંદર ઘૂસી ગઈ હતી, જેના કારણે સમગ્ર પરિસરમાં હડકંપ મચી ગયો છે. ઉત્તરપ્રદેશ રજિસ્ટ્રેશન નંબર ધરાવતી સફેદ રંગની ટાટા સિયેરા કાર બપોરે ૨:૦૫ વાગ્યે મોલ રોડ પર આવેલા અને સામાન્ય રીતે બંધ રહેતા ગેટ નંબર ૨ને તોડીને વીઆઈપી એન્ટ્રીથી અંદર પ્રવેશી હતી. પ્રાથમિક માહિતી અનુસાર, આ ઘટનામાં સુરક્ષામાં મોટી ખામી જોવા મળી છે. કાર સવાર શખ્સોએ વિધાનસભાના અધ્યક્ષ વિજેન્દ્ર ગુપ્તાની ગાડી પર શાહી ફેંકી હતી.



એટલું જ નહીં, કાર ચાલકે વિધાનસભા અધ્યક્ષની ઓફિસ પાસે બરામદામાં ફૂલોનો એક ગુલદસ્તો પણ મૂક્યો હોવાની માહિતી મળી રહી છે. આ હરકત કર્યા બાદ આરોપીઓ તે જ કારમાં પૂરપાટ ઝડપે ગેટની બહાર નીકળીને ફરાર થઈ ગયા હતા. જે ગેટથી આ કાર અંદર ઘૂસી ત્યાં CRPFના જવાનો તૈનાત હતા, તેમ છતાં કાર અંદર ઘૂસવામાં સફળ રહી હતી.

દિલ્હી પોલીસના ઉચ્ચ અધિકારીઓ હાલ વિધાનસભા પરિસરમાં તપાસ કરી રહ્યા છે. ડીસીપીના જણાવ્યા અનુસાર, કારની ટક્કરથી લોખંડનો ગેટ પણ ક્ષતિગ્રસ્ત થયો છે. હાલ પોલીસ સીસીટીવી ફૂટેજ ખંગાળી રહી છે અને યુપી નંબરની તે કારના આધારે આરોપીઓની ઓળખ કરવા અને તેમને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

દિલ્હી વિધાનસભામાં બનેલી આ ઘટનાએ સંવેદનશીલ વિસ્તારોની સુરક્ષાના દાવાઓ અંગે અનેક પ્રશ્નો ઉભા કર્યા છે. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, અચાનક એક અજાણી કાર ખૂબ જ તેજ ગતિએ આવી અને મુખ્ય ગેટને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી જબરદસ્ત હતી કે લોખંડનો ગેટ ક્ષતિગ્રસ્ત થઈ ગયો હતો અને કાર સીધી વિધાનસભાના મુખ્ય બિલ્ડિંગ તરફ ધસી ગઈ હતી. આ અચાનક બનેલી ઘટનાથી ત્યાં તૈનાત સુરક્ષાકર્મીઓ પણ થોડી વાર માટે સ્તબ્ધ થઈ ગયા હતા.

રિપોર્ટ મુજબ, કાર વિધાનસભા પરિસરમાં પ્રવેશ્યા પછી થોડી મિનિટો સુધી અંદરના ભાગમાં ગોળ-ગોળ ફરી હતી. સુરક્ષાકર્મીઓએ તેને અટકાવવાનો અને ડ્રાઈવરને પકડવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ડ્રાઈવરે અત્યંત જોખમી રીતે ગાડી હંકારીને ફરીથી તે જ ગેટ તરફથી બહાર નીકળી હતી, પછી કાર ગીચ વિસ્તારમાં ગાયબ થઈ ગઈ હતી.

દિલ્હી પોલીસે આ મામલાને અત્યંત ગંભીરતાથી લીધો છે અને સઘન તપાસ શરૂ કરી દીધી છે. વિધાનસભાની આસપાસના તમામ સીસીટીવી (CCTV) કેમેરાના ફૂટેજ મેળવવામાં આવ્યા છે જેથી કારના મૉડેલ અને તેના નંબરની ઓળખ થઈ શકે. નિષ્ણાતોની ટીમે પણ ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી અને ગેટ પરથી કારના પેઈન્ટના નમૂના તથા અન્ય પુરાવા એકત્રિત કર્યા છે. પોલીસ અત્યારે વિધાનસભામાં હાજર રહેલા તમામ સુરક્ષાકર્મીઓના નિવેદનો નોંધી રહી છે જેથી ઘટના પાછળના ઈરાદા વિશે વધુ માહિતી મળી શકે. આ સુરક્ષા ભંગની ઘટના બાદ, દિલ્હી વિધાનસભામાં પ્રવેશ માટેના નિયમો વધુ કડક બનાવવામાં આવે તેવી શક્યતા છે. અધિકારીઓએ તમામ એન્ટ્રી પોઈન્ટ્સ પર સુરક્ષા વધારી દીધી છે. અત્યારે એ પણ જોવામાં આવી રહ્યું છે કે શું આ કોઈ વ્યક્તિ દ્વારા ઉશ્કેરાટમાં કરવામાં આવેલું કૃત્ય હતું કે તેની પાછળ કોઈ ઊંડું ષડયંત્ર છુપાયેલું છે.

### મોદી આસામના બરપેટામાં આયોજિત રેલીમાં બોલ્યા

# 16 એપ્રિલે સંસદનું વિશેષ સત્ર, મહત્ત્વનું બિલ લાવી રહી છે સરકાર

**તેમણે તમામ રાજકીય પક્ષોને અપીલ કરી હતી કે ઐતિહાસિક કાયદાને કોઈ વિરોધ વગર સર્વસંમતિથી પસાર કરવામાં આવે**

દીસપુર, તા.06

પીએમ મોદીએ આસામના બરપેટામાં આયોજિત એક વિશાળ ચૂંટણી રેલીમાં દેશની મહિલાઓ માટે એક અત્યંત મહત્ત્વની જાહેરાત કરી છે. પીએમ મોદીએ જણાવ્યું કે, કેન્દ્ર સરકાર આગામી ૧૬ એપ્રિલથી સંસદનું એક વિશેષ સત્ર બોલાવવા જઈ રહી છે. આ સત્રમાં મહિલા અનામત વિધેયક (Womens Reservation Bill)ને લઈને મોટા ફેરફારો કરવામાં આવશે. તેમણે તમામ રાજકીય પક્ષોને અપીલ કરી હતી કે દેશની નારીશક્તિના અધિકારો સાથે જોડાયેલા આ ઐતિહાસિક કાયદાને કોઈ પણ વિરોધ વગર સર્વસંમતિથી પસાર કરવામાં આવે. પીએમ મોદીએ સ્પષ્ટ કર્યું કે આ બિલથી પૂર્વોત્તર કે દક્ષિણ ભારતના રાજ્યોમાં બેઠકો ઘટશે નહીં, કારણ કે સરકાર મહિલાઓ માટે વધારાની બેઠકો અને કુલ બેઠકોની સંખ્યા વધારવા પર કામ કરી રહી છે.

પીએમ મોદીએ જણાવ્યું કે, દેશની દીકરીઓ અને બહેનોના અધિકારો માટે સરકાર આગામી ૧૬ એપ્રિલથી સંસદનું વિશેષ સત્ર બોલાવી રહી છે. વડાપ્રધાને સ્પષ્ટતા કરી હતી કે આ બિલથી કોઈ પણ રાજ્યને નુકસાન થશે નહીં. ખાસ કરીને દક્ષિણ ભારત અને પૂર્વોત્તરના રાજ્યો, જ્યાં વસ્તી નિયંત્રણ સફળ રહ્યું છે, ત્યાં પ્રતિનિધિત્વ ઘટશે એવી અફવાઓ પર પૂર્ણવિરામ મૂકતા



તેમણે કહ્યું કે, અમે મહિલાઓ માટે વધારાની બેઠકોની વ્યવસ્થા કરી રહ્યા છીએ. હાલની બેઠકોની સંખ્યામાં વધારો કરવામાં આવશે જેથી કોઈના હક છીનવાશે નહીં. પીએમ મોદીએ તમામ રાજકીય પક્ષોને આ કાર્યમાં સહકાર આપવા વિનંતી કરી છે. તેમણે અસમના બહેનોને ખાસ અપીલ કરી કે તેઓ તમામ પક્ષોના નેતાઓ પર દબાણ લાવે જેથી આ કાયદો સર્વસંમતિથી પસાર થઈ શકે. તેમણે આરોપ લગાવ્યો કે કેટલાક લોકો આ ઉમદા કાર્ય વિશે ભ્રમ ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યા છે, પરંતુ આ બિલ સમગ્ર દેશના હિતમાં છે. ભારતીય સંસદના ઈતિહાસમાં આ સૌથી મોટો ફેરફાર થવા જઈ રહ્યો છે. વર્ષ ૨૦૨૯ની લોકસભા ચૂંટણી પહેલા જ બેઠકો વધારવા અને ૩૩% બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનો પ્રસ્તાવ રજૂ કરવાની તૈયારી છે. રિપોર્ટ મુજબ, હાલ લોકસભાની બેઠકો ૫૪૩ છે જે વધારીને ૮૧૬ કરવામાં આવી શકે છે, જેમાંથી ૨૭૩ બેઠકો મહિલાઓ માટે અનામત રહેશે. સરકાર નારી શક્તિ વંદના અધિનિયમ અને સીમાંકન કાયદામાં ફેરફાર કરવા માટે સંસદમાં બે અલગ-અલગ બિલ લાવવાની યોજના બનાવી રહી છે. આ માટે ભાજપ અને શિવસેના(UBT) વચ્ચે ચર્ચા થઈ ચૂકી છે, જ્યારે અન્ય પ્રાદેશિક પક્ષો સાથે પણ વાતચીત ચાલી રહી છે. નોંધનીય છે કે, આ જ મોડેલ રાજ્યોની વિધાનસભાઓમાં પણ લાગુ કરવાની સરકારની યોજના છે. મહિલા અનામત બિલ એટલે કે, નારી શક્તિ વંદન અધિનિય ૨૦ સપ્ટેમ્બર-૨૦૨૩માં લોકસભામાં અને ૨૧ સપ્ટેમ્બરે રાજ્યસભામાં પાસ થયું હતું. ત્યારબાદ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ તેને મંજૂરી આપી દીધી હતી. જોકે આ કાયદો કંઈ તારીખથી લાગુ કરવાનો છે, તે હજુ સુધી નક્કી કરાયું નથી. કેન્દ્રસરકાર નોટિફિકેશન દ્વારા આ કાયદો લાગુ કરશે અને જરૂર પડશે તો તેમાં ફેરફાર પણ કરી શકે છે. આ સાથે જ વિપક્ષ પર આકરા પ્રહાર કરતા પીએમ મોદીએ કહ્યું કે, આ વખતે આસામની જનતા બે મોટા નિર્ણયો લેવા જઈ રહી છે. પહેલો નિર્ણય એ છે કે રાજ્યમાં ભાજપ-એનડીએ સરકારની જીતની હેટ્રિક નક્કી છે, અને બીજો એ કે દિલ્હીમાં બેઠેલો શાહી પરિવાર આ વખતે પોતાની હારનું શતક ફટકારશે. કોંગ્રેસ પર નિશાન સાધતા તેમણે ઉમેર્યું કે, કોંગ્રેસે હંમેશા ટૂંકા ગાળાની રાજનીતિ કરી ભ્રષ્ટાચારને પ્રોત્સાહન આપ્યું છે.

# BJPનો સ્થાપના દિવસ, PM મોદીએ કહ્યું-ભાજપ દરેક પડકાર માટે તૈયાર

નવી દિલ્હી, તા.06

ભારતની સૌથી મોટી રાજકીય પાર્ટી BJP આજે 2026માં પોતાનો 47મો સ્થાપના દિવસ મનાવી રહી છે. સ્થાપના દિવસ નિમિત્તે દેશભરમાં BJP કાર્યાલયોમાં અનેક કાર્યક્રમો યોજાયા. આ પ્રસંગે PM મોદીએ કહ્યું, 'દેશ જાણે છે કે, દરેક પડકારનો સામનો કરવા માટે BJP ઈમાનદારીથી પ્રયાસ કરી રહી છે અને આગળ પણ કરશે. પહેલા પણ સકારાત્મક પરિણામો મળ્યા છે અને આગળ પણ મળશે.'

તેમણે વીડિયો મેસેજમાં કહ્યું, 'અંગ્રેજોના સમયના અનેક કાયદાઓનો અંત, લોકતંત્ર માટે નવા સંસદ ભવનનું નિર્માણ, સામાન્ય સમાજના ગરીબો માટે 10% અનામત, કાયદો બનાવીને ત્રણ તલાક પર રોક, CAA, અયોધ્યામાં રામ મંદિરનું નિર્માણ. આવા કેટલાય કામો છે, જે ભાજપના ઈમાનદાર પ્રયાસોનું પરિણામ છે. અમારું



મિશન હજુ પણ ચાલુ છે.' ઉત્તર પ્રદેશમાં CM યોગી આદિત્યનાથે પાર્ટીના ઝંડા સાથે સેલ્ફી લીધી. મધ્યપ્રદેશમાં 17 નવા કાર્યાલયોનું ભૂમિપૂજન કરવામાં આવ્યું. અમિત શાહે લખ્યું- ભાજપનો મૂળ મંત્ર હંમેશા સ્પષ્ટ રહ્યો છે, નેશન ફર્સ્ટ, પાર્ટી નેક્સ્ટ, સેલ્ફ લાસ્ટ. આ જ મૂળ ભાવના સાથે ભાજપનો દરેક કાર્યકર દિવસ-રાત રાષ્ટ્ર-સેવામાં સમર્પિત છે. ભાજપે લોકશાહીના મૂળિયાંને મજબૂત કરવાની સાથે દેશને તુષ્ટિકરણથી મુક્ત, સુશાસન અને પારદર્શિતા સ્થાપિત કરવાનું કાર્ય કર્યું છે. આજે ભાજપ માત્ર એક પાર્ટી નથી, પરંતુ 140 કરોડ દેશવાસીઓના સપના અને આકાંક્ષાઓની પ્રતિનિધિ બની ચૂકી છે. ભાજપની સ્થાપના 6 એપ્રિલ 1980ના રોજ થઈ હતી. પરંતુ તેનો પાયો 1951માં બનેલા ભારતીય જનસંઘ દરમિયાન નંખાયો હતો. તેની સ્થાપના શ્યામા પ્રસાદ મુખર્જી અને દીનદયાળ ઉપાધ્યાયે કરી હતી. 1975-77માં કટોકટી પછી, જનસંઘ સહિત અનેક પક્ષો જનતા પાર્ટીમાં ભળી ગયા, પરંતુ મતભેદોને કારણે 1980માં અલગ થઈ ગયા. ત્યારબાદ ભાજપની રચના થઈ. સ્થાપના પછીથી ભાજપના બે વડાપ્રધાન રહ્યા છે - નરેન્દ્ર મોદી અને અટલ બિહારી વાજપેયી. 1996, 1998 અને 1999ની લોકસભા ચૂંટણીમાં, પાર્ટી સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવી. 2019ની લોકસભા ચૂંટણીમાં, પાર્ટીએ 303 બેઠકો જીતી, જે પાર્ટીના ઈતિહાસમાં સૌથી વધુ છે.

# અંગ્રેજી બુકથી રાઘવ ચઢ્ઢાએ કેજરીવાલ પર કર્યો કટાક્ષ: લખ્યું- બોસથી બે ડગલાં આગળ રહેવાની કોશિશ ન કરો, આનાથી ડર અને અસુરક્ષા પેદા થશે

મોહાલી, તા.06

આમ આદમી પાર્ટી (AAP) સાથે ચાલી રહેલા વિવાદ વચ્ચે રાજ્યસભાના સાંસદ રાઘવ ચઢ્ઢાએ અરવિંદ કેજરીવાલનું નામ લીધા વિના તેમનું નિશાન સાધ્યું છે. ચઢ્ઢાએ અમેરિકન લેખક રોબર્ટ ગ્રીનનું પુસ્તક 'ધ 48 લોઝ ઓફ પાવર' વાંચતો પોતાનો ફોટો શેર કર્યો છે. ચઢ્ઢાએ પુસ્તકના પહેલા પાનાની એક વાર્તા પણ જોડી, જેમાં લખ્યું, 'મેં પહેલું પ્રકરણ ખોલ્યું.'

ચઢ્ઢાએ શેર કરેલા પાનામાં જણાવાયું છે કે પુસ્તકનો પહેલો નિયમ એ છે કે ક્યારેય તમારા બોસ અથવા ઉપરી અધિકારીઓને પાછળ રાખવાનો પ્રયાસ ન કરો. હંમેશા તમારાથી ઉપરના લોકોને તમારા કરતા શ્રેષ્ઠ અને સારા અનુભવ કરાવો. તેમને ખુશ કરવા અને પ્રભાવિત કરવાના પ્રયાસમાં તમારી કુશળતા અથવા પ્રતિભાને અતિશયોક્તિ ન કરો.

પ્રકરણમાં આગળ કહેવામાં આવ્યું છે કે, 'આ કરવાથી વિપરીત અસર થઈ શકે છે. તે ભય અને અસુરક્ષા પેદા કરી શકે છે. તેથી તમારા ઉપરી અધિકારીઓને તેમના કરતાં વધુ બુદ્ધિશાળી અને પ્રભાવશાળી દેખાડો.' આમ કરીને તમે આખરે શક્તિ અને સફળતાની ઊંચાઈઓ સુધી પહોંચી શકો છો.

રાઘવના નિવેદનને હવે કેજરીવાલ પર સીધો હુમલો માનવામાં આવી રહ્યો છે. તાજેતરમાં પૂર્વ AAP નેતા અને પ્રખ્યાત કવિ કુમાર વિશ્વાસનો દોઢ વર્ષ જૂનો વીડિયો વાયરલ થયો હતો, જેમાં તેમણે કહ્યું હતું કે રાઘવ ચઢ્ઢા આગામી શિકાર બનશે કારણ કે તે વધુ પ્રખ્યાત થઈ રહ્યો હતો. રાઘવની આ રહસ્યમય પોસ્ટ આ સાથે સંબંધિત હોવાનું માનવામાં આવે છે.



પટિયાલાના કોંગ્રેસના સાંસદ ડૉ. ધર્મવીર ગાંધીએ પણ રાજ્યસભાના સાંસદ રાઘવ ચઢ્ઢા અને આમ આદમી પાર્ટી (AAP) વચ્ચેના ઝઘડામાં એન્ટ્રી કરી છે. એક પોડકાસ્ટ દરમિયાન ડૉ. ગાંધીએ કહ્યું કે જ્યારે તેઓ પટિયાલાથી AAPના સાંસદ હતા, ત્યારે રાઘવ ચઢ્ઢાએ તેમને એક પત્ર આપ્યો હતો અને લોકસભામાં બોલવાનું કહ્યું હતું.

જોકે, તેમણે રાઘવએ લાવેલો પત્ર ફાડીને તેમના ચહેરા પર ફેંક્યો હતો, તેમને બહાર નીકળવાનું કહ્યું હતું અને પછી તેમને પંજાબ ભવનમાંથી હાંકી કાઢ્યા હતા. ડૉ. ગાંધીએ એક ખાનગી સોશિયલ મીડિયા ચેનલ સાથે વાત કરતી વખતે આ ટિપ્પણી કરી હતી.

રાઘવ ચઢ્ઢા પણ સતત AAPને જવાબ આપી રહ્યા છે. રવિવારે (5 એપ્રિલ) ના રોજ, પંજાબ માટે ઉઠાવવામાં આવેલા મુદ્દાઓની વિગતો આપતા બે વીડિયો રિલીઝ કર્યા પછી તેમણે લખ્યું, 'આ ફક્ત એક નાનું ટ્રેલર છે; પિક્ચર અભી બાકી છે.'

AAPનો આરોપ છે કે રાઘવે ભાજપ અને પીએમ નરેન્દ્ર મોદી વિરુદ્ધ તેમના બધા ટ્વીટ ડિલીટ કરી દીધા છે. રાઘવે અગાઉ AAPને પૂર અને ઘાતક ધમકીની ચેતવણી આપી હતી.

રાઘવ પંજાબ ભવન આવ્યો, મને પત્ર આપીને કહ્યું- આ બોલવાનું છે: પટિયાલાથી કોંગ્રેસના લોકસભા સાંસદ ડો. ધર્મવીર ગાંધીએ કહ્યું- 2014માં રાષ્ટ્રપતિના અભિભાષણ પર મારું પહેલું ભાષણ હતું. રાઘવ ચઢ્ઢા મારી પાસે પંજાબ ભવનમાં આવ્યો. પત્ર લખીને લાવ્યો કે તમારે કાલે બોલવાનું છે. મેં કહ્યું કે મને ખબર છે કે મારે બોલવાનું છે. રાઘવ ચઢ્ઢાએ પત્ર આપતા કહ્યું કે તમારે આ બોલવાનું છે.

મેં કહ્યું- હુ આર યુ, મને ખબર છે શું બોલવું: ડો. ગાંધીએ વધુમાં કહ્યું- મેં કહ્યું- હુ આર યુ, મને બધું ખબર છે. 1975માં જેલમાં ગયો, 1970થી હું આ લાઈનમાં ફરી રહ્યો છું. 45 વર્ષ થઈ ગયા. મને ખબર કે મારે શું બોલવું. આ બાબતે રાઘવ ચઢ્ઢાએ કહ્યું- તમે નેશનલ પાર્ટીના લીડર છો. નેશનલ સ્પોક્સપર્સન છો. LOP છો. મેં કહ્યું કે પત્ર લાવો, જોઉં કે શું બોલવાનું કહી રહ્યા છો.




# ઢોસા ખાવાથી બે બાળકીના મોત, માતા-પિતા ગંભીર, રહસ્યમય ઘટના

## અમદાવાદમાં પરિવારનો આક્ષેપ-ખીરામાંથી ઢોસા બનાવીને ખાધા તો ઊલટીઓ થઈ, FSLએ સેમ્પલ લીધા

**અમદાવાદ, તા.06**

અમદાવાદમાં એક રહસ્યમય અને શોકિંગ ઘટના સામે આવી છે. ચાંદખેડા વિસ્તારમાં તૈયાર ખીરું લાવી તેના ઢોસા બનાવી ખાવાથી બે માસૂમ બાળકીના મોત નિપજ્યાનો પરિવારે આક્ષેપ કર્યો છે. મારુતિ પ્લાઝા સોસાયટીમાં રહેતા વિમલ પ્રજાપતિ ધનશ્યામ ડેરીમાંથી ખીરું લાવ્યા હતા. તેમાંથી ઢોસા બનાવી ખાતા પરિવારની તબિયત લથડી હતી. જેમાં 3 મહિનાની રાહા અને 4 વર્ષની મીશ્રી નામની બાળકીના મોત નિપજ્યાં હતા.

જ્યારે વિમલ પ્રજાપતિ અને તેમના પત્ની ભાવના પ્રજાપતિ હાલ કેડી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. ઘટના બહાર આવતાં જ ચાંદખેડા પોલીસે અકસ્માતે મોતનો ગુના દાખલ કરીને તપાસ શરૂ કરી છે અને ખીરાની ક્વોલિટી જાણવા ઘનશ્યામ ડેરી પર FSLની ટીમે સેમ્પલ લઈ તપાસ હાથ ધરી છે. સંબંધીઓનો આરોપ છે કે ડેરીમાંથી લાવેલા ખીરામાંથી ઢોસા બનાવવાના ખાવાથી પરિવારની તબિયત લથડી હતી અને ઉલટીઓ થવા લાગી હતી.

પરિવારજન ગૌરીશંકર પ્રજાપતિએ જણાવ્યું હતું કે, મારો છોકરો સાંજે 8:00 વાગ્યે ઘનશ્યામ ડેરી આઈઓસી રોડથી ખીરું લઈને આવ્યો, પછી એને ઢોસા બનાવીને ખાધા હતા. પણ એને બીજા દિવસે સવારે ઉલ્ટીઓ ચાલુ થઈ ગઈ, પછી એને એડમિટ કર્યો હતો. ત્યારબાદ એની વાઈફને ખબર ન પડી કે આ ખાવાથી જ ઉલ્ટીઓ થઈ છે એટલે એણે પણ ખાધું અને એની નાની છોકરી હતી એને પણ એક ઢોસો ખવડાવ્યો હતો. એટલે એ લોકો પણ બીજા દિવસથી પાછા ઉલ્ટીઓ કરવા માંડ્યા હતા, અમે આ બધાને હોસ્પિટલ લઈ ગયાં.

ગૌરીશંકર પ્રજાપતિએ કહ્યું કે, હોસ્પિટલ લઈ ગયા પછી દોઢ મહિનાની બેબીની હેડકી ખાતા-ખાતા ડેથ થઈ ગઈ હતી. પછી બીજા દિવસે સાડા ત્રણ વર્ષની બેબી હતી, એને પણ એડમિટ કરી હતી છતાં અમે છુટ્ટી લઈને આવ્યા હતાં. પછી બીજા દિવસે પાછી એને પણ પ્રોબ્લેમ થઈ એટલે કે.ડી. હોસ્પિટલ લઈ ગયા, પણ ડોક્ટરો બચાવી ન શક્યા.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગના અધિકારી ડો. તેજસ શાહે જણાવ્યું હતું કે, ચાંદખેડા વિસ્તારમાં બનેલી આ ઘટના અંગે અમે તપાસ કરી રહ્યા છીએ.

મ્યુનિસિપલ કોર્પોરેશનના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ, ત્રણ કિલો જેટલું ખીરૂ ખરીદવામાં આવ્યું હતું. જેમાંથી બે દિવસ બાદ 2700 ગ્રામ જેટલું ખીરૂ ડેરી માલિકને પાછું આપવામાં આવ્યું હતું. જેથી માત્ર 300 ગ્રામ જેટલા ખીરામાંથી ઢોંસા બનાવવામાં આવ્યા હતા જે સમગ્ર શંકા ઉપજાવી રહી છે.

ઘનશ્યામ ડેરીના માલિક કેતન પટેલે જણાવ્યું હતું કે, દિવસે સાંજે અમારે ત્યાં એ બહેન (ગ્રાહક) અને એમના મિસ્ટર ખીરું લેવા આવ્યા હતા. અમે એમને ખીરું આપ્યું હતું. તે સિવાય પણ અમારા બીજા ઘણા ગ્રાહકો, એટલે કે દિવસનું અમારે 100થી 125 કિલો ખીરું વેચાય છે. એ જ લોટમાંથી અમે અમારા સંબંધીઓને પણ આપ્યું હતું અને બીજા અન્ય ગ્રાહકોને પણ આપ્યું હતું, પણ કોઈને કશી તકલીફ થઈ નથી. ખીરું અહીંયા જ, ઘનશ્યામ ડેરીમાં જ અમે બનાવીએ છીએ. બીજા કોઈ પણ વ્યક્તિની આવી ફરિયાદ આવી નથી.

ઘનશ્યામ ડેરીના માલિક વિપુલ પટેલ જણાવ્યુ હતું કે, જ્યારે ખીરું



લેવા કસ્ટમર આવ્યા, ત્યાં આગળ મોટાભાઈ બેઠાં હતા અને લગભગ ત્રણ કિલો ખીરું લઈ ગયા હતાં. તે 1 એપ્રિલે ખીરું લઈ ગયા હતા અને પછી 3 તારીખે કહેવા આવ્યા કે 'આ જે અમે લોકોએ ખીરું બનાવ્યું , એમાં પેટમાં કંઈ ફૂડ પોઈઝન જેવું થઈ ગયું છે.' 3 એપ્રિલે આવ્યા એટલે મેં કીધું વાંધો નહીં, એવું હોય તો પાછું લેતા આવજો.

તેને વધુમાં કહ્યું, મેં 1 એપ્રિલેના સીસીટીવી પણ ચેક કર્યા હતા. આગળ-પાછળના જેટલા પણ ગ્રાહક હતા, એ બધા જ ગ્રાહકને મેં ફોન કર્યો. જેટલા પણ નજીકના હતા બધાને મેં પૂછી જોયું કે 'તમને કોઈ તકલીફ પડી?' તો કહ્યું કે, 'ના, કોઈ તકલીફ નથી પડી.' એક બીજા સામે રહે છે, એમને પણ પૂછ્યું તો કે 'બીજા દિવસે મેં બાબાને ખવડાવ્યું, કોઈ તકલીફ નથી.' બીજા 4-5 કસ્ટમરને મેં પૂછ્યું કે 'તમને કોઈ તકલીફ થઈ ખીરું તમે લઈ ગયા હતા?'.

વિપુલ પટેલે કહ્યું કે, એક બહેનની આ રીતના ફરિયાદ આવી હતી કે, તમારું ખીરું ખાવાથી ફૂડ પોઈઝન થઈ ગયું હતું, તો મેં જે ખીરું આપ્યું હતું એ મેં સીસીટીવી લગાવ્યા છે જેથી કરીને આવો કોઈ આક્ષેપ થાય તો આપણી એક ક્લેરિટી રહે કે ભાઈ એમના પહેલા કેટલા કસ્ટમર લઈ ગયા છે, એમના પછી કેટલા કસ્ટમર લઈ ગયા છે, એ ડ્રમમાંથી બધાને ખીરું આપ્યું છે. તો જો તકલીફ હોય મારા ખીરામાં, તો બધાને પણ ફૂડ પોઈઝન થવાની શંકા હોય ને બરોબર? પણ એક્ચ્યુલી એમને જ ફૂડ પોઈઝન થયું.

વધુમાં ડેરી માલિક વિપુલ પટેલે કહ્યું કે, બાકી તે જ્યારે પાછું આપવા આવ્યા ત્યારે મેં સીસીટીવી જોવાનું ચાલુ કર્યું કે બહેનની કમ્પ્લેન સાચી છે કે ખોટી. ઘનશ્યામ ડેરીમાં મારે બધી જ જગ્યાએ સીસીટીવી લગાવેલા છે જેથી કરીને કોઈ તકલીફ હોય તો એનું સોલ્યુશન આવે. તો એ ખોટી વાત છે, મારી પાસે એનું રેકોર્ડિંગ પણ છે જ્યારે એ મને 3 એપ્રિલના કમ્પ્લેન કરવા આવ્યા, ત્યારે મારે વોઈસ કેમેરો છે. ત્યારે એમણે કીધું હતું કે 'આજે અમે ખીરું ખાધું અને તમારા ખીરાથી પેટમાં દુખાય છે અને ફૂડ પોઈઝન જેવું થઈ ગયું છે.' એ ફરિયાદ કરવા માટે આવ્યા હતા અને એ વ્યક્તિ લેવા માટે આવ્યા હતા, એમના હસબન્ડ નહોતા આવ્યા.

ઘનશ્યામ ડેરીમાંથી ખીરું લઈ જનાર અંકિતાબેને જણાવ્યું હતું કે, અમે એજ દિવસે ખીરું ખરીદ્યું હતું અને ઈડલી બનાવીને ખાધી હતી. બીજા દિવસે પણ મેં મારા બંને બાળકોને ઈડલી બનાવીને ખવડાવી હતી. પણ અમને કોઈ પણ પ્રકારની અસર થઈ નથી.

ચાંદખેડા પોલીસ સ્ટેશનના PI જે. કે. મકવાણાએ જણાવ્યું હતું, 5 એપ્રિલના રોજ વિપુલકુમાર ગૌરીશંકર પ્રજાપતિએ અમને જાણ કરી હતી કે તેમની 3 વર્ષની દીકરી મિશ્રીનું મૃત્યું થયું છે. જે બાબતે અમે પૂછપરછ કરતાં તેમણે કહ્યું હતું કે ગત 1 એપ્રિલના રોજ IOC રોડ પર આવેલી ઘનશ્યામ ડેરીમાંથી ખીરું લીધું હતું.અને તેમાંથી ઢોસા બનાવીને તેમણે પરિવાર સાથે ખાધા હતા. બીજા દિવસે 2 એપ્રિલના રોજ પણ તેમણે અને તેમના પરિવાર એ જ ખીરામાંથી ઢોસા બનાવીને ખાધા હતાં. જેના કારણે ફૂડ પોઈઝનિંગ થતાં પરિવારની તબિયત લથડી હતી. જેની પ્રથમ સામાન્ય સારવાર લીધી હતી. જેનાથી ફર્ક પડી જતા તેઓ પછી આગળ દવાખાને ગયા નહોતા. જોકે પાછળથી તબિયત ખરાબ થતાં તેમણે KD હોસ્પિટલમાં સારવાર લીધી હતી.

PI જે. કે. મકવાણાએ વધુમાં કહ્યું કે, 4 એપ્રિલના રોજ તેની અઢી મહિનાની દીકરીનું અચાનક મૃત્યું થયું હતું. જેની તેમણે પોલીસની જાણ કરી નહોતી અને અંતિમવિધિ પણ કરી નાખી હતી. ત્યાર બાદ તારીખ 5 એપ્રિલના રોજ તેની 3 વર્ષની દીકરી સવારે ઉઠી હતી અને અચાનક ચક્કર આવતા પડી ગઈ હતી. જેને KD હોસ્પિટલ લઈ જવામાં આવતાં ત્યાં તેને મૃત જાહેર કરવામાં આવી હતી. આ અંગે ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે અકસ્માતે મોતનો ગુનો નોંધવામાં આવ્યો છે. મૃત દીકરીનું પેનલ ડૉક્ટરથી પીએમ કરવામાં આવ્યું છે. FSL અને ફૂડ એન્ડ ડ્રગ્સની ટીમને સાથે રાખી મૃતના ઘર તેમજ ઘનશ્યામ ડેરીમાં તપાસ કરી સેમ્પલ લેવામાં આવ્યા છે.

પોલીસે કહ્યું કે, પરિવારને પહેલા ઉલ્ટી અને વીકનેસ લાગતાં દાખલ કરવામાં આવ્યા હતા. પણ સામાન્ય દવાથી સારું લાગતા તેમને રજા આપી દેવામાં આવી હતી. ઘનશ્યામ ડેરીના માલિકની પૂછપરછ હજી ચાલુ છે. આ સિવાય પણ કોઈને આડઅસર થઈ છે કે નહીં તેની તપાસ ચાલુ છે. માતા-પિતા હાલ સારવાર હેઠળ છે એટલે ઉંડાણપૂર્વક પૂછપરછ થઈ શકી નથી.

# જૈન સમાજની પ્રભુત્વ વાળી બે બેઠકો પર ટિકિટને લઈ વિવાદ

## સાબરમતીમાં BJPમાંથી જૈન પુરુષ ઉમેદવાર ઉભો કરવા માગ, પાલડીમાં કોંગ્રેસે લઘુમતી મહિલાને ટિકિટ આપતા ભાજપના પ્રહાર

**અમદાવાદ, તા.06**

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે રાજકીય પાર્ટીઓ દ્વારા ઉમેદવારો જાહેર કરવાની શરૂઆત પણ થઈ ચૂકી છે. કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી દ્વારા ઉમેદવારો જાહેર કરવામાં આવ્યા છે, જ્યારે ભાજપના બાકી છે. આ વચ્ચે જ સાબરમતી અને થલતેડ વોર્ડમાં ટિકિટને લઈ ભાજપમાં આંતરિક વિવાદ જોવા મળી રહ્યો છે. સાબરમતી વોર્ડમાં જૈન સમાજે પુરુષ ઉમેદવારની ટિકિટ આપવા માગ કરી છે. બીજી તરફકોંગ્રેસ દ્વારા 5 એપ્રિલના રોજ મ હા ન ગ ર પા લિ કા ઓ મા ં ઉમેદવારોની જાહેરાત કરવામાં આવી છે, જેમાં પાલડી વોર્ડમાં લઘુમતી સમાજના મહિલાને ટિકિટ આપવામાં આવી છે, જેને લઈને એલિસબ્રિજ વિધાનસભાના ભાજપના ધારાસભ્ય અને પૂર્વ શહેર પ્રમુખ અમિત શાહ દ્વારા સોશિયલ મીડિયામાં પોસ્ટ કરી લખ્યું કે, 'વાહ રે કોંગ્રેસ વાહ, પાલડી વિસ્તારમાં લઘુમતી ઉમેદવાર, અશાંતધારાનો કડક અમલ થશે અને ડંકાની ચોંટે થશે.'

ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા આગામી ત્રણથી ચાર દિવસમાં ઉમેદવારોની જાહેરાત કરવામાં આવશે. અમદાવાદમાં ભાજપમાંથી



ટિકિટ મેળવવા માટે દાવેદારોનો રાફડો ફાટ્યો છે, ત્યારે સાબરમતી વોર્ડમાં સામાન્ય પુરુષ સીટ પરથી જૈન સમાજને ટિકિટ આપવા અંગેની માગ ઉઠી છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યાં મુજબ, સાબરમતી વિસ્તારના જૈન સમાજ દ્વારા ભાજપમાં સામાન્ય સીટ ઉપરથી જૈન સમાજના કોઈ કાર્યકર્તા કે હોદ્દેદારને ટિકિટ આપવા અંગે રજૂઆત કરવામાં આવી છે.

મદાવાદ મહાનગરપાલિકાની 2021ની ચૂંટણીમાં સાબરમતી વોર્ડમાંથી સામાન્ય મહિલા સીટ ઉપરથી જૈન સમાજના મહિલાને ટિકિટ આપવામાં આવી હતી અને તેઓની જીત થઈ હતી. જોકે આ ચૂંટણીમાં જૈન સમાજમાંથી મહિલાની જગ્યાએ પુરુષને ટિકિટ આપવાની માગ ઉઠી છે. સાબરમતી વિસ્તારમાં સામાન્ય સીટ ઉપરથી અને પુરુષ ઉમેદવારમાં સૌથી વધારે પાટીદાર અને જૈન સમાજના મત હોવાના કારણે ભાજપ દ્વારા બંને સમાજના કાર્યકર્તાને ટિકિટ આપવામાં આવે છે. જોકે, ચાલુ વર્ષે જૈન સમાજ દ્વારા પુરુષ ઉમેદવારની માગ કરવામાં આવી છે, જેની પાછળનું કારણ છે કે તેમના સમાજના કામો અને સ્થાનિક લોકોના કામો પુરુષ ઉમેદવાર કરી શકે છે. મહિલા ઉમેદવાર સમય આપી ન શકતા હોવાના કારણે ઉપર સુધી રજૂઆત થતી નથી, જેને લઈને પુરુષ ઉમેદવારની માગ ઉઠી છે.

અમદાવાદ મહાનગરપાલિકાની ચૂંટણીમાં 2500થી વધારે દાવેદારો દ્વારા દાવેદારી નોંધાવવામાં આવી છે, ત્યારે અમદાવાદ મહાનગરપાલિકામાં પૂર્વ કોર્પોરેટરોના નામોની ચર્ચા શહેર સંકલન બેઠકમાં કરવામાં આવી હોવાનું સૂત્રો મુજબ જણાવવામાં આવ્યું છે. જે ઉમેદવારો સ્વચ્છ છબી ધરાવે છે અને નિર્વિવાદિત કોર્પોરેટરોના નામોની ચર્ચા કરવામાં આવી છે. ત્રણ ટર્મ થઈ ચૂકેલા અને 60 વર્ષથી ઉપરના એક પણ ઉમેદવારની ચર્ચા કરવામાં આવી નથી.

સ્થાનિક સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ, થલતેજ વોર્ડમાં ટિકિટને લઈને આંતરિક વિખવાદો સામે આવી રહ્યા છે. થલતેજ વોર્ડમાં તાજેતરમાં યોજાયેલી ભાજપની બેઠક દરમિયાન બિલ્ડરનાં પત્નીને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. મહિલા કાર્યકર્તાએ આ વોર્ડમાંથી પોતાની ઉમેદવારી નોંધાવી છે, પરંતુ પાર્ટી દ્વારા હજુ સુધી તેમના નામની સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. છતાં, બેઠક દરમિયાન કેટલાક કાર્યકરો દ્વારા તેમને આગળ વધીને અભિનંદન આપવામાં આવ્યા હતા. જેનાથી અન્ય કાર્યકરોમાં અસંતોષ ફેલાયો છે. પાલડી વિસ્તારમાં જૈન અને હિન્દુ ધર્મની વસ્તી સૌથી વધારે છે, તેમ છતાં કોંગ્રેસ દ્વારા પાલડી વોર્ડમાંથી લઘુમતી સમાજના મહિલાને ટિકિટ આપવામાં આવતા હવે ભાજપ દ્વારા મુદ્દો ઉભો કરવામાં આવ્યો છે. પાલડી વિસ્તારમાં ધીમે-ધીમે લઘુમતી સમાજનું પ્રભુત્વ વધી રહ્યું છે અને કેટલાક લોકો દ્વારા ત્યાં બાંધકામો ઉભા કરવા અથવા મકાનો ખરીદવામાં આવી રહ્યા હોવાને લઈને ભાજપના ધારાસભ્ય દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે.

અમદાવાદના એલિસબ્રિજ વિધાનસભાના ભાજપના ધારાસભ્ય અને પૂર્વ શહેર પ્રમુખ અમિત શાહે દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ દ્વારા પાલડી વોર્ડમાં મુસ્લિમને ટિકિટ આપવામાં આવી છે, ત્યારે પાલડી વોર્ડમાં 73 હજારથી વધારે હિન્દુ મતદારો અને 4200 જ મુસ્લિમ મતદારો છે. કોંગ્રેસ દ્વારા પાલડી વોર્ડમાં મુસ્લિમ સમાજના મહિલા ઉમેદવારને ટિકિટ આપતા કોંગ્રેસે એક મેસેજ આપ્યો છે કે, અમે તમારી સાથે જ છીએ અને પાલડીને જુહાપુરા બનાવવાના છે. જમાલપુરથી જુહાપુરા વાયા પાલડી વાસણા કરવામાં આવી રહ્યું છે.

# ખેડૂતને 4 લાખના ચેક રીટર્ન કેસમાં સજા:ખંભાત કોર્ટે વત્રાના ખેડૂતને એક વર્ષની કેદ અને દંડ ફટકાર્યો

**આણંદ, તા.06**

ખંભાત તાલુકાના વત્રા ગામના એક ખેડૂતને 4 લાખ રૂપિયાના ચેક રીટર્ન કેસમાં ખંભાતની અદાલતે તકસીરવાર ઠેરવી એક વર્ષની સાદી કેદ અને 10 હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો છે. આ ચુકાદો એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ બી. એચ. ઓડેદરાની કોર્ટે આપ્યો હતો.

ફરિયાદી યોગેશકુમાર ચીમનભાઈ પટેલ અને આરોપી દિનકરભાઈ કાંતિભાઈ પટેલ, જે વત્રા ગામના રહેવાસી છે, તેઓ મિત્રો હતા. દિનકરભાઈને તેમના પુત્ર-પુત્રીને વિદેશ મોકલવા માટે પૈસાની જરૂર પડતાં તેમણે યોગેશકુમાર પાસેથી ત્રણથી ચાર મહિનાના વાયદે 4 લાખ રૂપિયા ઉછીના લીધા હતા.

નિર્ધારિત સમય વીતી ગયા પછી પણ દિનકરભાઈએ પૈસા પરત ન કરતાં યોગેશકુમારે વારંવાર ઉઘરાણી કરી હતી. ત્યારબાદ દિનકરભાઈએ 9 જૂન, 2025ના રોજનો 4 લાખ રૂપિયાનો ચેક લખી આપ્યો હતો. જોકે, આ ચેક બેંકમાં જમા કરાવતા અપૂરતા બેલેન્સને કારણે પરત ફર્યો હતો.

ચેક રીટર્ન થયા બાદ યોગેશકુમારે દિનકરભાઈનો સંપર્ક કર્યો, પરંતુ તેમને સંતોષકારક



જવાબ મળ્યો નહોતો અને લેણી રકમ ચૂકવાઈ નહોતી. આથી, યોગેશકુમારે તેમના વકીલ મારફતે રજિસ્ટર્ડ પોસ્ટ એડી દ્વારા ડિમાન્ડ નોટિસ મોકલી હતી. નોટિસ મળ્યા છતાં પણ ચેકની રકમ પરત ન કરાતા, યોગેશકુમારે તેમના વકીલ પી.બી. રોહિત મારફતે ખંભાત કોર્ટમાં નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ 138 હેઠળ ચેક રીટર્નનો કેસ દાખલ કર્યો હતો.

કોર્ટમાં બંને પક્ષોના વકીલોની દલીલો અને રજૂ કરાયેલા પુરાવાઓને ધ્યાનમાં લીધા બાદ ફરિયાદીના વકીલ પી.બી. રોહિતની દલીલોને ગ્રાહ્ય રાખીને દિનકરભાઈને તકસીરવાર ઠેરવવામાં આવ્યા હતા. અદાલતે તેમને એક વર્ષની સાદી કેદ અને 10 હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. આ ઉપરાંત, ચેકની રકમ ફરિયાદીને વળતર પેટે ચૂકવવાનો આદેશ પણ કર્યો હતો, અન્યથા વધુ ત્રણ માસની કેદની સજા ભોગવવી પડશે. ચુકાદા સમયે આરોપી કોર્ટમાં હાજર ન હોવાથી તેમના વિરુદ્ધ નોન-બેલેબલ વોરંટ ઈશ્યુ કરવાનો પણ નિર્દેશ આપવામાં આવ્યો હતો.

# વઘાસીના પ્રૌઢે લગ્ન જીવનના 42 વર્ષ બાદ પત્નીને માર મારી કાઢી મૂકી......

**આણંદ, તા.06**

આણંદ તાલુકાના વઘાસી રોડ ઉપર આવેલી શક્તિ રેસીડેન્સીમાં રહેતા એક પ્રૌઢે લગ્ન જીવનના 42 વર્ષ બાદ પત્નીને માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી કાઢી મુકતા આ અંગે આજે આણંદ મહિલા પોલીસ મથકે ફરિયાદ દાખલ થઈ છે.

વઘાસી રોડ ઉપર શક્તિ રેસીડેન્સીમાં પૂનમબેન દિલીપભાઈ ભટ્ટ ઉવ 56 રહે છે. બે ત્રણ મહિના સુધી સારું રાખ્યા બાદ પતિ ઘરની નાની નાની બાબતોમાં તથા કામકાજ બાબતે અવારનવાર ઝઘડાઓ કરી મારઝૂડ કરતા હતા.

આ દરમિયાન તેમને બે દીકરા અને એક દીકરીનો જન્મ થયો હતો. ત્યાર પછી પણ પતિ તેમને વારંવાર



ત્રાસ આપતા હતા. 1995 માં તેમના પતિ વિદેશમાં ગયા હતા તેઓ જ્યારે દુબઈથી પરત આવતા ત્યારે પણ તેમને મારઝૂડ કરી ત્રાસ આપતા હતા. સરખી વાતચીત કરતા નહોતા અને ઝઘડો કરી હેરાન પરેશાન કરતા હતા. ઘણી વખત તેઓ પિયર ચાલ્યા જતા ત્યારે પરિવારજનો બંને વચ્ચે સમાધાન કરાવતા હતા.જેમ તેમ કરીને તેઓ પતિ સાથે રહેતા હતા.

2012માં પતિએ ફરી તેમને તથા તેમના દીકરાઓને ત્રાસ આપ્યો હતો જેથી ફરીવાર પણ સમાધાન થઈ ગયું હતું. દરમ્યાન ગત તા. 12 ડિસેમ્બર 2025ના રોજ રાત્રે 9:30 વાગે તેમના પતિ દિલીપભાઈ દારૂ પીને આવ્યા હતા અને ઘરે આવી તેમને કહેવા લાગ્યા તું અત્યારે ને અત્યારે મારા ઘરમાં થી નીકળી જા. તેમ કહી ઝઘડો કર્યો હતો.અને આજે તો તને પતાવી દઉં તેમ કહી લાકડી લઈ તેમને મારમાર્યો હતો. જેથી તેમના હાથે ફેક્ચર થઈ ગયું હતું આ ઉપરાંત તેમના છાતી અને ગુપ્ત ભાગે બેફામ ગડદા પાટુનો માર માર્યો હતો. આખરે પૂનમબેન દિલીપભાઈ ભટ્ટે મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

# નડિયાદમાં SRP ફાટક બંધ, 15000 રહીશો પ્રભાવિત: સ્થાનિકોમાં રોષ, ચૂંટણી બહિષ્કારની ચીમકી ઉચ્ચારી

**નડિયાદ, તા.06**

નડિયાદ શહેરના કપડવંજ રોડ પર SRP કેમ્પની સામે આવેલું રેલવે ફાટક રેલવે વિભાગ દ્વારા અચાનક બંધ કરી દેવામાં આવતા સ્થાનિક રહીશોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. છેલ્લા 40 વર્ષથી કાર્યરત આ ફાટકને કોઈપણ પ્રકારની આગોતરી સૂચના કે નોટિસ આપ્યા વગર રાતોરાત બંધ કરી દેવાતા આ વિસ્તારમાં રહેતા અંદાજે 15000 થી વધુ નાગરિકોની હાલત કફોડી બની છે. ફાટક બંધ થવાને કારણે લોકોને પોતાના ગંતવ્ય સ્થાન સુધી પહોંચવા માટે 3 કિલોમીટરથી વધુનો વધારાનો ફેરો કરવો પડી રહ્યો છે, જેનાથી સમય અને ઈંધણ બંનેનો વ્યય થઈ રહ્યો છે. આ ફાટક સાથે જોડાયેલા



વિસ્તારોમાં 70 થી વધુ રહેણાંક સોસાયટીઓ આવેલી છે. દરરોજ સવારથી સાંજ સુધી અહીંથી હજારોની સંખ્યામાં વાહનોની અવરજવર રહેતી હોય છે. ખાસ કરીને શાળાએ જતા નાના બાળકો, નોકરીયાત વર્ગ અને ગૃહિણીઓ માટે આ ફાટક મુખ્ય માર્ગ હતો. રેલવે તંત્રના આ અણઘડ નિર્ણયને કારણે વિદ્યાર્થીઓ સમયસર શાળાએ પહોંચી શકતા નથી અને સામાન્ય જનતાને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સ્થાનિકોનો આરોપ છે કે વહીવટી તંત્રએ લોકોની સુવિધાનો વિચાર કર્યા વગર જ આ રસ્તો બંધ કરી દીધો છે.

સમગ્ર મામલે સ્થાનિક રહીશ બળદેવસિંહ રાજે જણાવ્યું હતું કે રેલવે વિભાગ દ્વારા ફાટક બંધ કરતા પહેલા વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે સાઈડમાં એક રસ્તો બનાવવામાં આવ્યો છે, પરંતુ આ રસ્તો એટલો સાંકડો છે કે ત્યાંથી માંડ એક ગાડી પસાર થઈ શકે છે. સાંકડા રસ્તાને કારણે સામસામે વાહનો આવી જતાં ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે. તંત્ર દ્વારા માત્ર દેખાડો કરવા ખાતર જ આ કાચો અને સાંકડો રોડ બનાવવામાં આવ્યો હોય તેવું સ્પષ્ટપણે દેખાઈ રહ્યું છે, જે વાહનચાલકો માટે જોખમી સાબિત થઈ રહ્યો છે. રહીશ ભવરસિંહ ગઢવીએ આ મામલે ગંભીર ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે ફાટક બંધ થઈ જવાને કારણે હવે કટોકટીના સમયે એમ્બ્યુલન્સ કે ફાયર બ્રિગેડની ગાડીઓ પણ આ વિસ્તારમાં ઝડપથી પહોંચી શકે તેમ નથી. જો કોઈ મોટી દુર્ઘટના ઘટે અથવા કોઈને તાત્કાલિક સારવારની જરૂર પડે તો તેવા સંજોગોમાં જવાબદારી કોની રહેશે તે મોટો પ્રશ્ન છે. લોકોના જીવ જોખમમાં મૂકીને લેવાયેલા આ નિર્ણય સામે રહીશોમાં ઉગ્ર રોષ છે અને જો વહેલી તકે ફાટક ખોલવામાં નહીં આવે તો આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓનો સંપૂર્ણ બહિષ્કાર કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

# LJ યુનિ.માં ફેલિસિટેશન સેરેમની: સમારંભ દરમિયાન 365 વિદ્યાર્થીઓને 28 લાખની સ્કોલરશિપ એનાયત, અતિથિના પ્રેરણાદાયી પ્રવચન....

**અમદાવાદ, તા.06**

LJIMBA એ સફળતાપૂર્વક એક ભવ્ય ફેલિસિટેશન સેરેમનીનું આયોજન કર્યું, જેમાં તમામ સેમેસ્ટરના વિદ્યાર્થીઓની સિદ્ધિઓનું સન્માન કરવામાં આવ્યું. કાર્યક્રમ દરમિયાન દીપક તમોલીએ કહ્યું કે વિચારો કેવી રીતે ક્રિયાઓને આકાર આપે છે અને અંતે પરિણામોને નક્કી કરે છે. તેમણે ચેતન અને અચેતન મનની કાર્યપ્રણાલી અંગે ઊંડા વિચાર રજૂ કર્યા. સેમેસ્ટર 6ના વિદ્યાર્થીઓને તેમની ઉત્કૃષ્ટ કામગીરી માટે સન્માનિત કરવામાં આવ્યા. જેમાં તેમને 6,45,000ની શૈક્ષણિક સ્કોલરશિપ તેમજ 15,000ના હેકાથોન ઈનામો આપવામાં આવ્યા. પ્રણાલી પટેલે સંબોધનમાં શિસ્ત, સતતતા અને મેનિફેસ્ટેશનના મહત્વ પર ભાર મૂક્યો, જે લાંબા ગાળાની સફળતા માટે આવશ્યક છે. જીતેન્દ્ર લખવાનીએ તેમના ઉદ્યોગસાહસિક સફરના અનુભવો વહેંચ્યા અને કેવી રીતે તેમણે શૂન્યથી સફળ HR કંપની ઉભી કરી તે સમજાવ્યું, જે વિદ્યાર્થીઓને પોતાના સપનાં સાકાર કરવા પ્રેરણા આપે છે. સેમેસ્ટર 4 અને સેમેસ્ટર 8ના વિદ્યાર્થીઓને પણ તેમના સિદ્ધિઓ માટે સંસ્થાની તરફથી સન્માનિત કરવામાં આવ્યા, જેમાં અનુક્રમે 6,70,000 અને 3,90,000ની સ્કોલરશિપ આપવામાં આવી. મયૂર પટેલે વિદ્યાર્થીઓને માત્ર પરિણામ પર નહીં પરંતુ પ્રક્રિયા પર ધ્યાન કેન્દ્રિત કરવાની સલાહ આપી અને ભવિષ્યમાં વિવિધ ક્ષેત્રોમાં કારકિર્દીની તકો વિશે માર્ગદર્શન આપ્યું. કાર્યક્રમ આગળ વધતા સેમેસ્ટર 2ના વિદ્યાર્થીઓને પણ 8,60,000ની સ્કોલરશિપ આપવામાં આવી. સાથે જ બિઝેસ્ટ અને રોડિસ જેવી સહ-પાઠ્યક્રમ પ્રવૃત્તિઓના ભાગ લેનાર વિદ્યાર્થીઓને પણ સન્માનિત કરવામાં આવ્યા.

# શહેરમાં રખડતા ઢોરોનો ત્રાસ લોકો માટે શીરદર્દ: નડિયાદમાં આખલાએ મોપેડને અડફેટે લીધું, ચાલકનો બચાવ....

**નડિયાદ, તા.06**

નડિયાદના યોગીનગર વિસ્તારમાં રવિવારે બે રખડતા આખલાઓ દોડાદોડ કરતા લોકોમાં નાસભાગ મચી ગઈ હતી. આખલાઓએ એક મોપેડને અડફેટે લીધું હતું. જોકે, મોપેડ ચાલક આધેડ મોપેડ છોડીને ભાગી જતાં તેમનો જીવ બચી ગયો હતો.

નડિયાદના યોગીનગર ખાતે રવિવારે બે આખલાઓ વચ્ચે યુદ્ધ થયું હતું. દરમિયાન આખલાઓ દોડતા ત્યાં હાજર લોકોમાં નાસભાગ મચી ગઈ હતી.

આ સમયે ત્યાં આખલાઓના યુદ્ધને કારણે મોપેડ લઈને સાઈડમાં ઉભેલા આધેડ તરફ આખલો દોડતા આધેડ મોપેડ છોડીને સાઈડમાં ખસી જતા જીવ બચી ગયો હતો. શહેરમાં લાંબા સમયથી રખડતા ઢોરોનો ત્રાસ લોકો માટે શીરદર્દ સમાન બન્યો હોવા છતાં મહાનગરપાલિકા દ્વારા કોઈ યોગ્ય ઉકેલ લાવાતો નથી. એજન્સીને માત્ર પૈસા આપતું તંત્ર રખડતા ઢોરોના ત્રાસને નિયંત્રણમાં લાવી શક્યું નથી.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# કેનેડામાં ખાલિસ્તાનીઓએ 100-100 ડોલર આપીને ભાડેથી ભીડ ભેગી કરી

## મંદિરની બહાર હિન્દુ-ભારત વિરોધી નારા લગાવ્યા, બોલ્યા- હરિયાણા-દિલ્હી, બીકાનેર અમારા



જલંધર, તા.06

કેનેડાના બ્રેમ્પટન શહેરમાં ખાલિસ્તાનીઓએ ત્રિવેણી મંદિરની બહાર ભારત વિરુદ્ધ નારા લગાવ્યા. ખાલિસ્તાનીઓના એકઠા થવાથી શહેરમાં 2 કલાક સુધી તણાવપૂર્ણ માહોલ રહ્યો. હિંસક ઘટનાને રોકવા માટે કેનેડા પોલીસનો મોટો કાફલો તહેનાત રહ્યો.

ખાલિસ્તાનીઓએ નારા લગાવતા હરિયાણા-દિલ્હી અને બીકાનેર પર પોતાનો હક ગણાવ્યો. તેમજ, સોશિયલ મીડિયા પર દાવો કરવામાં આવી રહ્યો છે કે આ ખાલિસ્તાન સમર્થકોને પ્રદર્શન માટે ભાડે લાવવામાં આવ્યા હતા.

એક્સ પર એક યુઝર દર્શન મહારાજાએ લખ્યું કે ખાલિસ્તાની આતંકવાદીઓએ લોકોને એકઠા કરવા માટે 100-100 ડોલરની લાલચ આપી. જેના કારણે લગભગ 40 થી 50 લોકોને નારા લગાવવા માટે ઉશ્કેરવામાં આવ્યા.

5 માર્ચની બપોરે જ્યારે મંદિરમાં શ્રદ્ધાળુઓ પૂજા-અર્ચના માટે એકઠા થઈ રહ્યા હતા, ત્યારે બપોરે લગભગ 12 વાગ્યાથી 2 વાગ્યાની વચ્ચે મંદિરની સામેના રસ્તા પર ખાલિસ્તાન સમર્થકો એકઠા થવા લાગ્યા. પ્રતિબંધિત સંગઠન શીખ ફોર જસ્ટિસ (SFJ) એ હિન્દુ મંદિરોની બહાર વિરોધ નોંધાવ્યો.

આ જ પ્રકારનું એક પ્રદર્શન બ્રિટિશ કોલંબિયાના સરે સ્થિત લક્ષ્મી નારાયણ મંદિરની બહાર પણ કરવાનું હતું, પરંતુ ત્યાં ખાલિસ્તાનીઓને પ્રદર્શન કરવા દેવામાં આવ્યું ન હતું.

નજરેજોનારે જણાવ્યું કે પ્રદર્શનમાં લગભગ 40 લોકો હાજર હતા. આ લોકો રસ્તા કિનારે લગાવેલા મેટલ બેરિકેડ્સ પાછળ ઊભા રહીને પીળા ખાલિસ્તાની ઝંડા લહેરાવી રહ્યા હતા. પ્રદર્શનકારીઓના હાથમાં કેટલાક વિવાદાસ્પદ પોસ્ટર પણ હતા, જેના પર વોન્ટેડ લખેલું હતું અને કેટલાક વ્યક્તિઓની તસવીરો પણ હતી.

આ સમગ્ર ઘટનાક્રમમાં સૌથી ચોંકાવનારો વળાંક ત્યારે આવ્યો જ્યારે ઘટનાસ્થળે હાજર વિશ્લેષક અને ફ્રીલાન્સ પત્રકાર દર્શન મહારાજાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર ખુલાસો કર્યો. મહારાજાએ જણાવ્યું કે ત્યાં હાજર એક વ્યક્તિએ ઓફ-કેમેરા તેમને માહિતી આપી કે આ પ્રદર્શનમાં સામેલ થવા માટે દરેક વ્યક્તિને 100 કેનેડિયન ડોલર આપવામાં આવી રહ્યા છે.

આ દાવો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થયો, જેના કારણે આ પ્રદર્શનો પર ગંભીર સવાલો ઉભા થયા છે. ટીકાકારોનું કહેવું છે કે કેનેડામાં ખાલિસ્તાની આંદોલનને જીવંત બતાવવા માટે હવે ભાડેથી ભીડનો સહારો લેવામાં આવી રહ્યો છે.

દર્શન મહારાજાએ કેનેડિયન રાજનીતિ પર કટાક્ષ કરતા કહ્યું કે છેલ્લા 50 વર્ષમાં વોટ અને ડોનેશનના લોભમાં અહીંના નેતાઓએ આવા તત્વોને સંરક્ષણ આપ્યું છે. તેનું જ પરિણામ છે કે આજે આ લોકો બેલગામ બની ગયા છે. પ્રદર્શનની સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને પીલ રિજનલ પોલીસ સતર્ક રહી. મંદિરની આસપાસના રસ્તાઓ પર પોલીસની સફેદ SUV સતત પેટ્રોલિંગ કરી રહી હતી. કોઈપણ સંભવિત ઘર્ષણને રોકવા માટે 100 મીટરનો સેફ્ટી ઝોન બનાવવામાં આવ્યો હતો. પોલીસની સતર્કતાને કારણે કોઈ હિંસા કે ઘોંઘાટ થયો ન હતો.

પ્રદર્શનમાં એક અન્ય રસપ્રદ પાસું એ રહ્યું કે આટલા સંવેદનશીલ મુદ્દા હોવા છતાં કેનેડિયન મીડિયાએ ખાલિસ્તાનીઓને કવરેજ આપ્યું ન હતું. સ્થાનિક હિન્દુ સમુદાયનો આરોપ છે કે કેનેડિયન મીડિયા આવા કિસ્સાઓને ઘણીવાર અવગણે છે.

હિન્દુ કેનેડિયન ફાઉન્ડેશન (HCF) અને ત્રિવેણી મંદિર પ્રશાસને આ પ્રદર્શનની નિંદા કરી છે. સમુદાયના નેતાઓનું કહેવું છે કે પૂજા સ્થળોની બહાર આવા રાજકીય પ્રદર્શનોનો એકમાત્ર હેતુ ભક્તોને ડરાવવા અને શાંતિ ડહોળવાનો છે.

HCFએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે અમે અમારા પૂજા કરવાના અધિકારનું રક્ષણ કરીશું. કોઈપણ પ્રકારની ધમકી કે ઉશ્કેરણીજનક કાર્યવાહી અમને અમારા વિશ્વાસથી પાછળ ધકેલી શકતી નથી. મંદિરે જતા શ્રદ્ધાળુઓએ પણ આ વાત પર નારાજગી વ્યક્ત કરી હતી કે તેમને પોતાના જ પૂજા સ્થળે જવા માટે પોલીસ બેરિકેડ્સ અને વિરોધ પ્રદર્શનોનો સામનો કરવો પડી રહ્યો છે.

ભારતીય અને હિન્દુ યુઝર્સે તેને ISI પ્રાયોજિત ડ્રામા ગણાવ્યો અને 100 ડોલરના દાવા પર કટાક્ષ કરતા કહ્યું કે હવે આ આંદોલનની હકીકત સામે આવી ગઈ છે. શીખ સમુદાયના એક મોટા વર્ગે પણ આ પ્રદર્શનકારીઓથી પોતાને અલગ કરતા કહ્યું કે 20-25 લોકો આખી કોમ્યુનિટીનું પ્રતિનિધિત્વ કરતા નથી અને તેઓ મંદિરનું સંપૂર્ણ સન્માન કરે છે.

જ્યારે, બીજી તરફ કેટલાક પ્રદર્શનકારીઓએ પૈસા મળવાની વાતને સંપૂર્ણપણે નકારી કાઢીને તેને પોતાનો વૈચારિક સંઘર્ષ ગણાવ્યો.

# તમિલનાડુમાં 9 પોલીસકર્મીને ફાંસીની સજા: પિતા-પુત્રને આખી રાત ટોર્ચર કરી ક્રૂરતા આચરી

## 6 વર્ષ પહેલાં કસ્ટડીમાં મૃત્યુ થયું, કોર્ટે 'રેયરેસ્ટ ઓફ રેયર' ગણાવ્યું

તમિલનાડુ, તા.06

તમિલનાડુની મદુરાઈ કોર્ટે સથાનકુલમ કસ્ટોડિયલ ડેથ કેસમાં 9 પોલીસકર્મીઓને મૃત્યુદંડની સજા સંભળાવી છે. કોર્ટે તેને 'રેરેસ્ટ ઓફ રેર' (અતિ દુર્લભ) ગણાવતા અત્યંત ક્રૂરતા અને સત્તાના દુરુપયોગનો મામલો ગણાવ્યો.

આ મામલો 2020માં પિતા-પુત્રના કસ્ટડીમાં થયેલા મૃત્યુ સાથે સંબંધિત છે. છ વર્ષ ચાલેલી સુનાવણી બાદ ફર્સ્ટ એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ જી. મુથુકુમારને તમામ આરોપીઓને હત્યા અને અન્ય કલમો હેઠળ દોષિત ઠેરવ્યા.

કોર્ટે CBIની દલીલ સ્વીકારી કે કસ્ટડીમાં આપવામાં આવેલી યાતના સુનિયોજિત હતી. આખી રાત ટોર્ચર કરવામાં આવ્યું, તેથી મહત્તમ સજા આપવામાં આવી.

વાસ્તવમાં, આ મામલો 19 જૂન 2020નો છે. પોલીસે વેપારી પી. જયરાજ (59) અને તેમના પુત્ર જે. બેનિક્સ (31)ને લોકડાઉન દરમિયાન દુકાન ખુલ્લી રાખવાના આરોપમાં કસ્ટડીમાં લીધા હતા. બંનેને સથાનકુલમ પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા અને પછી ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યા, જ્યાં થોડા જ દિવસોમાં તેમનું મૃત્યુ થયું. પરિજનોએ આરોપ લગાવ્યો હતો કે પોલીસ સ્ટેશનમાં આખી રાત બંને સાથે મારપીટ કરવામાં આવી હતી. તેમના શરીર પર ગંભીર ઈજાના નિશાન અને લોહી વહેવાના સંકેતો મળ્યા હતા.





મદ્રાસ હાઈકોર્ટના નિર્દેશ પર તપાસ રાજ્યની CB-CID પાસેથી લઈને CBIને સોંપવામાં આવી. એજન્સીએ એક ઈન્સ્પેક્ટર, બે સબ-ઈન્સ્પેક્ટર અને અન્ય પોલીસકર્મીઓ સહિત 10 આરોપીઓની ધરપકડ કરી તેમના વિરુદ્ધ હત્યાનો કેસ દાખલ કર્યો. તપાસ દરમિયાન એક મહિલા કોન્સ્ટેબલે નિવેદન આપ્યું કે પિતા-પુત્રને આખી રાત માર મારવામાં આવ્યો હતો અને પોલીસ સ્ટેશનમાં ટેબલ અને લાકડીઓ પર લોહીના નિશાન હતા. આ જુબાની કેસમાં મહત્વપૂર્ણ પુરાવો બની.

તપાસમાં એ પણ સામે આવ્યું કે સથાનકુલમ પોલીસ સ્ટેશનના CCTV ફૂટેજ સુરક્ષિત રાખવામાં આવ્યા ન હતા. રેકોર્ડિંગ દરરોજ આપમેળે ડિલીટ થઈ જતું હતું, જેના કારણે મહત્વપૂર્ણ પુરાવા મળી શક્યા નહીં.

દોષિત ઠેરવવામાં આવેલા પોલીસકર્મીઓમાં ઈન્સ્પેક્ટર એસ. શ્રીધર, સબ-ઈન્સ્પેક્ટર પી. રઘુ ગણેશ અને કે. બાલકૃષ્ણન, હેડ કોન્સ્ટેબલ એસ. મુરુગન અને એ. સમદુરાઈ, તથા કોન્સ્ટેબલ એમ. મુથુરાજ, એસ. ચેલદુરાઈ, એક્સ. થોમસ ફ્રાન્સિસ અને એસ. વેલુમુથુનો સમાવેશ થાય છે. આ કેસમાં 10મા આરોપી સ્પેશિયલ સબ-ઈન્સ્પેક્ટર પૌલદુરાઈનું ટ્રાયલ દરમિયાન કોવિડથી મૃત્યુ થયું હતું.

# એક ચિતા પર બે સહેલીના અંતિમ સંસ્કાર: જેઠીબાઈની વિદાયના આઘાતમાં ભીખીબાઈએ 5 કલાકમાં પ્રાણ છોડ્યા

## પહેલાં જે પણ જશે બીજીને સાથે લેતી જશેનું સાથે મરવાનું વચન પૂરું કર્યું

પાલી, તા.06

મિત્રતાના ઉદાહરણો તો ઘણા સાંભળ્યા હશે, પરંતુ રાજસ્થાનના પાલી જિલ્લાના તખતગઢમાં જે બન્યું, તેણે દરેકની આંખો ભીની કરી દીધી. અહીં વર્ષો જૂની બે સહેલીઓએ પોતાની મિત્રતાને મૃત્યુ પછી પણ તૂટવા દીધી નહીં. એક સહેલીનું મૃત્યુ થયું, તો બીજી આ આઘાત સહન કરી શકી નહીં અને 5 કલાકની અંદર તેણે પણ પ્રાણ ત્યાગી દીધા. રવિવારે એક જ ચિતા પર બંનેના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા. કહેલું સાચું પડ્યું : પહેલા કોઈ પણ જાય, બીજીને પોતાની સાથે લઈને જાય પાલીથી લગભગ 78 કિમી દૂર તખતગઢના નાગચોક વિસ્તારમાં જે બન્યું, તે લોકો વર્ષો સુધી યાદ રાખશે. દેવાસીઓની ગલીમાં રહેતી જેઠીબાઈ (પત્ની સ્વ. માલારામ કલબી) અને તેમના પાડોશી ભીખીબાઈ (પત્ની સ્વ. ભૂરારામ કલબી) વચ્ચે દાયકાઓ જૂની મિત્રતા હતી. મોહલ્લાના લોકો જણાવે છે કે બંને અવારનવાર મજાકમાં કહેતી હતી કે- જો અમારામાંથી કોઈ પહેલા જાય, તો બીજીને પણ પોતાની સાથે જ લઈને જાય. નિયતિએ આ વાતને સાચી ઠેરવી. 4 એપ્રિલે જેઠીબાઈની તબિયત બગડી અને રાત્રે તેમનું નિધન થયું. 5 એપ્રિલની સવારે જેવી સહેલીના મૃત્યુના સમાચાર ભીખીબાઈ સુધી પહોંચ્યા, તેઓ ઊંડા આઘાતમાં સરી પડ્યા. આઘાત એટલો ઊંડો હતો કે તે જ દિવસે સવારે લગભગ 8 વાગ્યે તેમણે પણ અંતિમ શ્વાસ લીધા. બપોરના સમયે આખા કસબામાં સમાચાર ફેલાતા જ શોક છવાઈ ગયો. બંને પરિવારોએ મળીને નિર્ણય લીધો કે જ્યારે તેઓ સાથે રહ્યા, તો વિદાય પણ સાથે જ થશે. સેંકડો ભીની આંખો વચ્ચે એક જ ચિતા પર વિદાય ગોગરા રોડ સ્થિત સ્મશાન ઘાટ પર 5 એપ્રિલની બપોરે એક દુર્લભ દ્રશ્ય જોવા મળ્યું. બે અર્થીઓ એક સાથે ઉઠી અને બંને સહેલીઓના અંતિમ સંસ્કાર એક જ ચિતા પર કરવામાં આવ્યા. સ્મશાન ઘાટમાં હાજર સેંકડો લોકો આ સંયોગ અને મિત્રતા જોઈને ભાવુક થઈ ગયા. આખી સોસાયટીમાં પ્રખ્યાત હતી મિત્રતા ભીખીબાઈના પુત્ર હંસારામ કહે છે- બે દિવસ પહેલા માતાના પગમાં દુખાવો હતો, પરંતુ જેવી તેમને પોતાની સહેલી જેઠીબાઈના અવસાનની જાણ થઈ, તેઓ આ દુઃખ સહન કરી શક્યા નહીં. તેમની મિત્રતા આખી સોસાયટીમાં પ્રખ્યાત હતી.

# કેજરીવાલના ઘર ભાડાના વચન પર હાઈકોર્ટે આદેશ પલટાવ્યો: કહ્યું- મીડિયામાં આપેલું નિવેદન લાગુ કરવા યોગ્ય નથી, હવે વર્તમાન સરકાર નક્કી કરે.....

નવી દિલ્હી, તા.06

દિલ્હી હાઈકોર્ટે 2021ના એક સિંગલ જજના આદેશને પલટી દીધો છે. તે આદેશમાં કહેવામાં આવ્યું હતું કે COVID-19 લોકડાઉન દરમિયાન પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ગરીબોના ભાડાની ચુકવણી કરવાની ઘોષણા કાયદેસર રીતે લાગુ કરવા યોગ્ય હતી.

જસ્ટિસ સી હરિ શંકર અને જસ્ટિસ ઓમ પ્રકાશ શુક્લાની ડિવિઝન બેન્ચે કહ્યું કે પ્રેસ કોન્ફરન્સમાં આપેલા નિવેદનને કાયદેસરનું વચન માની શકાય નહીં, જેને અદાલતો લાગુ કરાવી શકે.

કોરોના લોકડાઉનના સમયે અરવિંદ કેજરીવાલે 29 માર્ચ 2020ના રોજ એક પ્રેસ કોન્ફરન્સ કરી હતી. તેમણે મકાનમાલિકોને કહ્યું કે તેઓ ગરીબ અને નિર્ધન ભાડૂતો પાસેથી ભાડું ન માંગે.

ત્યારબાદ 5 દૈનિક મજૂરો કોર્ટ પહોંચ્યા. તેમણે અરજીમાં દાવો કર્યો હતો કે કેજરીવાલ સરકારે લોકડાઉનમાં ભાડું ન ચૂકવી શકનારાઓનું ભાડું ભરવાનું વચન આપ્યું હતું.

જુલાઈ 2021માં સિંગલ જજ બેન્ચે કેજરીવાલ સરકારને તેને લાગુ ન કરવાનું કારણ પૂછ્યું. જેના વિરુદ્ધ તેઓ હાઈકોર્ટ પહોંચી હતી.

ડિવિઝન બેન્ચે સપ્ટેમ્બર 2021ના રોજ સિંગલ-જજના આદેશ પર રોક લગાવી દીધી હતી, જેને આજે રદ કરી દીધો.

29 માર્ચ 2020 ના રોજ મુખ્યમંત્રીની ઘોષણાને લાગુ કરવાની માગ કાયદાની દ્રષ્ટિએ યોગ્ય નથી અને તેથી તેને ફગાવી દેવામાં આવે છે.



આ વચન કોઈપણ સરકારી આદેશનો ભાગ નહોતું, તે જ દિવસે જાહેર કરાયેલા દિલ્હી ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (DDMA) ના આદેશનો પણ નહીં. આ આદેશને ક્યારેય પડકારવામાં પણ આવ્યો નહોતો.

જોકે, મકાનમાલિકો સ્થળાંતરિત ભાડૂતો પાસેથી તે સમયનું ભાડું માંગી શકતા નથી, જ્યારે તેઓ COVID-19 લોકડાઉનને કારણે તેમના ભાડાના ઘરોમાંથી બહાર નીકળી શકતા ન હતા. આ રાહત ફક્ત લોકડાઉન માટે છે અને તે પછી લાગુ પડશે નહીં.

હાઈકોર્ટે સુનાવણી દરમિયાન કહ્યું કે દિલ્હી સરકાર આ અંગે કોઈ પણ નીતિગત નિર્ણય લેવા માટે સ્વતંત્ર છે. તે ચાહે તો ભાડું આપીને મજૂરોની મદદ કરે કે ન કરે. પરંતુ અદાલત સરકારને આવું કરવા માટે મજબૂર કરી શકતી નથી. અદાલતે કહ્યું કે આવા વાયદાના ખર્ચ અને જનતા પર અસરને લઈને કંઈ પણ સ્પષ્ટ નથી અને એવું લાગે છે કે આ નિવેદન કોઈ ઈમરજન્સીમાં આપવામાં આવ્યું હતું.

મામલો 22 જુલાઈ 2021ના સિંગલ જજ આદેશ સાથે જોડાયેલો છે. તેમાં કહેવામાં આવ્યું હતું કે મુખ્યમંત્રીના વાયદાને લાગુ કરી શકાય છે. બેન્ચે સરકારને નિર્ધારિત સમય-સીમામાં નીતિ બનાવવાનો નિર્દેશ આપ્યો હતો.

આ આદેશ 5 દૈનિક મજૂરોની અરજી પર આપવામાં આવ્યો હતો. તેઓ લોકડાઉનમાં ભાડું ચૂકવી શક્યા ન હતા અને ઈચ્છતા હતા કે સરકાર મુખ્યમંત્રીની ઘોષણા પૂરી કરે.

દિલ્હી સરકારે સિંગલ જજ બેન્ચના આદેશને પડકારતા કહ્યું હતું કે આ નિવેદન મકાનમાલિકોને માત્ર એક અપીલ હતી કે તેઓ ભાડૂતો પર ભાડું ચૂકવવા દબાણ ન કરે, નહીં કે કોઈ પાક્કો વાયદો. સરકારે દલીલ કરી હતી કે તેણે તો માત્ર એટલું જ કહ્યું હતું કે જો જરૂર પડશે, તો તે આ મામલે વિચાર કરશે.

# ઈરાનના સૌથી મોટા ગેસ ફિલ્ડ પર ઈઝરાયલનો હુમલો: ટ્રમ્પે અહીં એટેક કરવાની ના પાડી હતી; જોર્ડનમાં અમેરિકી લશ્કરી બેઝ પાસે વિસ્ફોટ...

તેહરાન, તા.06

ઈઝરાયલે સોમવારે ઈરાનની સાઉથ પાર્સ ગેસ ફિલ્ડ પર ફરીથી મિસાઈલ હુમલો કર્યો છે. આ વિશ્વની સૌથી મોટું ગેસ ફિલ્ડ છે, જે ઈરાન અને કતાર વચ્ચે ફેલાયેલું છે. આ અગાઉ ઈઝરાયલે 18 માર્ચે પણ આ ગેસ ફિલ્ડ પર હુમલો કર્યો હતો. ત્યારે અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું હતું કે તેમને આ હુમલા અંગે કોઈ જાણકારી નહોતી. તે સમયે ટ્રમ્પે એમ પણ કહ્યું હતું કે આ પ્રકારના વધુ હુમલા થવા જોઈએ નહીં. બીજી તરફ, આજે જોર્ડનમાં અમેરિકી સૈન્ય મથક પાસે પણ ધડાકાના અવાજ સાંભળવા મળ્યા હતા. રિપોર્ટ્સ અનુસાર, આ હુમલો અમેરિકી મથકોને નિશાન બનાવીને કરવામાં આવ્યો હતો.

હોર્મુઝ સ્ટ્રેટને લઈને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ધમકી પર ઝિમ્બાબ્વે સ્થિત ઈરાની દૂતાવાસે કટાક્ષભર્યા અંદાજમાં જવાબ આપ્યો છે. દૂતાવાસે કહ્યું કે 'હોર્મુઝ સ્ટ્રેટની ચાવી ખોવાઈ ગઈ છે.'

ટ્રમ્પે ઈરાનને અલ્ટીમેટમ આપ્યું છે કે તે આ દરિયાઈ માર્ગને તાત્કાલિક ખોલી દે, અન્યથા તેણે ગંભીર સૈન્ય કાર્યવાહીનો સામનો કરવો પડશે. તેના પાવર પ્લાન્ટ્સ અને પુલો પર હુમલો કરવામાં આવશે અને ઈરાનને નર્ક બનાવી દેવામાં આવશે.

ઈઝરાયલી હુમલાઓથી બચવા માટે દક્ષિણ લેબનાનના હજારો લોકો હવે પહાડી વિસ્તારોમાં આશરો લઈ રહ્યા છે.

અનેક શાળાઓને કામચલાઉ રાહત શિબિરોમાં ફેરવી દેવામાં આવી છે, જ્યાં પરિવારો અત્યંત મુશ્કેલ પરિસ્થિતિઓમાં રહી રહ્યા છે. રાહત એજન્સીઓના જણાવ્યા અનુસાર, જગ્યાના અભાવે ઘણા લોકોને શેલ્ટરમાં સ્થાન પણ મળી રહ્યું નથી. ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ જણાવ્યું છે કે તેમની સેનાએ એક મોટા ઓપરેશનમાં ઈરાનના બે મહત્વના સૈન્ય અધિકારીઓને ઠાર કર્યા છે. આ બંને અધિકારીઓમાં એક IRGC સાથે જોડાયેલા અસગર બકરી અને બીજા ઈરાનની ગુપ્તચર એજન્સીના વડા માજિદ ખદેમી છે.

ઈઝરાયલનું કહેવું છે કે આ બંને અધિકારીઓ વિશ્વભરમાં ઈઝરાયલી અને યહૂદી લોકો પર હુમલાના કાવતરામાં સામેલ હતા.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ આજે એક મહત્વપૂર્ણ પ્રેસ કોન્ફરન્સ કરવાના છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ટ્રમ્પ આ દરમિયાન સેનાના ઉચ્ચ અધિકારીઓ સાથે જોવા મળશે અને તાજેતરમાં કરવામાં આવેલા એક રેસ્ક્યુ ઓપરેશન વિશે પણ વાત કરી શકે છે.

આ ઓપરેશનમાં અમેરિકાએ તેના એક ફાઈટર જેટના ક્રૂ મેમ્બરને સુરક્ષિત રીતે બહાર કાઢ્યો હતો. ટ્રમ્પ આ પ્રેસ કોન્ફરન્સમાં ઈરાનને લઈને પોતાની આગામી વ્યૂહરચના વિશે પણ માહિતી આપી શકે છે.

મિડિલ ઈસ્ટમાં ચાલી રહેલા તણાવ છતાં ભારત માટે રાહતના સમાચાર છે. સરકારે જણાવ્યું છે કે LPG લઈને આવી રહેલા ભારતના બે જહાજો સુરક્ષિત રીતે હોર્મુઝ સ્ટ્રેટ પસાર કરી ચૂક્યા છે અને ટૂંક સમયમાં ભારત પહોંચશે.

આ જહાજોના નામ ગ્રીન સાધ્વી અને ગ્રીન આશા છે. આ બંનેમાં મળીને કુલ 60 હજાર ટનથી વધુ ગેસ છે. ગ્રીન સાધ્વી 7 એપ્રિલ અને ગ્રીન આશા 9 એપ્રિલ સુધીમાં ભારત પહોંચી શકે છે.

સરકારના જણાવ્યા અનુસાર, બંને જહાજો સંપૂર્ણપણે સુરક્ષિત છે અને તેમાં ભારતીય નાવિકો પણ સવાર છે. એક જહાજમાં આશરે 46 હજાર ટન અને બીજામાં લગભગ 15 હજાર ટન ગેસ છે.

અધિકારીઓએ એમ પણ જણાવ્યું કે અત્યારે તે વિસ્તારમાં ભારતના 16 જહાજો હાજર છે, જેમાં 400થી વધુ ભારતીયો કામ કરી રહ્યા છે. સારી વાત એ છે કે અત્યાર સુધી કોઈ પણ ભારતીય જહાજ સાથે કોઈ અકસ્માત કે દુર્ઘટના ઘટી નથી.

ઈઝરાયલે સોમવારે ઈરાનની સાઉથ પાર્સ ગેસ ફિલ્ડ પર ફરીથી મિસાઈલ હુમલો કર્યો છે. આ



વિશ્વની સૌથી મોટું ગેસ ફિલ્ડ છે, જે ઈરાન અને કતાર વચ્ચે ફેલાયેલું છે. આ અગાઉ ઈઝરાયલે 18 માર્ચે પણ આ ગેસ ફિલ્ડ પર હુમલો કર્યો હતો. ત્યારે અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું હતું કે તેમને આ હુમલા અંગે કોઈ જાણકારી નહોતી. તે સમયે ટ્રમ્પે એમ પણ કહ્યું હતું કે આ પ્રકારના વધુ હુમલા થવા જોઈએ નહીં. ઈઝરાયલના રમત ગન શહેરમાં ઈરાની મિસાઈલોને કારણે ભારે નુકસાન થયું છે. હુમલા બાદ સુરક્ષા અને રાહત-બચાવ ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. તસવીરો અને મીડિયા રિપોર્ટ્સ અનુસાર, મિસાઈલ અથડાવાને કારણે ઈમારતો અને આસપાસના વિસ્તારોને વ્યાપક નુકસાન પહોંચ્યું છે.

લદ્દાખના લેહમાં લોકોએ ઈરાનના લોકોની મદદ માટે અનોખી રીતે પૈસા એકઠા કર્યા છે. અહીં એક ઈંડાની હરાજી કરવામાં આવી હતી, જેને 25 હજાર રૂપિયામાં ખરીદવામાં આવ્યું હતું.

આ ઈંડું સ્થાનિક રહેવાસી શબીર હુસૈને ખરીદ્યું હતું. તેમણે જણાવ્યું કે સામાન્ય રીતે ઈંડાની કિંમત માત્ર 10 રૂપિયા હોય છે, પરંતુ તેમણે વધુ પૈસા એટલા માટે આપ્યા જેથી એક સંદેશ આપી શકાય. શબીર હુસૈને જણાવ્યું કે ઈરાનમાં ખાસ કરીને બાળકોની હાલત જોઈને તેમને દુઃખ થયું, તેથી તેમણે આ પગલું ભર્યું. આ માત્ર ખરીદી નથી, પરંતુ ત્યાંના લોકો માટે સમર્થન દર્શાવવાની એક રીત છે.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ક્યારેક કહે છે કે યુદ્ધ સમાપ્ત થઈ ગયું છે, આપણે જીતી ગયા છીએ. બીજા દિવસે કહે છે કે યુદ્ધ 3 અઠવાડિયા વધુ ચાલશે. ક્યારેક કહે છે કે ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનને તેમની પત્ની તેમને મારે છે, તો ક્યારેક ભારતીય પીએમ નરેન્દ્ર મોદીના રાજકીય કારકિર્દી પર નિવેદન આપે છે.

ઈરાને કુવૈતમાં આવેલા અમેરિકી સૈન્ય મથકોને નિશાન બનાવીને મિસાઈલો અને ડ્રોન હુમલા કર્યા છે. ઈરાને દાવો કર્યો છે કે આ હુમલામાં અમેરિકી હેલિકોપ્ટર હેંગર અને સૈનિકોના રહેણાંક સ્થળોને ભારે નુકસાન પહોંચ્યું છે.

ઈરાની પક્ષે એમ પણ જણાવ્યું હતું કે આ હુમલો પાછલા દિવસે થયેલા હુમલાઓના જવાબમાં કરવામાં આવ્યો છે અને દુશ્મનને સખત પાઠ ભણાવવામાં આવશે.

આંતરરાષ્ટ્રીય પરમાણુ ઉર્જા એજન્સી (IAEA) એ ઈરાનના બુશેહર ન્યુક્લિયર એનર્જી પ્લાન્ટ પાસે હુમલાની પુષ્ટિ કરી છે. જોકે, એજન્સીએ એ પણ સ્પષ્ટ કર્યું છે કે પ્લાન્ટને સીધું કોઈ નુકસાન પહોંચ્યું નથી. IAEA એ સેટેલાઈટ તસવીરો અને ટેકનિકલ માહિતીના આધારે જણાવ્યું કે એક હુમલો પ્લાન્ટની સીમાથી માત્ર 75 મીટરના અંતરે થયો હતો. આ અગાઉ ઈરાને ચેતવણી આપી હતી કે જો આવા હુમલા ચાલુ રહેશે, તો તેનાથી રેડિયોએક્ટિવ લીક થવાનું જોખમ વધી શકે છે, જે માત્ર ઈરાન જ નહીં પરંતુ સમગ્ર ક્ષેત્ર માટે વિનાશક સાબિત થઈ શકે છે.

ઈરાનની રાજધાની તેહરાનમાં થયેલા અમેરિકી-ઈઝરાયલી હવાઈ હુમલામાં ઓછામાં ઓછા 15 લોકોના મોત થયા છે, જ્યારે અનેક લોકો ઘાયલ હોવાનું જાણવા મળી રહ્યું છે. આ હુમલો બહારિસ્તાન વિસ્તારમાં થયો હતો, જ્યાં રહેણાંક વિસ્તારોને ભારે નુકસાન પહોંચ્યું છે. રિપોર્ટ્સ મુજબ, હુમલામાં ચાર મકાનો સંપૂર્ણપણે તબાહ થઈ ગયા છે, જ્યારે 40થી વધુ ઘરો અને ગાડીઓને નુકસાન પહોંચ્યું છે. હુમલા બાદ રાહત અને બચાવ કામગીરી માટેની ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી અને ઘાયલોને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

ઈરાને ડોનાલ્ડ ટ્રમ્પની તે ધમકીઓની આકરી ટીકા કરી છે, જેમાં તેમણે વીજળી મથકો અને પુલો જેવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર હુમલો કરવાની વાત કહી છે. ઈરાને તેને યુદ્ધ અપરાધ ગણાવ્યો છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બાઘાઈએ જણાવ્યું હતું કે આ પ્રકારની ધમકીઓ આંતરરાષ્ટ્રીય કાયદાની વિરુદ્ધ છે. કોઈપણ દેશના પાયાના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવવું એ ખોટું છે.

તેમણે એવી ચેતવણી પણ આપી હતી કે જો અન્ય કોઈ દેશ અમેરિકાનો સાથ આપીને આવા હુમલાઓમાં મદદ કરશે, તો તેને પણ જવાબદાર માનવામાં આવશે.

ઈઝરાયલના શહેર પેટાહ ટિકવામાં સોમવાર સવારે ઈરાનના મિસાઈલ હુમલા દરમિયાન થયેલા વિસ્ફોટનો એક વીડિયો સામે આવ્યો છે. આ હુમલામાં એક મહિલા ગંભીર રીતે ઘાયલ થઈ છે.

ઈરાન યુદ્ધ રોકવા માટે સીઝફાયરના પ્રસ્તાવ રજૂ કર્યાના સમાચાર પર પાકિસ્તાને કોઈ પણ નિવેદન આપવાનો ઈનકાર કરી દીધો છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા તાહિર અંદ્રાબીએ જણાવ્યું કે આ પ્રકારના ખાસ મામલાઓ પર નિવેદન આપવું યોગ્ય નથી. તેમણે માત્ર એટલું જ કહ્યું કે શાંતિ પ્રક્રિયા ચાલુ છે અને અલગ-અલગ સ્તરો પર પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ઈરાને અમેરિકાના 15 પોઈન્ટનો શાંતિ પ્રસ્તાવને ફગાવી દીધો છે. ઈરાને જણાવ્યું કે આ પ્લાનમાં માંગણીઓ ખૂબ જ વધારીને રજૂ કરવામાં આવી છે અને તેને યોગ્ય રીતે વિચારી-સમજીને બનાવવામાં આવ્યો નથી.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બાઘાઈએ જણાવ્યું કે આ પ્રસ્તાવ અલગ-અલગ દેશો દ્વારા ઈરાન સુધી પહોંચ્યો હતો, પરંતુ તેમાં એવી ઘણી શરતો છે જે તેઓ સ્વીકારી શકે તેમ નથી. તેમણે એમ પણ કહ્યું કે ઈરાને પોતાની તરફથી પણ કેટલીક શરતો તૈયાર કરી લીધી છે, જે યોગ્ય સમય આવ્યે જણાવવામાં આવશે.

## તંત્રી લેખ

# કરોડોનું બજેટ ધરાવતી સરકારી હોસ્પિટલોમાં લાલિયાવાડી ચાલે છે

તાજેતરમાં મહારાષ્ટ્રના વસઈ-વિરાર સિટી મ્યુનિસિપલ કોર્પોરેશનની હોસ્પિટલમાંથી એક્સપાયર્ડ દવાનો જથ્થો પકડાતા મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડનવીસે તપાસનો આદેશ આપ્યો છે. ગુજરાતમાં પણ ૪ કરોડની દવાઓ એક્સપાયર્ડ થઇ ગઇ તે હેલ્થ કર્મચારીઓની બેદરકારી જ દર્શાવે છે.

સરકારી હોસ્પિટલોમાં જ્યારે એક્સપાયર્ડ (વાપરવાની વીતી ગયેલી તારીખવાળી) દવાઓનો ઢગલો મળી આવે ત્યારે હોસ્પિટલોના વહીવટકારોની જવાબદારી નક્કી થવી જોઈએ.

મેડિકલ ક્ષેત્રે નવાં સંશોધનો સતત થતા રહે છે. હવે તો આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારીત મેડિકલ સંશોધનો પણ થાય છે. ઓનલાઈન ડોક્ટરી સલાહ અપાય છે, દવાઓ આસાનીથી ઓનલાઈન ઓર્ડર કરી શકાય છે, પરંતુ મેડિકલ સવલતો આપતી સરકારી હોસ્પિટલોની લાલિયાવાડીનો ઉકેલ હજુ સુધી સરકારને મળ્યો નથી, અથવા તો કદાચ સરકાર જ આ લાલિયાવાડી ચાલવા દે છે. લોકો માટે અસરકારક તબીબી તંત્ર ઉપલબ્ધ હોય તે પ્રાથમિક જરૂરીયાત છે, પરંતુ લોકોને આરોગ્ય સંબંધિત આધુનિક સવલતો મળી રહે તે બાબતમાં સરકારને બહુ રસ હોય એમ લાગતું નથી.

પ્રાઈવેટ હોસ્પિટલો, સરકારી હોસ્પિટલોની સરખામણીમાં બહુ ખર્ચાળ હોય છે, છતાં લોકો ત્યાં સારવાર લેવાનો આગ્રહ રાખે છે. આરોગ્યના મામલામાં લોકો પૈસાને નહીં, પણ અસરકારક સારવારને પ્રાધાન્ય આપે છે. પ્રાઈવેટ હોસ્પિટલોના પેરા મેડિકલ સ્ટાફનો પગાર સરકારી હોસ્પિટલોના સ્ટાફ કરતાં લગભગ અડધો હોવા થતાં તેમના કામમાં ચોક્સાઈ જોવા મળે છે.

સરકારી હોસ્પિટલોના તગડા બજેટ કરતાં અડધા બજેટમાં ચાલતી પ્રાઈવેટ હોસ્પિટલો કમાણી પણ કરે છે અને લોકોને અસરકારક સારવાર પણ આપે છે. કેન્દ્ર અને રાજ્યમાં બહુમતીવાળી સરકાર હોવા છતાં સરકારી હોસ્પિટલોને કોર્પોરેટ હોસ્પિટલો જેવો સ્પર્શ આપી શકી નથી. કમનસીબી તો એ વાતની છે કે સરકારી હોસ્પિટલો કે નાનાં સારવાર કેન્દ્રોની વધતી સંખ્યા સરકાર ગણાવ્યા કરે છે, પરંતુ ત્યાં અપાતી સારવારની ગુણવત્તા, સ્વચ્છતાનો અભાવ, ડોક્ટરો વગેરેની કામગીરી વગેરેની ભાગ્યે જ સમીક્ષા થાય છે. હોસ્પિટલો હીલીંગ સિસ્ટમનો ભાગ છે. વ્યક્તિ જ્યારે પોતાના સ્વજનને લઈને હોસ્પિટલ પહોંચે છે ત્યારે તે થોડો હાશકારો અનુભવે છે, કેમ કે તેમની દર્દીની જવાબદારી ડોક્ટરો તેમજ સ્ટાફ ઉપાડી લે છે. કેટલીક સરકારી હોસ્પિટલો કોર્પોરેટ હોસ્પિટલો કરતાં પણ વધુ સારી અને સસ્તી સારવાર આપે છે, પરંતુ લોકોના મનમાંથી સરકારી હોસ્પિટલો લગભગ ઉતરી ગઇ છે. સરકારે હેલ્થકેર માટે પાંચ લાખની સારવાર જેવી ફ્રી સવલતો આપી છે જે આવકાર્ય છે, પરંતુ સમગ્રપણે સરકારી હેલ્થ સેક્ટરમાં આમૂલ પરિવર્તનની જરૂર છે.

સરકારી હોસ્પિટલોમાં ભીડ હોય, દર્દીઓએ કલાકો સુધી બેસી રહેવું પડે, દવાઓની અછત હોય, સ્ટાફની શોર્ટેજ હોય, સ્ટાફ દર્દીના સંબંધીઓ સાથે દાદાગીરી કે ઝગડા કરતો હોય, ચારે બાજુ ગંદકી હોય... આવી ફરિયાદો રોજીંદી બની ગઇ છે.

કોર્પોરેટ હોસ્પિટલોની સિક્યોરિટી સિસ્ટમને માન આપતી પ્રજા પ્રાઈવેટ હોસ્પિટલોમાં સિક્યોરિટી સ્ટાફ સાથે મારામારી કરતી નજરે પડે છે. સરકારી હોસ્પિટલોમાં અપાતી મફત કે સસ્તા દરની સારવારને પ્રજાનો પૂરો સાથ મળતો નથી. તાજેતરમાં દિલ્હીની સરકારે હેલ્થ બજેટમાં વધારો કર્યો છે. અહીં સ્ટાફની અછત ૨૭ ટકા જેટલી છે. કેન્દ્ર સરકારે પણ ૨૦૨૬-૨૭ના બજેટમાં હેલ્થ અને ફેમિલી વેલફેર માટેના બજેટમાં ૧૦ ટકાનો વધારો કર્યો છે.

ભારતમાં ૧,૦૦૦ લોકોની સામે ૧.૪ હોસ્પિટલો છે. ગામડાંમાં લોકોને સ્પેશિયલિસ્ટ ડોક્ટરો મળતા જ નથી એટલે તેમને સારવાર માટે ફરજિયાતપણે શહેરમાં આવવું પડે છે. કેટલાક સેવાભાવી લોકોએ મફત સારવાર આપતી હોસ્પિટલો ઊભી કરી છે, જ્યાં દર્દી તેમજ તેમના સંબંધીઓને રહેવા-જમવાની સવલતો અપાય છે. અહીં તમામ સારવાર મફત આપે છે.

ઈરાને કહ્યું છે કે, તેઓ મેટા, ગુગલ, એપલ, માઈક્રોસોફ્ટ, એમેઝોન જેવી મોટી કંપનીઓના ડેટા બેઝ પર હુમલો કરશે. બહેરીનમાં કુલ ૧૮ અમેરિકન ટેક કંપનીઓ ઈરાનના ટાર્ગેટ પર હોવાની વિગતો પણ સામે આવી છે. આ ડેટા સેન્ટર પર હુમલો થશે તો માત્ર એમેઝોન જ નહીં, પંરતુ વિશ્વની અનેક વેબ સર્વિસ ઠપ થઈ શકે છે. તેના દ્વારા તેની સાથે સંકળાયેલા અનેક ઉદ્યોગો અને કાર્યો ખોરવાઈ જશે : અમેરિકી મિલિટરી, એરફોર્સ, નેવી તમામ સેક્ટર એડવાન્સ એઆઈ સિસ્ટમ ઉપર આધારિત છે. તેના દ્વારા ડિસિઝન મેકિંગ સપોર્ટ, ઈન્ટેલિજન્સ એનાલિસિસ, ઓપરેશનલ પ્લાનિંગ જેવી કામગીરીઓ થતી હોય છે. તેમાંય અમેરિકાએ શરૂઆતમાં ક્લોડ એઆઈની મદદથી જ ઈરાનના મહત્ત્વના ઠેકાણાઓ, અધિકારીઓ, નેતાઓના ઠેકાણાઓ શોધીને તેને ધ્વસ્ત કર્યા હતા

# ગલ્ફ દેશોમાં અમેરિકી ટેક કંપનીઓ હવે ઈરાનનો નવો ટાર્ગેટ

## ડિજિટલ ક્રાઈસિસ : દુનિયાભરમાં છવાયેલી અમેરિકી કંપનીઓના ડેટા સેન્ટરો અને ક્લાઉડ કમ્પ્યુટિંગ ડેટા સેન્ટરોને ઈરાન તોડી રહ્યું છે



ઈરાન અને અમેરિકાનું યુદ્ધ હવે નવી દિશામાં આગળ વધી રહ્યું છે. એક તરફ અમેરિકા અને ઈઝરાયેલે ઈરાનના ડેવલપ થયેલા વિસ્તારો અને શહેરોને નષ્ટ કરવાનું શરૂ કર્યું છે ત્યાં ઈરાને નવા જ પ્રકારે બદલો લેવાની શરૂઆત કરી છે. ઈરાને ખાડી દેશોમાં આવેલા અમેરિકન કંપનીઓના કોમર્શિયલ સેન્ટરોને ટાર્ગેટ કરવાની શરૂઆત કરી દીધી છે. ઈરાને ગલ્ફ દેશોમાં કાર્યરત અમેરિકી ટેક કંપનીઓ અને ડેટા સેન્ટર પર હુમલો કરવાની ધમકી આપી છે. તેણે માત્ર ધમકી જ આપી છે તેવું નથી. તાજેતરમાં તેણે આવા ડેટા સેન્ટરો ઉપર હુમલા પણ કર્યા છે. અહેવાલો પ્રમાણ યુએઈ અને બહેરીનમાં એમેઝોનના ડેટા સેન્ટર પર હુમલો થયો છે. બહેરીનમાં એમેઝોનની કલાઉડ કમ્પ્યૂટિંગ સુવિધાને વ્યાપક નુકસાન થયું છે.

ઉલ્લેખનીય છે કે, ઈરાને શાહેદ ડ્રોન દ્વારા યુએઈ ખાતે આવેલા બે એમેઝોન વેબ સર્વિસીઝ ડેટા સેન્ટર પર હુમલો કર્યો હતો. ખાસ વાત એ છે કે, ડેટા સેન્ટરોને જાસૂસી અને સાયબર હુમલાઓનું જોખમ હંમેશા રહે છે પરંતુ યુધ્ધ દરમિયાન કોઈ દેશ દ્વારા કોમર્શિયલ ડેટા સેન્ટરને ટાર્ગેટ કરવામાં આવ્યા હોવાની પ્રથમ ઘટના છે. રશિયા-યુક્રેન લડાઈમાં યુક્રેનિયન હેકર્સે વર્ષ ૨૦૨૪માં રશિયન લશ્કરી સંલગ્ન ડેટા સેન્ટરમાં સંગ્રહિત ડેટાનો નાશ કર્યો હતો. તે એક સાઈબર હુમલો હતો અને ડિજિટલ એટેક કરવામાં આવ્યો હતો. ઈરાન દ્વારા જે કરવામાં આવ્યું છે તે એક ફિઝિકલ હુમલો હતો જેમાં ડ્રોનથી ઈમારતને નુકસાન થયું હતું.

ઈરાને હવે વોરને ડિજિટલ ક્રાઈસિસ તરફ લઈ જવાની શરૂઆત કરી છે. એક તરફ હોર્મુઝની ખાડી અને રાતા સમુદ્ર નીચે આવેલી ઈન્ટરનેટની વિશાળ નેટવર્ક કેબલ્સને કાપવાની અનૌપચારિક ધમકી આપી હતી તો બીજી તરફ અમેરિકી કંપનીઓના સેન્ટરો પણ નષ્ટ કરવાની ઈરાનની ધમકી હતી. તે ક્રૂડ બાદ હવે ડેટાને પણ ધ્વસ્ત કરવા માગે છે. આ રીતે તે સમગ્ર વિશ્વમાં ક્રાઈસિસ ઊભી કરવા માગે છે.

ઈરાને કહ્યું છે કે, તેઓ મેટા, ગુગલ, એપલ, માઈક્રોસોફ્ટ, એમેઝોન જેવી મોટી કંપનીઓના ડેટા બેઝ પર હુમલો કરશે. બહેરીનમાં કુલ ૧૮ અમેરિકન ટેક કંપનીઓ ઈરાનના ટાર્ગેટ પર હોવાની વિગતો પણ સામે આવી છે. યુઝર્સ એમેઝોન મુદ્દે માઈક્રોબ્લોગિંગ પ્લેટફોર્મ પર સતત પોસ્ટ કરી રહ્યા છે. જો એમેઝોનના ડેટા સેન્ટર પર હુમલો થશે તો માત્ર એમેઝોન જ નહીં, પંરતુ વિશ્વની અનેક વેબ સર્વિસ ઠપ થઈ શકે છે. તેના દ્વારા તેની સાથે સંકળાયેલા અનેક ઉદ્યોગો અને કાર્યો ખોરવાઈ જશે. સમગ્ર ઈન્ડસ્ટ્રીમાં ભૂકંપ આવશે.

જાણકારો માને છે કે, બેહરીન અને યુએઈમાં આવેલા આ ડેટા સેન્ટરો ઉપર જે હુમલા કરવામાં આવ્યા છે તેના કારણે વ્યાપક અસર પડી શકે છે. આ ત્રણે જગ્યાએ જે સેવાઓ આપવામાં આવે છે તેના કારણે વિવિધ સેક્ટરમાં મુશ્કેલી સર્જાઈ શકે છે. ખાસ કરીને બેન્કિંગ સિસ્ટમ, કોમર્શિયલ માર્કેટ લેવલે, સોફ્ટવેર પ્લેટફોર્મમાં અને રોજિંદી કામગીરીમાં પણ સમસ્યા સર્જાઈ શકે છે. તેના કારણે સરકારી કામગીરીઓ, કોર્પોરેટ કામગીરીઓ અને કન્ઝયુમર કામગીરીઓ વ્યાપક પ્રમાણમાં ખોરવાઈ શકે છે.

ઉલ્લેખનીય છે કે, હાલમાં મોટાભાગની અમેરિકી સોશિયલ મીડિયા સેવાઓ, કન્ઝયુમર સેવાઓ આપતી કંપનીઓ મલ્ટિનેશનલ થઈ ગઈ છે. તેમના અનેક દેશોમાં કોર્પોરેટ ઓફિસ, ડેટા સેન્ટરો, મોટા મોટા વેરહાઉસ બનેલા છે. આ સંજોગોમાં આવી કંપનીઓ અને ખાસ કરીને અમેરિકી કંપનીઓના ડેટા સેન્ટરોને ટાર્ગેટ કરવામાં આવે તો સિવિલિયન સર્વિસ અને મિલિટરી સર્વિસને વ્યાપક અસર પડે તેમ છે. એમેઝોન, માઈક્રોસોફ્ટ, મેટા જેવી કંપનીઓ માટે ડેટા સેન્ટરો, ક્લાઉડ કમ્પ્યૂટિંગ સાથે જોડાયેલી તમામ બાબતો અત્યંત મહત્ત્વની હોય છે. આ ઉપરાંત તેમના ડેટા સરકારી કામગીરી માટે પણ ઉપયોગી સાબિત થતા હોય છે. તેમાંય વર્તમાન સમયમાં મિલિટરી પ્લાનિંગ અને કામગીરીઓમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો વ્યાપક ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. તે ઉપરાંત ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવામાં પણ અમેરિકી મિલટરી તેનો ખૂબ જ ઉપયોગ કરી રહી છે.

અમેરિકી મિલિટરી, એરફોર્સ, નેવી તમામ સેક્ટર એડવાન્સ એઆઈ સિસ્ટમ ઉપર આધારિત છે. તેના દ્વારા ડિસિઝન મેકિંગ સપોર્ટ, ઈન્ટેલિજન્સ એનાલિસિસ, ઓપરેશનલ પ્લાનિંગ જેવી કામગીરીઓ થતી હોય છે. તેમાંય અમેરિકાએ શરૂઆતમાં ક્લોડ એઆઈની મદદથી જ ઈરાનના મહત્ત્વના ઠેકાણાઓ, અધિકારીઓ, નેતાઓના ઠેકાણાઓ શોધીને તેને ધ્વસ્ત કર્યા હતા. જાણકારો માને છે કે, આવી એઆઈ સિસ્ટમ સામાન્ય મિલિટરી હાર્ડવેર દ્વારા ઓપરેટ કરી શકાતી નથી. આ ઉપરાંત તેના માટે પૂરતા મિલિટરી ડેટા પણ હોતા નથી. આ સંજોગોમાં કોમર્શિયલ સર્વિસ દ્વારા વિવિધ જગ્યાઓના જિયોલોજિકલ મેપ્સ અને ડેટા ભેગા કરવામાં આવે છે. આ કંપનીઓના ડેટાના આધારે મિલિટરી પ્લાનિંગ કરવામાં આવે છે. ઈરાન દ્રઢપણે માને છે કે, અમેરિકા દ્વારા જે રીતે એઆઈ ટેક્નોલોજીનો ઉપયોગ કરાઈ રહ્યો છે તે ખાડી દેશોમાં આવેલા ડેટા સેન્ટરો અને ક્લાઉડ કમ્પ્યૂટિંગ ડેટાનો જ ઉપયોગ કરતું હશે. તેના કારણે જ જો આવા કોમર્શિયલ ડેટા સેન્ટરોને ધ્વસ્ત કરવામાં આવે કે તેમની સિસ્ટમ ખરાબ કરી દેવામાં આવે તો તેનો ઉપયોગ થઈ શકે નહીં. અમેરિકાની મિલિટરી પ્લાનિંગ ખોરવાઈ જાય. તેના કારણે જ આ હુમલા કરવામાં આવ્યા. આઈઆરજીસીના અધિકારીઓએ પણ નિવેદન આપ્યા હતા કે, દુશ્મનની મિલિટરીને મદદ કરનારા આવા ડેટા સેન્ટરોને ટાર્ગેટ કરવામાં આવ્યા છે. ખાડી દેશોમાં આવેલી અમેરિકી કંપનીઓના સેન્ટરોને ઈરાન હવે દુશ્મનું ટેક્નોલોજીકલ માળખું હોવાનું જ માની રહ્યું છે અને તેથી જ તેને નષ્ટ કરવા મથી રહ્યું છે.

બીજી તરફ એક શક્યતા એવી જોવાઈ રહી છે કે, અમેરિકાને મદદ કરનારા ખાડી દેશોની ઈકોનોમીને તોડવા માટે ઈરાન આકરાપાણીએ થયું છે. તે યુએઈ, સાઉદી, બેહરીન, કુવૈત જેવા દેશોને ટાર્ગેટકરી રહ્યું છે. અહીંયા અમેરિકા દ્વારા અને અમેરિકી કંપનીઓ દ્વારા ટેક્નોલોજી સેક્ટરમાં વ્યાપક રોકાણ કરવામાં આવ્યું છે. અહીંયા ૧૮ જેટલા અમેરિકી ટેક જાયન્ટના આટફિશિયલ ઈન્ટેલિજન્સ અને ક્લાઉડ કમ્પ્યૂટિંગના સેન્ટરો આવેલા છે. ગુગલ, મેટા, એપલ, ઓરેકલ જેવી કંપનીઓ અહીંયા વ્યાપક રીતે કામ કરી રહી છે. અહીંયા તેમણે અબજો ડોલરનું રોકાણ કર્યું છે અને તેના કારણે આ દેશોની ઈકોનોમીમાં પણ વ્યાપક ઉછાળો આવ્યો છે.

ખાડી દેશોમાં રહીને આ કંપનીઓને ઓછા ખર્ચામાં મોટી જગ્યાઓ મળી જાય છે, સસ્તામાં લેબર મળી જાય છે, એનર્જી રિસોર્સ માટે ક્યાંય જવાની જરૂર પડતી નથી. તે ઉપરાંત આ ખાડી દેશોની ભૌગોલિક સ્થિતિ એવી છે કે, અહીંયાથી આ કંપનીઓ વિવિધ કોન્ટિનેન્ટમાં કામગીરી ઓપરેટ કરી શકે છે. આ ડેટા સેન્ટરોને ટાર્ગેટ કરીને માત્ર અમેરિકાને જ નહીં જે-તે ખાડી દેશોની ઈકોનોમીને પણ હાનિ પહોંચાડવાની કામગીરી કરવામાં આવી છે. તે આડકતરી રીતે અમેરિકાને ધમકી આપી રહ્યું છે કે, તેણે આ દેશોથી અંતર જાળવવું પડશે નહીંતર બધા જ દેશોને ભોગવવું પડશે.

આ દિશામાં ધમકી આપતા આઈઆરજીસીએ ગત અઠવાડિયે જ કહ્યું હતું કે, અમેરિકાની ૧૮ જેટલી કંપનીઓને એક પછી એક ટાર્ગેટ કરવામાં આવશે. ગલ્ફ દેશોમાં તેમનું કામ કરવું દુષ્કર કરી મુકીશું. ઈરાનના સૈન્ય અને તેના સાથી સૈન્યોએ પણ એરોસ્પેસ અને ફાઈનાન્સ સેક્ટરમાં રહેલી અમેરિકી કંપનીઓને પણ હુમલાની ચેતવણી આપી દીધી છે. આ ઉપરાંત અમેરિકી કંપનીઓમાં કામ કરતા લોકોને પણ ધમકી આપી છે કે તેઓ વહેલી તકે કંપની છોડીને અને જે-તે દેશ છોડીને સુરક્ષિત સ્થળે જતા રહે. આ તમામ કંપનીઓની ઈમારતોને તોડી પાડવામાં આવશે.

# વર્તમાન મહિનામાંરાજ્યોની ચૂંટણી એટલે જમણેરી તથા ડાબેરી વિચારધારાની લડત

મને ખબર નથી કે કયા ગ્રહોનો સંગમ થશે અને કયા ગ્રહોની અધોગતિ થશે પરંતુ ભારતમાં રાજકીય ચિત્ર જોઈને હું કહી શકુ એમ છું કે આપણે હાલમાં રસપ્રદ સમયમાં જીવી રહ્યા છીએ.



આસામ, કેરળ, કેન્દ્રશાસિત પુડુચેરી, તામિલનાડૂ તથા પશ્ચિમ બંગાળમાં રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓ ૯, ૨૩ તથા ૩૦ એપ્રિલના યોજાઈ રહી છે. કેરળ, તામિલનાડૂ તથા પશ્ચિમ બંગાળમાં તાજેતરના વર્ષોમાં ભાજપ પહેલી જ વખત મજબૂત રીતે સ્થાપિત એવા પક્ષોને પડકાર આપી રહ્યો છે. વિચારધારાના દ્રષ્ટિકોણથી કેરળમાં યુડીએફ તથા એલડીએફ બન્ને મધ્યમમાર્ગી ડાબેરીવાદી છે. તામિલનાડૂમાં ડીએમકેની આગેવાની હેઠળનો મોરચો (જેમાં કોંગ્રેસ પણ સામેલ છે) અને પશ્ચિમ બંગાળમાં એઆઈટીસી (ટીએમસી) સ્પષ્ટરીતે ડાબેરી પક્ષો છે. આ બધા બંધારણ, સંઘવાદ, સંસદ-વિધાનમંડળની પ્રાધાન્યતા, ધર્મનિરપેક્ષતા, સામાજિક ન્યાય, સમાન વિકાસ, કલ્યાણકારી પગલાં, અખબારી સ્વતંત્રતા તથા ઉદાર અર્થતંત્ર માટે બંધાયેલ છે. એલડીએફ, ડીએમકે તથા ટીએમસી સંબંધિત રાજ્યોમાં શાસન કરે છે.

હરિફ ભાજપે વિચારધારાના દ્રષ્ટિકોણમાં પોતાને જમણેરી બાજુ સ્થિત કર્યો છે. જમણેરીની બાબતમાં હું આરએસએસ બાબતે વધુ વિચારી શકું છું પરંતુ પોતે રાજકીય પક્ષ નહીં હોવાનો આરએસએસ દાવો કરે છે. જો કે તેના અનેક મોટા નેતાઓ ભાજપ સંગઠનમાં ઉચ્ચ હોદ્દાઓ પર હતા અને છે. ભાજપની સરકારોમાંના અનેક પ્રધાનો પ્રચારક હતા અને સ્વયંસેવક તરીકે જળવાઈ રહ્યા હતા. સામાન્ય નાગરિકો આરએસએસને માતાપિતા ગણે છે અને ભાજપને તેમનું બાળક. ભાજપની નીતિઓ અને કાયદાઓ હિન્દુત્વવાદી વિચારધારા, વૈદિક શાસ્ત્રો અને પદ્ધતિઓ, આર્યન સંસ્કૃતિ, કેન્દ્રવાદ, એક સામાન્ય ભાષા (હિન્દી), શાકાહારવાદ, એક રાષ્ટ્ર એક સરકાર તથા કોરિઅન ચેબોલ જેવા મૈત્રીપૂર્ણ વેપારગૃહોના વિચારો પર આધારિત છે. મોદીની આગેવાની હેઠળ ભાજપે ૨૦૧૪ સુધી જે ચાલતી હતી તે સર્વસંમતિને ઈરાદાપૂર્વક તોડી નાખી છે.

કોંગ્રેસની આગેવાની હેઠળના યુડીએફ અને સીપીઆઈ (એમ)ની આગેવાની હેઠળના એલડીએફે છેલ્લા પચાસ વર્ષ દરમિયાન આધિપત્ય જાળવી રાખ્યું છે. નાના પક્ષો એક અથવા અન્ય જુથમાં ભળી ગયા છે. કેરળના મતદાતાઓ યુડીએફ અને એલડીએફને વારાફરતી પસંદ કરતા હતા, પરંતુ ૨૦૨૧માં તેમણે આ પરંપરા તોડીને એલડીએફને ફરી ચૂંટી કાઢયો હતો. ૨૦૧૬માં એલડીએફનો વિજય થયો હતો. બન્ને મોરચા મજબૂત છે અને તેમણે પોતાના ચૂંટણી વ્યૂહોને મજબૂત બનાવ્યા છે. સામાન્ય મત એવો પ્રવર્તી રહ્યો છે કે એલડીએફ જેણે પિનારાઈ વિજયનની આગેવાની હેઠળ બે મુદતથી શાસન કર્યું છે તેમાં બદલાવનો સમય આવી ગયો છે. ૨૦૧૮માં પૂરની સ્થિતિ તથા ૨૦૨૪ની વાયનાડ (જમીન ધસી જવા)ની ઘટનામાં એલડીએફ સરકારની નબળી કામગીરીથી એલડીએફને નુકસાન થયું છે. કોંગ્રેસ પાસે અને શક્તિશાળ તથા યુવા નેતાઓ છે અને યુડીએફ આસાનીથી વિજય મેળવી લેશે તેવો વિશ્વાસ ધરાવે છે.

કેરળના લોકોના ડીએનએને ભાજપ સમજી શકયું નહીં હોવાનું જણાય છે. ભાજપ કેટલી બેઠકો જીતી શકશે તેની અટકળો થઈ રહી છે, તે એક અંકમાં જ સીમિત રહેશે તેવો મત પ્રવર્તી રહ્યો છે.

૨૦૨૧ તથા ૨૦૨૪નો ડીએમકેની આગેવાની હેઠળનો મોરચો અકબંધ છે અને ડીએમકેના ચિહ્ન પર લડવા એમ. કે. સ્ટાલિન નાના પક્ષો પર નિર્ભર છે. આ વ્યૂહરચના મતોના વિભાજનને અટકાવશે. ૨૦૨૧ (વિધાનસભા) અને ૨૦૨૪ (લોકસભા)ની ચૂંટણીથી એઆઈએડીએમકેની આગેવાની હેઠળના મોરચાના મતો ઘટી રહ્યા છે, પરંતુ એઆઈએડીએમકેમાંથી છૂટા પડીને રચાયેલા એએમએમકેનો તેમને ટેકો મળી રહ્યો છે. એક મહિના અગાઉ એએમએમકેએ શપથ લીધા હતા કે તે ઈ. પ લ ા ન ી સ વ ા મ ી ને એઆઈએડીએમકેના નેતા અથવા તો યુતિના મુખ્ય પ્રધાનપદના ચ્હેરા તરીકે કયારેય નહીં સ્વીકારે.

એઆઈએડીએમકેના ટેબલ પર ભાજપ શું લાવ્યું છે? ચોક્કસ કહીએ તો, કેન્દ્ર સરકારની શક્તિ, સ્રોતો, ઈસીઆઈનો ચૂપચાપ ટેકો તથા ભાજપના રાષ્ટ્રીય નેતાઓની વિભાજનકારી પોકળ ખાતરીઓ. આ પરિબળો ૨૦૨૧ તથા ૨૦૨૪માં કામ કરી શકયા નહોતા અને ૨૦૨૬માં પણ કરી નહી શકે.

૨૩૪ બેઠકોમાંથી ભાજપ ૨૭ બેઠકો લડી રહ્યું છે અને તે કેટલી બેઠકો પર વિજયી થશે તેની અટકળોમાં ૧૦ની અંદરનો આંકડો આવે છે.

તામિલગા વેટ્રી કઝગમ (ટીવીકે, જેની સ્થાપના જોસેફ વિજયે કરી છે)ની હાજરી અને નામ તામિઝર કાચી (દરેક રાજકીય પક્ષોના ટીકાકારની આગેવાની હેઠળ ચાલતા) -અને મતોનું વિભાજન કરવાની તેમની ક્ષમતા-ને જોતા દરેક મતદારક્ષેત્રમાં ચૂંટણી રસાકસીભરી હશે, પરંતુ એકંદર પરિણામ એક મોરચાની તરફેણમાં હશે-ચૂંટણી નિરીક્ષકો તથા અભ્યાસુ પત્રકારો ડીએમકેની આગેવાની હેઠળની યુતિ ફરી સત્તા પર આવશે તેવો મત ધરાવી રહ્યા છે.

અહી શાસક એઆઈટીસી (ટીએમસી) તથા હરિફ ભાજપ વચ્ચે સીધી સ્પર્ધા છે. વિતેલા વર્ષોના શાસક પક્ષો કોંગ્રેસ તથા સીપીઆઈ (એમ) ભાજપ સામે બંદૂક તાણશે તેવી શકયતા છે પરંત તેનાથી અંતિમ પરિણામ પર કોઈ અસર જોવા નહીં મળે. મુખ્ય લડાઈ મમતા બેનરજી અને શાહ-મોદી જોડી વચ્ચે રહેશે.

લડાઈ રાજકીય કરતા ભૌતિક વધુ બની ગઈ છે. તેણે પશ્ચિમ બંગાળના લોકોમાં સ્વામી વિવેકાનંદ, રવિન્દ્રનાથ ટાગોર, બંકીમચન્દ્ર ચેટરજી તથા અમર્ત્ય શેન જેવી પ્રતિભાઓ માટે રાજ્યની સંસ્કૃતિ, સાહિત્ય, ભાષા, નૈતિકતા, સાંપ્રદાયિકતા, દેશભક્તિની રક્ષા કરવાની લાગણી ઊભી કરી છે. બંગાળીનું સ્વાભિમાન જળવાઈ રહેશે તો, મમતા બેનરજી સતત ચોથી વખત જીતીને આવશે.

ત્રણ રાજ્યો હિન્દીભાષીના પરિઘની બહાર છે. દરેક પક્ષની કામગીરી જે તે પક્ષનું ભાવિ નિશ્ચિત કરનારી બની રહેશે. અને ખાસ કરીને ભાજપ માટે જે બે પ્રદેશોના રાજકીય તથા સામાજિક સિદ્ધાંતોથી અજાણ હોવાનું માનવામાં આવે છે.

# દુનિયાનું સારૂં ઘરેણું તમારી મહેનત છે,સાચો સાથી તમારો નિર્ણય છે અને તમારો સ્વભાવ જ તમારું ભવિષ્ય છે

દેશમાં વિશ્વમાં યુધ્ધની વિહવળતાં વચ્ચે પાંચ રાજ્યમાં વિધાનસભાની તથા આપણા રાજ્યમાં જિલ્લા તાલુકા પંચાયત મહા નગર પાલિકા, પાલિકાઓની ચૂંટણીઓનો માહોલ બરોબરનો જામી રહયો છે.પ્રજા વર્તમાન શાસન વ્યવસ્થાથી ત્રાહિમામ પોકારી ગઈ છે પણ તેનું પરિણામ શૂન્ય જ રહેતાં પ્રજાની વિહવળતાં પ્રજાના હૃદયમાં ધરબાયેલી જ રહે છે.આ ક્યાં લોકશાહી છે. લોકો અને કુદરત બંને વિહવળ હોય તેવું લાગે છે હવામાનમાં પલટો આવવો એ સામાન્ય બન્યું પણ જુદ્ધાણા આગળ પાંગળા દેખાઈ રહ્યા છે ત્યારે આજે આપણે ચિંતનાત્મક લેખમાં જોઈએ તો એક સમયે,એક શિષ્ય હતો જે પોતાના ગુરુને ખૂબ માન આપતો હતો. ગુરુને પણ આ શિષ્ય પ્રત્યે ખૂબ પ્રેમ હતો;જોકે,તે શિષ્ય પોતાના અભ્યાસમાં આળસુ અને સ્વભાવે ઢીલાશ વાળો હતો.તે સતત પોતાના અભ્યાસથી બચવાનો પ્રયાસ કરતો હતો અને આજના કાર્યોને આદતથી આવતીકાલ સુધી મુલતવી રાખતો હતો. પરિણામે, ગુરુ થોડા ચિંતિત થવા લાગ્યા, તેમને ડર હતો કે તેમના આ શિષ્યનો જીવનયુદ્ધમાં પરાજય થશે. સુસ્તીમાં વ્યક્તિને સંપૂર્ણપણે નિષ્ક્રિય બનાવવાની સંપૂર્ણ ક્ષમતા હોય છે. આવી વ્યક્તિ કોઈપણ પ્રયત્નો કર્યા વિના ફળ મેળવવા માંગે છે. તે તાત્કાલિક નિર્ણયો લેવામાં અસમર્થ હોય છે, અને જો તે નિર્ણય લેવામાં સફળ થાય તો પણ તે તેને પૂર્ણ કરવામાં નિષ્ફળ જાય છે.તે તેના નજીક ના વાતાવરણથી પણ અજાણ રહે છે અને ભાગ્ય દ્વારા તેને આપવામાં આવેલી તકોનો લાભ લેવાની કુશળતાનો અભાવ ધરાવે છે. તેના મનમાં,ગુરુએ તેના શિષ્યના કલ્યાણ માટે એક યોજના ઘડી.એક દિવસ,શિષ્ય ના હાથમાં કાળા પથ્થરનો ટુકડો આપતા, ગુરુએ કહ્યું,'હું આ જાદુઈ પથ્થર તમને બે દિવસ માટે સોંપી રહ્યો છું,કારણ કે હું બીજા ગામ જવા માટે જઈ રહ્યો છું. તમે આ પથ્થરથી જે પણ લોખંડની વસ્તુને સ્પર્શ કરશો તે સોનામાં પરિવર્તિત થઈ જશે...' 'તે થઈ જશે; જોકે, યાદ રાખો કે બીજા દિવસે સૂર્યાસ્ત સમયે, હું તમારી પાસેથી તે પાછું મેળવીશ.' શિષ્ય આ સુવર્ણ તક પ્રાપ્ત કરીને ખૂબ જ ખુશ હતો; છતાં, સ્વભાવે આળસુ હોવાથી, તેણે પોતાનો આખો પહેલો દિવસ દિવાસ્વપ્નોમાં ખોવાઈ ગયો- કલ્પના કરી કે જ્યારે તેની પાસે સોનાની વિશાળ



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

સંપત્તિ હશે ત્યારે તે કેટલો ખુશ, આનંદિત, સમૃદ્ધ અને સંતુષ્ટ હશે, અને તેની પાસે એટલા બધા નોકરો હશે કે તેને પાણીનો ગ્લાસ પણ લાવવાની જરૂર નહીં પડે. પછી, બીજી સવારે,જ્યારે તે જાગ્યો, ત્યારે તેને ખ્યાલ આવ્યો કે આ બીજો અને છેલ્લો દિવસ છે જે તેને સોનું મેળવવા માટે ઉપલબ્ધ છે. તેણે દ્રઢ નિશ્ચય કર્યો કે,ગમે તે થાય,તે તેના ગુરુ દ્વારાઆપવા માં આવેલા કાળા પથ્થરનો સંપૂર્ણ ઉપયોગ કરશે. તેણે નક્કી કર્યું કે તે બજારમાં જશે,મોટી લોખંડની વસ્તુઓ ખરીદશે અને તેને સોનામાં રૂપાંતરિત કરશે. દિવસ વીતતો ગયો,છતાં તે જ્યાં હતો ત્યાં જ બેઠો રહ્યો, પોતાને એ વિચારથી શાંત રાખતો હતો કે હજુ પણ ઘણો સમય બાકીછે કે તે ફક્ત બજારમાં જઈ શકે છે અને જ્યારે ઈચ્છે ત્યારે વસ્તુઓ લઈ શકે છે.તેણે મનમાં વિચાર્યુંકે હવે 'તો, હું મારું ભોજન કર્યા પછી જ સામાન લાવવા નીકળીશ.જોકે, જમ્યા પછી આરામ કરવાની તેમની આદત હતી, અને મહેનત કરવા ઉભા થવાને બદલે,તેમણે થોડી રાહત લેવાનું વધુ યોગ્ય માન્યું. છતાં, તેમનું શરીર સુસ્તીથી ઘેરાયેલું ઊંઘના ઊંડાણમાં વહી ગયું, અને જ્યારે તે જાગ્યો, ત્યારે સૂર્ય આથમવાની અણી પર હતો પછી તે બજાર તરફ ઉતાવળમાં દોડવા લાગ્યો;જો કે,રસ્તામાં જ તેમને તેમના ગુરુ મળ્યા.તેમને જોતાં જ,તે તેમના પગે પડ્યો અને જાદુઈ પથ્થરને ફક્ત એક દિવસ માટે રાખવાની વિનંતી કરી.પરંતુ ગુરુ અડગ રહ્યા અને શિષ્યનું ધનવાન બનવાનું સ્વપ્ન ચકનાચૂર થઈ ગયું.તેમ છતાં,આ ઘટનાએ શિષ્યને એક ઊંડો પાઠ શીખવ્યો તેને પોતાની આળસ માટે ઊંડો પસ્તાવો થવા લાગ્યો. તેને સમજાયું કે આળસ તેના જીવન પર એક અભિશાપ છે અને તેણે પ્રતિજ્ઞા લીધી કે તે ફરી ક્યારેય પોતાની ફરજોથી દૂર નહીં રહે, તેના બદલે પોતાને એક મહેનતુ, સતર્ક અને સક્રિય વ્યક્તિ તરીકે સાબિત કરવાનો સંકલ્પ કરશે.

એક ગોપી શ્રૃંગાર કરતી હતી, ત્યાં કનૈયાની વાંસળીનો અવાજ તેણે સાંભળ્યો. સુધબુધ ભૂલી ચંદ્રહાર ગળામાં પહેરવાને બદલે હાથમાં પહેરી તેણે દોટ મૂકી.

એક ગોપી ઘરમાં લીંપવાનું કામ કરતી હતી અને હાથ છાણથી ખરડાયેલા હતા. વાંસળીસાંભળી કે હાથ પણ ધોયા વગર શ્રીકૃષ્ણ ને મળવા દોડવા લાગી.

રાસલીલામાં જો લૌકિક કામની વાત હોય તો ગોપી શ્રૃંગાર કરી દર્પણમાં મુખ જોઈ હવે હું કેવી સુંદર લાગું છું તેની ખાતરી કરી શ્રીકૃષ્ણ પાસે જાય, પરંતુ અહીં તો ગોપીઓ છાણવાળા હાથે દોડે છે.આ બતાવે છે કે,આ લૌકિક કામની વાત નથી.

ઈશ્વરને મળવા માટે આવી આતુરતા જોઈએ. રામકૃષ્ણ પરમહંસ આનું દ્દષ્ટાંત આપે છે. એક શિષ્યે પોતાના ગુરુને પૂછ્યું કે, ઈશ્વરને માટે કેવી જિજ્ઞાસા જોઈએ? ઈશ્વરને પ્રાપ્ત કરવા કેવી વ્યાકુળતા જોઈએ?ગુરુએ કહ્યું, એ શબ્દનો વિષય નથી. શબ્દથી તેનું વર્ણન થઈ શકે નહીં. એ અનુભવનો વિષય છે. પ્રસંગ મળશે ત્યારે તને સમજાવીશ.

થોડા દિવસ પછી ગુરુ-શિષ્ય નદીએ સ્નાન કરવા ગયા. શિષ્ય જેવી જળમાં ડૂબકી મારી કે, ગુરુએ એનું મસ્તક પકડીને જળમાં અંદર દબાવી દીધું. શ્વાસ રુંધાતાં શિષ્યનો જીવ મૂંઝાવા લાગ્યો. એકદમ વ્યાકુળ થઈને તરફડિયાં મારવા લાગ્યો, ત્યારે ગુરુએ તેને છોડયો. શિષ્ય કહે, બાપ રે, મને તો લાગ્યું કે હમણાં જ મારા પ્રાણ હવા વગર છૂટી જશે! ગુરુએ કહ્યું કે, બસ તો! હવા માટે તું જેવો તરફડતો હતો. જીવ જ્યારે પ્રભુ માટે તરફડે ત્યારે પ્રભુ મળે! આવી વ્યાકુળતા વગર ઈશ્વર મળતા નથી. ગોપી કથાએ સાધારણ સ્ત્રીની કથા નથી. દેહાધ્યાસ નષ્ટ થયા પછીની જીવની દશાની આ કથા છે. ગોપીઓને સગાંસંબંધીઓ અટકાવે છે પણ તે અટકતી નથી અટકી શકતી નથી. કારણ કે અટકવાનો વિચાર કરનારું મન એમની પાસે છે જ નહીં. એમનું મન એમની પાસેથી હરાઈ ગયુંછે મીરાંબાઈ એક ભજનમાં કહે છે કે,પ્રભુ,મારો જીવ પાણી બહાર પડેલી માછલીની પેઠે તરફડેછે. તારાં દર્શન વગર મને ચેન પડતું નથી.

## શક્તિ એવોર્ડ 2026: ડ્રીમ ફાઉન્ડેશન દ્વારા અમદાવાદમાં 11 પ્રતિભાશાળી મહિલાઓનો સન્માન સમારોહ

# ડ્રીમ ફાઉન્ડેશન દ્વારા વિવિધ ક્ષેત્રની 11 મહિલાઓને શક્તિ એવોર્ડ 2026 એનાયત કરી સમ્માનિત કરવામાં આવી

## અમદાવાદમાં શક્તિ એવોર્ડ 2026: મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપતા 11 મહિલા અચીવર્સ સન્માનિત





**અમદાવાદ, તા.06**

ડ્રીમ ફાઉન્ડેશન, અમદાવાદ શહેર અને તેની આસપાસના વિસ્તારમાં સામાજિક કાર્યો થકી રાષ્ટ્ર ઉત્થાનમાં પોતાનું યથાયોગ્ય યોગદાન આપી રહ્યું છે. આ સંસ્થા દ્વારા 5 એપ્રિલ, 2026ના રોજ એએમએ ખાતે પોતાના ક્ષેત્રમાં અગ્રણી એવી 11 મહિલાઓને શક્તિ એવોર્ડ 2026 અને પ્રમાણપત્ર એનાયત કરી સમ્માનિત કરવામાં આવી. શક્તિ એવોર્ડ 2026માં વૈષ્ણવાચાર્ય પરમ પૂજ્ય યદુનાથ મહોદયા, જાણીતા વક્તા રેખાબેન દેસાઈ, જાણીતા ગાયનોકોલોજીસ્ટ ડૉ. લીના પટેલ અને શિક્ષણવિદ ગિતીકા સલુજા સહિતના મહાનુભાવોએ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી.

પોતાના ક્ષેત્રમાં મક્કમતા સાથે આગળ વધી પોતાનું એક અલગ સ્થાન બનાવનાર, શક્તિ એવોર્ડ્સ 2026થી સમ્માનિત આ તમામ 11 મહિલાઓની સફળતાને બિરદાવી ડ્રીમ ફાઉન્ડેશન ગર્વની લાગણી અનુભવે છે. - તેમ જણાવતા ડ્રીમ ફાઉન્ડેશનના ફાઉન્ડર નિરવ જે. શાહે વધુમાં ઉમેર્યું, "સંતુલિત સમાજના સર્જન માટે સ્ત્રી સશક્તિકરણ મહત્વપૂર્ણ પરિબળ છે. તેથી જ સ્ત્રી સશક્તિકરણ એ માત્ર મહિલાઓના વિકાસ પૂરતુ સિમિત રહેતું નથી, પરંતુ વાસ્તવમાં તે સમાજ અને રાષ્ટ્ર ઉત્થાનનો પાયા તરીકે કાર્ય કરે છે. આ શક્તિ એવોર્ડની વિભાવના આવી જ મહિલાઓની સફળતાની ગાથાને ઓળખવા, પોંખવા અને બિરદાવવા માટે કરવામાં આવી છે."

શક્તિ એવોર્ડ્સ 2026થી સમ્માનિત કરવામાં આવેલ સોનાલી મોહંતી, શક્તિ એક્સેલેન્સ એવોર્ડ - એચઆર એન્ડ સોફ્ટ સ્કિલ ડેલપમેન્ટ; ડૉ. મિતાલી વસાવડા, શક્તિ હેલ્થકેર એક્સેલેન્સ એવોર્ડ; લિપી ગોયલ, શક્તિ વોઈસ એન્ડ એક્સેલેન્સ એવોર્ડ; હેપ્પી રબારી અને લકી રબારી, શક્તિ કલ્ચરલ હેરિટેજ એન્ડ ફોક આર્ટ એવોર્ડ; બિરવા મહેતા, શક્તિ સોશિયલ ઈમ્પેક્ટ એવોર્ડ; ધૈર્યા રાઠોડ, શક્તિ મીડિયા એન્ડ જર્નાલિસમ એક્સેલેન્સ એવોર્ડ; સ્વાતિ પંચાલ, શક્તિ એક્સેલેન્સ એવોર્ડ - ફાઈનાન્સ એન્ડ સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ લીડરશીપ; માયા જોશી, શક્તિ એજ્યુકેશન એક્સેલન્સ એવોર્ડ; અંજલિ કોઠારી, શક્તિ એક્સેલન્સ એવોર્ડ - વેલનેસ કોચિંગ; ખુશ્બૂ વૈદ્ય, શક્તિ એડટેક સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન એક્સેલન્સ એવોર્ડનો સમાવેશ થાય છે.

ઉલ્લેખનીય છે કે, ડ્રીમ ફાઉન્ડેશનની સ્થાપનાને બે વર્ષ પૂર્ણ થવાના અવસરે શક્તિ એવોર્ડની પ્રથમ આવૃત્તિનું આયોજન કરાતા સંસ્થા સાથે જોડાયેલા વોલેન્ટીયર્સ, દાતાઓ અને હિતેચ્છુઓમાં બમણો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

ડ્રીમ ફાઉન્ડેશન વર્ષ દરમિયાન શિક્ષણ, આરોગ્ય, સ્વ-નિર્ભરતા, મહિલા સશક્તિકરણ સહિતના સામાજિક કાર્યો કરી રહ્યું છે. હાલમાં તેની મુખ્ય પહેલ પસ્તી સે પઢાઈ તક સફળ રીતે તેના લક્ષ્ય તરફ આગળ વધી રહી છે.

## પત્નીને બેટથી ફટકારી બોચી પકડી બેસી ગયો: રાણીપમાં ફોઈનું ઉપરાણુ લેતા જ પરિણીતાને પતિએ ફટકારી, દીકરી છોડાવવા જતાં તેને પણ મારી

**અમદાવાદ, તા.06**

રાણીપમાં પૈસા બાબતે ફોઈનું ઉપરાણુ લેતી પરિણીતાને પતિએ બેફામ મારતા મામલો રાણીપ પોલીસ સ્ટેશન પહોચ્યો છે. આશુતોષ રેસિડેન્સીમાં રહેતી કંચન શાહે પતિ અમિત શાહ વિરૂદ્ધ હુમલાની ફરિયાદ કરી છે. કંચન પતિ અમિત અને બે દીકરી સાથે રહે છે. કંચનના પ્રથમ લગ્ન દીપક મકવાણા સાથે થયા હતાં, જેમાં છુટાછેડા થઈ ગયા હતાં. ત્યારબાદ 2007માં તેણે અમિત સાથે કોર્ટ મેરેજ કરી લીધા હતા.



કંચન ઘરે હાજર હતી, ત્યારે તેની ફોઈ ભાનુબેન તેને મળવા માટે આવ્યાં હતા. કંચનને ગુજરી બજારમાં જવાનું હોવાથી તે તૈયાર થઈ રહી હતી, ત્યારે ભાનુબેને જણાવ્યુ કે, હું અમિત પાસે રૂપિયા માગુ છું. ભાનુબેનની વાત સાંભળીને કંચને જવાબ આપ્યો કે, તમારા પૈસા છે તો માંગી લો. કંચનની વાત સાંભળીને અમિત સાંભણી ઉશ્કેરાઈને ગાળો આપવા લાગ્યો હતો. કંચને ફોઈનું ઉપરાણુ લેતા અને પૈસા આપી દેવાની વાત કરતા તે વધુ ગિન્નાયો હતો.

અમિતે તરત જ મેટલનુ શો-પીસ હાથમાં લઈને કંચનના માથામાં મારી દીધુ હતું. બાદમાં બેટથી મારવાનું શરૂ કરી દીધુ હતું. કંચનની દીકરી વચ્ચે પડતા તેને પણ માર માર્યો હતો. કંચને બુમાબુમ કરતા આસપાસના લોકો દોડી આવ્યા હતા. કંચનને ઈજા થતા તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. રાણીપ પોલીસે આ મામલે અમિત વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. બીજી તરફ કંચનને અમિત માર મારતો હોય તેવો વીડિયો પણ સામે આવ્યો છે.

### સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની સામાન્ય ચૂંટણી-2026

## અમદાવાદમાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી સંદર્ભે શાળાના વિદ્યાર્થીઓએ ચિત્ર અને લેખન સ્પર્ધા દ્વારા મતદાન જાગૃતિ ફેલાવી

### જિલ્લા શિક્ષણ વિભાગ અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા અમદાવાદની શાળાઓમાં 'સ્વેપ' અંતર્ગત મતદાન જાગૃતિ અભિયાન

**અમદાવાદ, તા.06**

સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની સામાન્ય ચૂંટણી-2026ના સંદર્ભમાં અમદાવાદના નાગરિકોમાં મતદાન પ્રત્યે જાગૃતિ આવે તેવા આશયથી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ અને જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી દ્વારા આજે અમદાવાદની વિવિધ શાળાઓમાં 'લોકશાહીના મહાપર્વ' નિમિત્તે વિવિધ રચનાત્મક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.



આગામી 26 એપ્રિલ, 2026ના રોજ યોજાનાર સામાન્ય ચૂંટણીમાં મહત્તમ મતદાન થાય તે માટે 'સ્વેપ' (Systematic Voters' Awareness Plan-SVAP) અભિયાન અંતર્ગત ચિત્ર અને નિબંધ લેખન સ્પર્ધાઓની સાથે સામૂહિક મતદાન જાગૃતિ પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી.

આ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓએ 'શિક્ષિત મતદાતા, સચેત મતદાતા', 'મારો મત, મારી તાકાત' અને 'મારો મત, લોકશાહીનો આધાર' જેવા વિષયો પર પોતાની કલા અને વિચારોના માધ્યમથી મતદાનનું મહત્વ સમજાવ્યું હતું.

વધુમાં, વિદ્યાર્થીઓએ લોકશાહીના આ ઉત્સવમાં પોતાની ભાગીદારી નોંધાવતા મતદાન કરવા માટેના પવિત્ર શપથ ગ્રહણ કર્યા હતા, જેનો મુખ્ય હેતુ સમાજના દરેક વર્ગને પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા પ્રેરિત કરવાનો છે.

વિશેષ રીતે, શાળાના વિદ્યાર્થીઓની દ્વિતીય સત્રાંત કસોટીના અભ્યાસ કે સમયપત્રકને કોઈ પણ જાતની ખલેલ પહોંચાડ્યા વિના આ પ્રવૃત્તિઓનું અત્યંત સુચારૂ આયોજન કરવામાં આવ્યું હતું.

## પિયરમાં છઠ્ઠા માળેથી કૂદીને પરિણીતાનો આપઘાત: પતિ અવારનવાર હેરાન કરી ડિવોર્સ આપવાની ધમકી આપતો હતો

**અમદાવાદ, તા.06**

અમદાવાદના વાડજ વિસ્તારમાં રહેતી યુવતીએ પતિના ત્રાસથી આપઘાત કર્યાનો બનાવ સામે આવ્યો છે. યુવતીના લગ્નના 15 વર્ષ થયા છતાં પતિ અવારનવાર હેરાન કરી ત્રાસ આપતી હતો. યુવતીનો પતિ યુવતીને ડિવોર્સ આપવાની ધમકી આપતો હતો જેથી યુવતીએ માનસિક રીતે કંટાળીને પિયરમાં આવી છઠ્ઠા માળેથી કુદીને આપઘાત કર્યો છે. આ અંગે વાડજ પોલીસે યુવતીના પતિ સામે આત્મહત્યા માટે દુષ્પ્રેરણ ગુનો નોધી તપાસ શરૂ કરી છે.

નવા વાડજમાં રહેતા દિપક શર્માએ ફરિયાદ નોંધાવી છે કે તેની બહેન આશાના 15 વર્ષ અગાઉ વિપુલ શર્મા નામના ચિતોડગઢના યુવક સાથે લગ્ન થયા હતા.બંનેને એક બાળક પણ છે.20 માર્ચના રોજ દીપક કામ પર હતો ત્યારે તેને તેની પત્નીનો ફોન આવ્યો અને જણાવ્યું હતુ તે આશા કૂદી ગઈ છે તેથી તમે જલ્દી ઘરે આવો.દીપક ઘરે આવવા નીકળ્યો ત્યારે તેને જાણ થઈ કે તેની બહેન આશાને સારવાર માટે રાણીપની ત્રિશા હોસ્પિટલમાં લઈ જવામાં આવી છે. દીપક ત્રિશા હોસ્પિટલ પહોંચ્યો હતો.હોસ્પિટલમાં સારવાર દરમિયાન આશાનું મોત થયું હતું.

દિપકએ ફરિયાદમાં કરેલા આક્ષેપ મુજબ આશાના 15 વર્ષ અગાઉ ચિત્તોડગઢમાં રહેતા વિપુલ શર્મા સાથે લગ્ન થયા હતા.નવેમ્બર 2025માં આશાના સાસુએ આશાની માતાને ફોન કરીને જણાવ્યું હતું કે તમે આશાને લઈ જાવ.જેથી આશાના માતા તેને લઈને અમદાવાદ આવ્યા હતા.આશા પરત આવી ત્યારે તેની માનસિક સ્થિતિ સારી નહોતી જેથી વસ્ત્રાપુર ખાતે માનસિક સારવાર ચાલી રહી હતી.આશા જ્યારે પિયરમાં આવી ત્યારે આશાએ પરિવારની હાજરીમાં જણાવ્યું હતું કે લગ્નના ચાર પાંચ દિવસ બાદથી વિપુલે માનસિક ટોર્ચર કરવાનું શરૂ કર્યું છે.આશાની સારવાર ચાલુ હતી ત્યારે પણ વિપુલ આશાને ફોન કરીને માનસિક રીતે ત્રાસ આપતો હતો અને ડિવોર્સ આપવાની ધમકી પણ આપતો હતો. 13 ફેબ્રુઆરીના રોજ આશાને મળવા વિપુલ અમદાવાદ આવ્યો હતો ત્યારે વિપુલ ગુસ્સે થઈ ગયો હતો,વિપુલે આશા અને પરિવારને ધમકી આપી હતી કે હું આશાને લઈ જઈશ તો એક જ શરત ઉપર લઈ જઈશ,હું તેને મારી સાથે એક વર્ષ સુધી રાખીશ અને મને યોગ્ય લાગશે તો સાથે રાખીશ નહીં તો ડિવોર્સ આપી દઈશ.આશાના આપઘાતના એક દિવસ પહેલા પણ વિપુલે આશાને ફોન કરીને માનસિક ત્રાસ આપી ડિવોર્સની ધમકી આપી હતી.

## બાંધકામ શ્રમિકોના હિતાર્થે કાર્યરત 'ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ'ની કચેરી અમદાવાદથી 'કર્મયોગી ભવન', ગાંધીનગર ખાતે સ્થળાંતર કરાઇ

**અમદાવાદ, તા.06**

રાજ્યના લાખો બાંધકામ શ્રમિકોના કલ્યાણ અને વિવિધ સહાય યોજનાઓના અમલીકરણ માટે કાર્યરત 'ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ'ની કચેરી હવે ગાંધીનગર 'કર્મયોગી ભવન' ખાતે કાર્યરત કરવામાં આવી છે. વહીવટી સરળતા અને સુદ્રઢ કામગીરીના હેતુથી કચેરીનું સ્થળાંતર અમદાવાદથી ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે, તેમ ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડની યાદીમાં જણાવાયું છે.

યાદીમાં જણાવ્યા અનુસાર, અત્યાર સુધી આ કચેરી શ્રમ ભવન કમ્પાઉન્ડ, રૂસતમકામા માર્ગ, ગ્રાઉન્ડ ફ્લોર, અમદાવાદ ખાતે કાર્યરત હતી, જે હવે 'કર્મયોગી ભવન', પહેલો માળ, એફ-૧ વિંગ, બ્લોક-૩, સેકટર-૧૦-એ, ગાંધીનગર ખાતે કાર્યરત કરવામાં આવી છે. વધુમાં, તમામ સંબંધિત વિભાગો, સંસ્થાઓ અને નાગરિકોને જાણ કરવામાં આવે છે કે હવે પછીનો તમામ પ્રકારનો અધિકૃત પત્રવ્યવહાર ઉપર દર્શાવેલ ગાંધીનગરના નવા સરનામે જ કરવાનો રહેશે.

# અનાશ્રિતઃ કર્મફલં! શ્રીકૃષ્ણ ભલે કહે પણ, કળિયુગમાં ફળની આશા વિના એકેય કર્મ થતું નથી!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આજે મંગળવાર એટલે ગીતા જ્ઞાનનો દિવસ. અનાશ્રિતઃ કર્મફલં કાર્યં કર્મ કરોતિ યઃ, સ સંન્યાસી ચ યોગી ચ ન નિરગ્નિર્ન સક્રિયઃ. શ્રીમદ્ ભગવદ્ ગીતાનાં આત્મસંયમ યોગ નામનાં છઠ્ઠા અધ્યાયમાં ભગવાન અર્જુનને કહે છે કે, જે માણસ કર્મફળનો આશ્રય લીધાં વગર કરવા યોગ્ય કર્મ એટલે કે કર્તવ્ય કર્મનું આચરણ કરે છે, તે સંન્યાસી અને યોગી બંનેની ઉપલબ્ધિ મેળવ છે, જ્યારે કેવળ અગ્નિનો ત્યાગ કરનાર સંન્યાસી નથી, અને માત્ર ક્રિયાઓનો ત્યાગ કરનાર યોગી નથી કહેવાતો. છઠ્ઠા અધ્યાયનો આ પહેલો જ શ્લોક છે! શ્લોકનો ભાવાર્થ આપણે જોયો એમ સાવ સીધાસાદો છે! એમાં કોઈ આંટીઘૂંટી નથી! મને ઘણીવાર વિચાર આવે કે ભગવાન શ્રીકૃષ્ણે ભગવત્ ગીતા અર્જુનને સંબોધીને જ શું કામ કહી ? બીજાં ઘણાં યોગ્ય પાત્ર હતાં, કે જેની આગળ એ ભગવત્ ગીતાનું જ્ઞાન પેશ કરી શક્યા હોત! અથવા તો 700 શ્લોક માંથી અધ્યાય મુજબ વિભાગ પાડી શક્યા હોત! એટલે જ્ઞાન યોગની વાત યુધિષ્ઠિરને કરી હોત, કર્મની વાત ભીમને કરી હોત! એ રીતે અર્જુન, નકુલ, અને સહદેવ એમ કરી શક્યાં હોત, અરે કર્ણ કે અસવસ્થા માં કે પછી વિદુર અને દ્રોણાચાર્ય વગેરે વગેરે! પરંતુ અર્જુન જ શું કામ? એનું કારણ માત્ર એટલું જ છે કે, સર્વ સમર્થ હોવાં છતાં એક અર્જુન જ હતો, જે સમયે શરણાગત પણ થઈ શકે એમ હતો! પોતાનાં રથનાં સારથી સ્વયં ભગવાન શ્રીકૃષ્ણ છે, એ જાણવાં છતાં અર્જુનને વિજય વિશે સંશય હતો! એની આ દ્વિધા બતાવે છે કે અર્જુન પૂર્ણ પણે ભોગી વિષયી અને સંસારી જીવ હતો!

ભગવાન શ્રીકૃષ્ણ જાણતાં હતાં કે સમયનું ચક્ર ફરશે અને કળિયુગ આવશે, ત્યારે સમાજમાં ભોગી, વિષયી, અને સંસારી જીવનું પ્રાધાન્ય હશે. એ લોકોને પોતાનું જીવન ધોરણ નક્કી કરવાં માટે ધર્મ પણ મદદ કરી શકશે નહીં! કારણ કે ધર્મ પણ ધંધો બની જશે! અને ધર્મનાં આચળાં હેઠળ જ અધર્મ પનપતો હશે! બાકી રહે એ જીવન સંસારનાં વ્યવહારો અને મારું તારું! કે પછી હું! એવી હઠીલી વૃત્તિમાં અધ્યાત્મ કે વૈરાગ્ય સંભવ નથી! અને આવાં સમયે માનવી પોતે ભગવત્ ગીતા થકી જાગૃત થઈ શકે છે, પોતાનાં ભોગ કે વિષયો પર સંયમ મેળવી શકે છે, અને જીવનને આત્મ ખોજનાં વિજય પથ સુધી દોરી જઈ શકે છે. હવે વાત કરીએ ઉપરનાં શ્લોકની, જેમાં ચાર શબ્દ એવાં છે, જે ખરેખર ચિંતન કરવા પ્રેરે છે.

અનાશ્રિતઃ કર્મફલં*' એટલે કર્મફલનો આશ્રય લીધાં વગર.. સમયનાં આ દોરમાં જે કંઈ 20/30% કર્મ થઈ રહ્યું છે, એ બધું કર્મફલ માટે જ થઈ રહ્યું છે, બાકી તો બધું ખુદનાં ભોગ માટે જ થાય છે, અને ભોગની ભૂખ એવી છે કે, બધું જ સ્વાહા થઈ જાય છે, પણ ભૂખ મટતી નથી. આપણે ત્યાં શાસ્ત્રોમાં દાનની વાત આવી છે, અને લોકો દાન પણ કરે છે! ભલે પ્રતિષ્ઠા અને પ્રસિદ્ધિ માટે પણ દાન થાય છે! એમાં ના પાડી શકાય નહીં! અને જે આવકાર્ય છે, કારણ કે ભારતની આટલી મોટી વસ્તીમાં કેટલાય અનાથ હોય, કેટલાય તરછોડાયેલા હોય! કેટલાંય રોગીષ્ઠ હોય અને આ ઉપરાંત સમાજ કે પરિવાર દ્વારા સતાવેલા હોય! ભારતભરમાં આવી તો કેટલીય એનજીઓ હશે! એટલે દાન ગમે તે રીતે, કે ગમે તે કારણથી થાય, આવકાર્ય છે!

કર્તવ્ય કર્મ** સામાન્ય રીતે આ શબ્દ પરિવાર જનોનાં અંદરોઅંદરનાં કર્તવ્ય માટે છે. એટલે કે જે રીતે માતાપિતા પોતાનાં સંતાનોને ઉછેરે છે, એને ભણાવી લાયક બનાવે છે, અને જીવનનાં સારાં ખરાબ પરિણામ વખતે સાથે ઉભા રહી એને સંભાળે, એ માતાપિતાનું કર્તવ્ય કર્મ છે. આમ પતિ પત્ની, ભાઈ ભાઈ, ભાઈ બહેન, બહેન બહેન, પિતા પુત્ર, પુત્રી, કે પછી માતા પુત્ર કે પુત્રી, અને પુત્રવધૂ! દરેક સંબંધો અને એમનું કર્તવ્ય આપણે ત્યાં નિશ્ચિત કરાયું છે! બાળકનો ઉછેર જેમ માતાપિતાની જવાબદારી છે! એ જ રીતે એ બાળક મોટું થાય ,ત્યારે માતાપિતા એની જવાબદારી બને છે, અને એનું પાલન પોષણ કરવું કે ધ્યાન રાખવું, સેવા કરવી, આ પુત્ર પુત્રવધૂનું કર્તવ્ય કર્મ છે! અને એ પણ કર્મફલની આશા વગર! પેઢી દર પેઢી જનરેશન ગેપ વધતો જ જાય છે, અને આજે સમાજમાં જે રીતે વૃદ્ધાશ્રમમાં ભરતી થાય છે, એ જોતાં એવું લાગે કે આજની પેઢી કર્તવ્ય કર્મ ભૂલતી જાય છે! માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ, આચાર્ય દેવો ભવ, અને અતિથિ દેવો ભવ નાં ચાર સ્તંભ પર ઉભેલી સંસ્કૃતિની આવતીકાલ કેવી હશે! પોતાનાં માતાપિતાને રાખતાં ન્હોય એવાં લોકો પાછા આવાં એનજીઓમાં દાન આપી પ્રતિષ્ઠા મેળવે!

અગ્નિ ત્યાગી** આ શબ્દ સંન્યાસી માટે પ્રયોજવામાં આવે છે, અને જે રાંધેલો આહાર ગ્રહણ નથી કરતા એવાં સંન્યાસી માટે વાપરવામાં આવે છે! ભગવાન કહે છે કે માત્ર આવા લોકો જ સંન્યાસી નથી, પણ જે કર્તવ્ય કર્મ પૂરી નિષ્ઠાથી કરે, છતાં ફળની આશા રાખતાં નથી, એ પણ સંન્યાસી છે. પરંતુ સંન્યાસી માટે પણ ભીતરનાં એવાં કેટલાંય ભાવ છે, જે અગ્નિનું કામ કરે છે! ખાસ કરીને ઈર્ષા અને દ્વેષ એ બે ભાવ, અગ્નિ જેવો દાહ ઉત્પન્ન કરે છે! એટલે રાંધેલો આહાર ત્યાગી શકાય છે, પણ .. આજકાલ તો એ ક્ષેત્રમાં પણ દેખાદેખી અને હુંસાતુંસી છે! સિદ્ધ થવું સહેલું છે પણ શુદ્ધ રહેવું સહેલું નથી! અને એટલે જ સ્થૂળ રુપે અગ્નિ ત્યાગે ,પણ ઈર્ષા નિંદા દ્વેષનાં ભાવ ભીતર ભર્યા હોય એ સંન્યાસી નથી.

સક્રિય ** અહીં આ શબ્દ યોગી માટે પ્રયોજાયો છે, યોગી એને જ કહેવાય જે સંકલ્પ વિકલ્પથી મુક્ત હોય અને તે બીજા એકપણ ક્ષેત્રે પ્રવૃત્ત ન્હોય! ખરા અર્થમાં તો જેને વૃત્તિઓનો વૈરાગ્ય આવ્યો છે, એ જ યોગી છે! અને તે પોતાની સિદ્ધિ કે ઉપલબ્ધિ મેળવવાં માટે પણ ક્રિયાશીલ નથી! માત્ર ને માત્ર ઈશ્વર અનુસંધાન માટે યોગનાં અંગોને અનુસરે છે, અને એમાં જ સક્રિય છે. પણ ત્યાય અત્યારે, મઠ કે આશ્રમનાં મહંત, મહા મંડલેશ્વર અને શંકરાચાર્યનાં પદની ખેંચતાણ છે! પરંતુ એટલે ભગવાન કહે છે કે તું કર્તવ્ય કર્મ કરે જા!

ભોગની ભૂખની આડે માનવી એક બીજું સત્ય ભૂલી ગયો છે, કે માનવી એક સામાજિક પ્રાણી છે, અને એને આહારની જેમ જ હુંફ, લાગણી પ્રેમ એ બધું પણ જોઈએ ! જે રીતે એ સ્વતંત્રતા અને સ્વચ્છંદતા નાં નશામાં એક પછી એક સંબંધો તોડતો જાય છે! એને ખબર નથી કે એનું બહુ મોટું નુક્સાન થઈ રહ્યું છે! અને ખબર પડે ત્યારે બહુ મોડું થઈ જાય છે. એટલે જ ઈશ્વરે આપણી જેવાં સંસારી અને ભોગી જીવ માટે સંન્યાસી કે યોગીની ઉપલબ્ધિ આ રીતે સરળ અને સહજ બનાવી છે. આપણે સૌ આપણાં કર્તવ્ય કર્મને બખૂબી નિભાવી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવાં ચિંતન મનન સાથે, તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

# 'હું જ હાર માટે જવાબદાર, જો મેં રન કર્યા હોત તો...' સતત ત્રીજા પરાજય પર CSK કેપ્ટન દુઃખી

**નવી દિલ્હી, તા.06**

ચેન્નાઈ સુપર કિંગ્સની સતત ત્રીજી હારથી ઋતુરાજ ગાયકવાડ દુઃખી છે. રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુએ તેમને સતત ત્રીજી હારનો સામનો કરવા માટે મજબૂર કર્યા. CSKનો ટોપ ઓર્ડર RCB સામે ખરાબ રીતે નિષ્ફળ રહ્યો. આ હારથી ગાયકવાડ દુઃખી ભરાયા. હારની જવાબદારી લેતા તેણે કહ્યું, 'જો મેં રન બનાવ્યા હોત તો મેચનું પરિણામ અલગ હોત, પરંતુ હું તે ન કરી શક્યો.' ટિમ ડેવિડ (અણનમ 70) અને દેવદત્ત પડિક્કલ (50)ની અડધી સદી બાદ બોલરોના શાનદાર પ્રદર્શનના કારણે RCBએ CSKને 43 રનથી હરાવી દીધું.



હાર બાદ ઋતુરાજ ગાયકવાડે કહ્યું કે, 'સાચું કહું તો હું પણ પ્રદર્શનથી થોડો હેરાન છું. સરફરાઝ ખાન, પ્રશાંત વીર અને જેમી ઓવરટને શાનદાર જુસ્સો દેખાડ્યો. મને લાગે છે કે જો મેં ટોપ ઓર્ડરમાં રન બનાવ્યા હોત, તો અમે લક્ષ્ય હાંસલ કરી શક્યા હોત. તેથી આજની હારની જવાબદારી હું લઉં છું.' ફિલ્ડિંગમાં વિરાટ કોહલીની કેચ છોડવી અને ટિમ ડેવિડની આક્રમક બેટિંગે મેચનું પાસુ પલટી નાખ્યું. અમે 14મી ઓવર સુધી મેચમાં હતા, પરંતુ ત્યારબાદ ભૂલોના કારણે મોમેન્ટમ હાથમાંથી નીકળી ગયો.

કેપ્ટન ઋતુરાજ ગાયકવાડે ટોસ જીતીને RCBને બેટિંગ માટે આમંત્રણ આપ્યું હતું. RCBએ ડેવિડ અને પડિક્કલ ઉપરાંત કેપ્ટન રજત પાટીદારના અણનમ 48 રન અને ફિલ સોલ્ટની 46 રનની ઈનિંગથી ત્રણ વિકેટે 250 રનનો વિશાળ સ્કોર બનાવ્યો. પડિક્કલ (29 બોલ, 5 ચોગ્ગા, 2 છગ્ગા) અને ડેવિડ (25 બોલ, 3 ચોગ્ગા, 8 છગ્ગા)એ ધમાકેદાર હિટિંગનું પ્રદર્શન કરતા CSKના લાચાર બોલરોની ખૂબ ધૂલાઈ થઈ. કેપ્ટન પાટીદારે 19 બોલની ઈનિંગમાં 1 ચોગ્ગો અને 6 છગ્ગા ફટકાર્યા હતા. સોલ્ટે 30 બોલની ઈનિંગમાં 3 ચોગ્ગા અને 2 છગ્ગા ફટકાર્યા હતા.

જવાબમાં CSK ટોપ ઓર્ડરના પતનમાંથી બહાર જ ન નીકળી શક્યું અને સરફરાઝ ખાનના 50 રન છતાં 19.4 ઓવરમાં 207 રનમાં ઓલઆઉટ થઈ ગઈ. તેના માટે સરફરાઝ ઉપરાંત, પ્રશાંત વીરે 43 અને જેમી ઓવરટને 37 રન બનાવ્યા. RCB માટે ભુવનેશ્વર કુમાર સૌથી સફળ બોલર રહ્યો, તેણે ચાર ઓવરમાં 41 રન આપીને ત્રણ વિકેટ ખેરવી. જેકબ ડફી, કૃણાલ પંડ્યા અને અભિનંદન સિંહે બે-બે વિકેટ લીધી. સુયશ શર્માએ એક વિકેટ લીધી.

# વિરાટ કોહલીએ તોડ્યો રોહિત શર્માનો રેકોર્ડ, ભુવનેશ્વર કુમારે પણ રચ્યો ઈતિહાસ

**નવી દિલ્હી, તા.06**

ઈન્ડિયન પ્રીમિયર લીગ 2026માં રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુએ ચેન્નાઈ સુપર કિંગ્સને હરાવીને પોતાની જીતનો સિલસિલો યથાવત રાખ્યો. એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં RCBએ CSK સામે 43 રનથી જીત હાંસલ કરી. IPL 2026માં આ RCBની સતત બીજી જીત છે, જ્યારે CSKએ પોતાની ત્રણેય મેચોમાં હારનો સામનો કરવો પડ્યો છે. RCBએ પહેલા બેટિંગ કરતા 250 રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. ચેન્નાઈની ટીમ 19.4 ઓવરમાં 207 રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. તમને જણાવી દઈએ કે આ મેચમાં ઘણા મોટા રેકોર્ડ બન્યા અને અહીં અમે તમને તેમના વિશે જણાવવા જઈ રહ્યા છીએ.



રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુએ આ મેચમાં 3 વિકેટના નુકસાન પર 250 રન બનાવ્યા હતા. CSK સામે આ IPLના ઈતિહાસમાં સૌથી મોટો સ્કોર છે. આ પહેલા આવું કારનામું ગુજરાત ટાઈટન્સ અને પંજાબ કિંગ્સે કર્યું હતું. બંને ટીમોએ CSK સામે 231-231 રન બનાવ્યા હતા.

રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુના બેટ્સમેનોએ આ મેચમાં કુલ 19 છગ્ગા ફટકાર્યા હતા. આ સાથે જ IPLના ઈતિહાસમાં CSK સામે સૌથી વધુ છગ્ગા ફટકારવાનો રેકોર્ડ બની ગયો. આ પહેલા રાજસ્થાન રોયલ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સે ચેન્નાઈ સુપર કિંગ્સ સામે 17-17 છગ્ગા ફટકાર્યા હતા.


CSK સામે RCBની મેચમાં ભુવનેશ્વર કુમારે IPLમાં 200 વિકેટો પૂર્ણ કરી. ભુવનેશ્વર આ સિદ્ધિ હાંસલ કરનાર પ્રથમ ફાસ્ટ બોલર છે. તેણે 192 મેચોમાં આ સિદ્ધિ હાંસલ કરી. હવે IPLમાં તેનાથી વધુ વિકેટ ફક્ત યુઝવેન્દ્ર ચહલના નામે છે, જેણે અત્યાર સુધીમાં IPLમાં 224 વિકેટો ઝડપી છે.

વિરાટ કોહલી IPLમાં કોઈ એક ટીમ સામે સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન બની ગયો છે. તેણે આ મામલે રોહિત શર્માને પાછળ છોડીને તેનો રેકોર્ડ તોડી નાખ્યો છે. રોહિતે KKR સામે 1161 રન બનાવ્યા છે, જ્યારે વિરાટે CSK સામે 1188 રન બનાવ્યા છે.

# બેંગલુરુની ભવ્ય જીત, ચેન્નાઈને 43 રને હરાવ્યું, નોંધાયા અનેક રેકોર્ડ....

**નવી દિલ્હી, તા.06**

આઈપીએલ 2026ના હાઈ-વોલ્ટેજ મુકાબલામાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB)એ શાનદાર પ્રદર્શન કરતા ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK)ને 43 રને પરાજય આપ્યો છે. દેવદત્ત પડિક્કલ અને ટીમ ડેવિડની તોફાની અડધી સદીઓની મદદથી RCBએ 20 ઓવરમાં 3 વિકેટે 250 રનનો વિશાળ સ્કોર ખડક્યો હતો. જેના જવાબમાં ચેન્નાઈની ટીમ 19.4 ઓવરમાં 207 રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. CSK માટે સરફરાજ ખાને 50 રન ફટકાર્યા હતા.



આ મેચમાં RCBના ફાસ્ટ બોલર ભુવનેશ્વર કુમારે ઈતિહાસ રચી દીધો છે. તેણે IPL કરિયરમાં પોતાની 200 વિકેટ પૂરી કરી લીધી છે. ભુવનેશ્વર IPL ઈતિહાસમાં 200 વિકેટ લેનારો દુનિયાનો પ્રથમ ફાસ્ટ બોલર અને એકંદર બીજો બોલર બન્યો છે. આ યાદીમાં યુઝવેન્દ્ર ચહલ (224 વિકેટ) પ્રથમ સ્થાને છે.

IPLમાં સૌથી વધુ વિકેટ લેનારા ટોચના બોલરો:

- યુઝવેન્દ્ર ચહલ: 224 વિકેટ
- ભુવનેશ્વર કુમાર: 202 વિકેટ
- સુનીલ નરેન: 193 વિકેટ
- પીયૂષ ચાવલા: 192 વિકેટ
- આર. અશ્વિન: 187 વિકેટ

RCBના બેટ્સમેનોએ મેચની છેલ્લી 5 ઓવરમાં આક્રમક બેટિંગ કરતા 97 રન ઝૂડ્યા હતા. IPL ઈતિહાસમાં ડેથ ઓવર્સમાં આ સંયુક્ત રીતે બીજો સૌથી મોટો સ્કોર છે. રજત પાટીદાર અણનમ 48 રન અને ટીમ ડેવિડ અણનમ 70 રન ફટકારી મોટી ભાગીદારી નોંધાવી હતી.

આ મેચમાં RCBની ઈનિંગ દરમિયાન કુલ 19 છક્કા લાગ્યા હતા. આ સાથે જ RCBએ કોઈ એક ટીમ સામે સૌથી વધુ સિક્સર મારવાના મામલે કોલકાતા (17) અને રાજસ્થાન (17) નો રેકોર્ડ તોડી નાખ્યો છે. ટીમ ડેવિડે સૌથી વધુ 8 અને રજત પાટીદારે 6 છક્કા ફટકાર્યા હતા.

# IPL 2026ની ઓરેન્જ-પર્પલ કેપની હરિફાઈ રસપ્રદ બની, વિરાટ-સરફરાઝ પણ પાછળ

**નવી દિલ્હી, તા.06**

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે IPL 2026ની 11મી મેચ બાદ ઓરેન્જ કેપ અને પર્પલ કેપની રેસમાં મોટા ફેરફાર જોવા મળ્યા છે. આ મેચમાં બંને ટીમોએ 457 રન બનાવ્યા અને બીજી તરફ કુલ 13 વિકેટ પણ પડી. વિરાટ કોહલી, સરફરાઝ ખાન, દેવદત્ત પડિક્કલ અને ટિમ ડેવિડ જેવા ખેલાડીઓએ IPL 2026માં સૌથી વધુ રન બનાવનારા બેટ્સમેનોની રેસમાં લાંબી છલાંગ લગાવી. બીજી તરફ પર્પલ કેપની રેસમાં પણ ઘણા બોલરોએ છલાંગ મારી છે. તો ચાલો એક નજર તાજેતરની ઓરેન્જ અને પર્પલ કેપ રેસ પર કરીએ.



RCB vs CSK મેચમાં દેવદત્ત પડિક્કલ, ટિમ ડેવિડ અને સરફરાઝ ખાને અડધી સદી ફટકારી અને વિરાટ કોહલીએ 35 રનની ઈનિંગ રમી. દેવદત્ત પડિક્કલ IPL 2026માં સૌથી વધુ રન બનાવનારા ટોપ-5 બેટ્સમેનોમાં પોતાનું સ્થાન બનાવવામાં સફળ રહ્યો છે. તેણે પ્રથમ મેચમાં પણ અડધી સદી ફટકારી હતી. હવે બે મેચોમાં તેના નામે 111 રન થઈ ગયા છે. તે સમીર રિઝવી, હેનરિક ક્લાસેન અને રોહિત શર્મા બાદ ત્રીજા નંબર પર છે. બીજી તરફ ટોપ-5માં પંજાબ કિંગ્સનો કૂપર કોનોલી પણ છે.

સરફરાઝ ખાન 99 રન સાથે 7મા સ્થાને છે, વિરાટ કોહલી 97 રન સાથે 8મા સ્થાને છે, જ્યારે ટિમ ડેવિડ 86 રન સાથે 14મા સ્થાને પહોંચી ગયો છે.

- સમીર રિઝવી - 160
- હેનરિક ક્લાસેન - 145
- રોહિત શર્મા - 113
- દેવદત્ત પડિક્કલ - 111
- કૂપર કોનોલી - 108

રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુના જેકબ ડફી અને ચેન્નાઈ સુપર કિંગ્સના અંશુલ કંબોજ ટોપ-5માં પોતાનું સ્થાન બનાવવામાં સફળ રહ્યા છે. જોકે, પર્પલ કેપ હજુ પણ રવિ બિશ્નોઈ પાસે છે. આ તમામ ખેલાડીઓના નામે આ સીઝનમાં અત્યાર સુધીમાં 5-5 વિકેટ છે. બીજી તરફ RCBનો ભુવનેશ્વર કુમાર 4 વિકેટ સાથે ટોપ-10માં પોતાનું સ્થાન બનાવવામાં સફળ રહ્યો છે.

- રવિ બિશ્નોઈ - 5
- વિજયકુમાર વૈશક - 5
- જેકબ ડફી - 5
- અંશુલ કંબોજ - 5
- ટી નટરાજન - 4

# કંગનાની ફિલ્મનું નામ ક્વીન ટુ નહિ પરંતુ ફોરેવર ક્વીન હશે




■ **કંગનાની મૂળ ક્વીન ફિલ્મની સ્ટોરી સાથે કોઈ સંબંધ પણ નહિ હોય**

**મુંબઈ, તા.06**

કંગના રણૌતની 'ક્વીન' ફિલ્મનો સર્જક હવે 'ક્વીન ટુ' બનાવી રહ્યો હોવાની ચર્ચા કેટલાય દિવસોથી શરુ થઈ છે. હવે એવો દાવો થઈ રહ્યો છે કે આ ફિલ્મનું ટાઈટલ 'ક્વીન ટુ' નહિ પરંતુ 'ફોરેવર ક્વીન' હશે.

આ ઉપરાંત એવો પણ દાવો થઈ રહ્યો છે કે આ ફિલ્મને મૂળ 'ક્વીન' ફિલ્મની વાર્તા સાથે કોઈ લેવા દેવા નહિ હોય. આ સીકવલ નહિ હોય પરંતુ તદ્દન નવી જ સ્ટોરી હશે. મોટાભાગે આ ફિલ્મમાં કંગનાને બાદ કરતાં કોઈ કલાકારો રીપિટ થવાની સંભાવના પણ નહિવત્ત છે. ઉલ્લેખનીય છે કે મૂળ 'ક્વીન' ફિલ્મમાં કંગના સાથે રાજકુમાર રાવ હતો. કંગનાની છેલ્લાં આઠ-દસ વર્ષમાં કોઈ ફિલ્મ સફળ થઈ નથી. આથી તેણે વિકાસ બહલ સાથે ફરી કોલબરેશન કર્યું હોવાનું કહેવાય છે.

હવે સંસદસભ્ય બની ચૂકેલી કંગના એક એક્ટ્રેસ તરીકે પણ કામ કરવાનું બંધ કરવા ઈચ્છતી નથી. આથી, તે એક સારી ફિલ્મની તલાશમાં છે.

# હવે રણબીર અને વિકી પાસે લવ એન્ડ વૉર માટે ટાઈમ નથી

## અગાઉ સંજય લીલા ભણશાળીએ આ બંને કલાકારોની તારીખો વેડફી નાખી હતી



**મુંબઈ, તા.06**

સંજય લીલા ભણશાળીએ શરુ કરેલી ફિલ્મ 'લવ એન્ડ વોર' ફરી એક વખત અટવાઈ છે. હાલ પૂરતું તેનું શૂટિંગ પાછું ઠેલાઈ ગયું હોવાનું કહેવાય છે.


અગાઉ રણબીર, વિકી કૌશલ તથા આલિયા ભટ્ટે આ ફિલ્મ માટે પોતાની સળંગ તારીખો આપી દીધી હતો. પરંતુ, સંજય લીલા ભણશાળીએ પોતાની સ્ટાઈલ પ્રમાણે શૂટિંગ બેહદ ધીમી ગતિએ આગળ વધાર્યું હતું. તેના કારણે રણબીર તથા વિકી કૌશલે આપેલી તારીખોના અનેક દિવસો વેડફાઈ ગયા હતા.

હવે પરિસ્થિતિ એ છે કે આલિયા ભટ્ટનું કામ પૂર્ણ થઈ ચૂક્યું છે પરંતુ વિકી કૌશલ તથા રણબીરના અનેક સીન્સ બાકી છે. જોકે, હવે રણબીર અને વિકી કૌશલ પાસે સંજય લીલા ભણશાળીને અનુકૂળ તારીખો નથી. રણબીર 'રામાયણ' પાર્ટ ટુના શૂટિંગમાં બીઝી થઈ ગયો છે જ્યારે વિકી કૌશલે પોતાની તારીખો 'મહાવતાર' ફિલ્મ માટે ફાળવી દીધી છે.

જાન્યુઆરી ૨૦૨૪માં એનાઉન્સ થયેલી આ ફિલ્મ મૂળ તો ડિસેમ્બર ૨૦૨૫માં રીલિઝ કરી દેવાનો પ્લાન હતો. તે પછી તેની રીલિઝ ડેટ માર્ચ ૨૦૨૬ પર ઠેલાઈ હતી. પરંતુ, હવે આ ફિલ્મ ૨૦૨૬માં રીલિઝ થઈ શકશે કે કેમ તે અંગે આશંકાઓ સેવાય છે.

# પાપારાઝીઓ દ્વારા અભદ્ર એંગલથી ફોટોગ્રાફીથી જાહ્નવી પણ ભડકી

■ **ફિલ્મમાં ભીની સાડી પહેરીને શૂટિંગ કરું તે મારી મરજી છે પણ આ રીતે વિડીયો લેવાય તે ખોટું**



**મુંબઈ, તા.06**

હવે જાહ્નવી કપૂર પણ પાપારાઝીઓ દ્વારા અભદ્ર એંગલથી ફોટા કે વિડીયો લઈ બાદમાં તેને બહુ ખરાબ રીતે ઝૂમ કરીને સોશિયલ મીડિયા પર પોસ્ટ કરાતા હોવા અંગે વાંધો લીધો છે. જાહ્નવીએ થોડા સમય પહેલાં એક પાપારાઝીને રુબરુ મળીને આ અંગે નારાજગી વ્યક્ત કરી હતી.

જાહ્નવીએ કહ્યું હતું કે ફિલ્મોમાં અમે સ્ટોરીની ડિમાન્ડ પ્રમાણે ભીની સાડી પહેરીને ઉત્તેજક હાવભાવ આપીએ તેમાં અમારી મરજી હોય છે. પરંતુ, અમારી જાણ બહાર અમારા ફોટા ખરાબ એન્ગલથી લઈને દેહના ચોક્કસ ભાગ ઝૂમ કરીને સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવામાં આવે તેમાં અમારી કોઈ મરજી હોતી નથી. આ બહુ ખોટું છે. ઉલ્લેખનીય છે કે અગાઉ નોરા ફતેહી, ઋકમણી વસંતી, સપ્તમી ગૌડા સહિતની કેટલીય હિરોઈનો પાપારાઝી કલ્ચરનો વિરોધ કરી ચૂકી છે. કેટલાક મહિના પહેલાં ધર્મેન્દ્રની બીમારી અને બાદમાં તેના નિધન વખતે પણ પાપારાઝીઓ દ્વારા ફોટોગ્રાફી સામે સની દેઓલ ભારે નારાજ થયો હતો.

# અક્ષય-વિદ્યાની નવી ફિલ્મનું ટાઈટલ રામ ઔર શ્યામ નક્કી થયું

## શૂટિંગનો એક તબક્કો પૂરો, હવે મુંબઈ નજીક કર્જતમાં શૂટિંગ આગળ વધશે

**મુંબઈ, તા.06**

અક્ષય કુમાર અને વિદ્યા બાલન વર્ષો પછી એક ફિલ્મમાં સાથે આવી રહ્યાં છે. આ ફિલ્મનું ટાઈટલ 'રામ ઔર શ્યામ' નક્કી થયું હોવાનું કહેવાય છે. આ ફિલ્મ અનીસ બઝમી ડિરેક્ટ કરી રહ્યો છે. જોકે, આ ફિલ્મને દિલીપ કુમારની આ જ નામની ક્લાસિક ફિલ્મની વાર્તા સાથે કોઈ લેવાદેવા નહીં હોય.

અક્ષય કુમાર અને અનીસ બઝમી પણ લાંબા સમય પછી કોલબરેટ કરી રહ્યા છે. ફિલ્મમાં બીજી હિરોઈન તરીકે રાશિ ખન્ના છે જ્યારે વિજય રાઝ પણ મહત્વની ભૂમિકામાં હશે. અક્ષય કુમાર અને વિદ્યા બાલન આ અગાઉ 'મિશન મંગલ', હે બેબી' તથા 'ભૂલભૂલૈયા' જેવી ફિલ્મોમાં સાથે કામ કરી ચૂક્યાં છે. ફિલ્મનું શૂટિંગ ગત જાન્યુઆરીમાં મુંબઈમાં શરુ થયું હતું. હવે વધારે શૂટિંગ મુંબઈ નજીકના કર્જતમાં થવાનું છે.



# 'ભૂત બંગલા'ના ટ્રેલરમાં 'ભૂલ ભુલૈયા': પ્રિયદર્શનની નવી હોરર-કોમેડી ફિલ્મમાં જૂના જોક્સની ભરમાર, અક્ષય કુમાર-પરેશ રાવલ સહિતની સ્ટારકાસ્ટ પણ રિપીટ

**મુંબઈ, તા.06**

અક્ષય કુમારની બહુપ્રતિક્ષિત ફિલ્મ 'ભૂત બંગલા'નું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. પ્રિયદર્શનના ડિરેક્શનમાં બનેલી આ ફિલ્મનું ટ્રેલર દર્શકોને 'ભૂલ ભુલૈયા'ની યાદ અપાવે છે. આમાં અક્ષય કુમાર સાથે તેમની જૂની કોમેડી ટીમ, એટલે કે પરેશ રાવલ અને રાજપાલ યાદવ પણ જોવા મળી રહ્યા છે. ફિલ્મમાં હોરર અને કોમેડીનું એવું જ સંતુલન જોવા મળી રહ્યું છે, જેના માટે અક્ષય અને પ્રિયદર્શનની જોડી જાણીતી છે. ટ્રેલર જોઈને લાગે છે કે મેકર્સે તેને




કોઈ પણ જાતના ભપકા વગર ખૂબ જ સરળ અને મનોરંજક રાખ્યું છે.

ફિલ્મનું ટ્રેલર તે વિન્ટેજ સ્પેસમાં લઈ જાય છે, જેમાં અક્ષય અને પ્રિયદર્શન વર્ષોથી કામ કરતા આવ્યા છે. ટ્રેલરની લય ખૂબ જ ઝડપી અને મનોરંજક છે. તેમાં કોમેડી સાથે સ્પુકી (ડરામણા) એલિમેન્ટ્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે, પરંતુ કંઈપણ ઓવરડન કે બળજબરીપૂર્વકનું લાગતું નથી.

ફિલ્મનું રાઈટિંગ ખૂબ જ સહજ લાગી રહ્યું છે. ટ્રેલરના અંત સુધીમાં દર્શકોની ફિલ્મ પ્રત્યેની જિજ્ઞાસા ઘણી વધી જાય છે. ફિલ્મની સૌથી મોટી તાકાત તેની કાસ્ટિંગ છે. અક્ષય કુમાર ફરી એકવાર એ જ જોનરમાં પાછો ફર્યો છે, જે તેને સૌથી વધુ અનુકૂળ આવે છે. તેની સાથે પરેશ રાવલ અને રાજપાલ યાદવની ટાઈમિંગ હંમેશની જેમ દેખાઈ રહી છે. સાથે જ અસરાનીએ પણ પોતાની જાણીતી શૈલીમાં કોમેડીનો તડકો લગાવ્યો છે. આ દિગ્ગજો ઉપરાંત ફિલ્મમાં વામિકા ગબ્બી, તબ્બુ, જિશુ સેનગુપ્તા અને મિથિલા પાલકર જેવા કલાકારો પણ મહત્વની ભૂમિકાઓમાં છે.

ટીઝરમાં જ્યાં માત્ર ફિલ્મના ટોનની ઝલક મળી હતી, ત્યાં ટ્રેલર વાર્તાની દુનિયાથી પણ પરિચિત કરાવે છે. તે આખી વાર્તા કહ્યા વિના દર્શકોને ફિલ્મના માહોલ સાથે જોડી દે છે. મેકર્સે કોઈ ટ્રેન્ડને ફોલો કરવાને બદલે તે ક્લાસિક કોમેડી સ્ટાઈલ પર ભરોસો કર્યો છે, જેમાં કન્ફ્યુઝન અને કેરેક્ટર-ડ્રિવન મોમેન્ટ્સ હોય છે.

# સેન્સેક્સ 787 પોઈન્ટ વધીને 74,106 પર બંધ: નિફ્ટીમાં 255 પોઈન્ટનો ઉછાળો, બેંકિંગ શેરોમાં સૌથી વધુ ખરીદી રહી.....

**મુંબઈ, તા.06**

સપ્તાહના પહેલા ટ્રેડિંગ દિવસે, 6 એપ્રિલ, સોમવારે શેરબજારમાં તેજી જોવા મળી હતી. સેન્સેક્સ 787 પોઈન્ટ વધીને 74,106 પર બંધ થયો હતો. નિફ્ટી પણ 255 પોઈન્ટ વધીને 22,950 પર પહોંચ્યો હતો. આજે બેંકિંગ અને રિયલ્ટી શેરોમાં ખરીદી જોવા મળી હતી.

ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રિયલ એવરેજ 224 પોઈન્ટ (0.13%) ઘટીને 46,504 પર બંધ થયો. ટેક-આધારિત નેસ્ડેક કમ્પોઝિટ ઈન્ડેક્સ 0.18% વધીને 21,879 પર બંધ થયો. S&P 500 ઈન્ડેક્સ 46 પોઈન્ટ (0.11%) વધીને 6,582 પર બંધ થયો. ક્રૂડ ઓઈલનો ભાવ 0.48% વધીને $109 પ્રતિ બેરલ થયો.

ક્રૂડ ઓઈલના ભાવ લગભગ અડધા ટકા વધીને $109 પ્રતિ બેરલ પર પહોંચી ગયા. 28 ફેબ્રુઆરીએ ઈરાન યુદ્ધ શરૂ થયું તે પહેલાં, ક્રૂડ ઓઈલના ભાવ લગભગ $70 પ્રતિ બેરલ હતા.




રોકાણકારો RBIના વ્યાજ દરો અને ફુગાવાના અંદાજ પરના નાણાકીય નીતિના નિર્ણયો પર નજીકથી નજર રાખશે. નવા નાણાકીય વર્ષની પહેલી બેઠક આજથી શરૂ થઈ રહી છે. ગવર્નર 8 એપ્રિલે બેઠકના નિર્ણયોની વિગતો આપશે. આ વખતે વ્યાજ દરોમાં ફેરફાર થવાની શક્યતા ઓછી છે.

સપોર્ટ એ સ્તર છે જ્યાં કોઈ શેર અથવા ઈન્ડેક્સને ઘટતા અટકાવી શકાય છે. અહીં ખરીદીમાં વધારો ભાવને સરળતાથી ઘટતા અટકાવે છે. આ ખરીદીની તક હોઈ શકે છે.

રેઝિસ્ટન્સ એ સ્તર છે જ્યાં કોઈ સ્ટોક અથવા ઈન્ડેક્સ ઉપર જવામાં અવરોધ આવે છે. આ વેચાણમાં વધારો થવાને કારણે થાય છે. એકવાર રેઝિસ્ટન્સ પાર કરવામાં આવે, પછી તેજીની અપેક્ષા રહે છે.

નિફ્ટી 50: રેલીગેર બ્રોકિંગના અજીત મિશ્રાનું માનવું છે કે નિફ્ટી ધીમે ધીમે તેના ક્રિટિકલ સપોર્ટ લેવલ તરફ આગળ વધી રહ્યો છે. લોંગ-ટર્મ વીકલી મૂવિંગ એવરેજ (200 WEMA) મુજબ 21,930 અને ત્યારબાદ 21,750 (જે એપ્રિલ 2025 નું નીચલું સ્તર હતું) મહત્વના સપોર્ટ છે.

મિશ્રાએ કહ્યું કે વર્તમાન સ્તરો પર અનિશ્ચિતતા દેખાઈ રહી છે. ઉપરની તરફ 23,000-23,200 ના ઝોનમાં રેઝિસ્ટન્સ છે અને 23,500 એક મોટો અવરોધ છે. જો નિફ્ટી આ લેવલને પાર કરી લે છે, તો બજારનો ટ્રેન્ડ સકારાત્મક થઈ શકે છે અને તે 24,000 તરફ આગળ વધી શકે છે.

સેન્સેક્સ: એનરિચ મનીના સીઈઓ પોનમુડી આર.ના મતે સેન્સેક્સ 73,300ની આસપાસ સ્થિર થવાનો પ્રયાસ કરી રહ્યો છે, પરંતુ તેનું એકંદર માળખું હજુ પણ નબળું છે.

ઉપરની તરફ 73,800-74,000ના સ્તરે તાત્કાલિક રેઝિસ્ટન્સ છે. જ્યારે જો સેન્સેક્સ 72,000ની નીચે સરકશે તો તે 71,500-71,000ના સ્તર સુધી જઈ શકે છે.

પોનમુડી આર.ના મતે, આ અઠવાડિયે શેરબજારમાં ઉતાર-ચઢાવ ચાલુ રહેવાની શક્યતા છે. બજારની ચાલ ફંડામેન્ટલ્સને બદલે ગ્લોબલ ફેક્ટર્સથી વધુ પ્રભાવિત થશે. રોકાણકારોનો સેન્ટિમેન્ટ મોટાભાગે મિડલ ઈસ્ટની પરિસ્થિતિઓ, કરન્સી અને વિદેશી રોકાણકારો પર નિર્ભર રહેશે.

રેલીગેર બ્રોકિંગના રિસર્ચ એસવીપી અજીત મિશ્રાનું માનવું છે કે વર્તમાન અનિશ્ચિતતામાં રોકાણકારોએ સાવચેતીપૂર્વક ચાલવું જોઈએ. મિશ્રાનો અભિપ્રાય છે કે પોર્ટફોલિયોમાં એવા મજબૂત લાર્જ-કેપ શેરોને સ્થાન આપવું જોઈએ, જેમની કમાણીની સ્થિતિ અને બેલેન્સ શીટ સારી હોય.

શુક્રવારે ગુડ ફ્રાઈડેના કારણે બજાર બંધ હતું. આ પહેલા ગુરુવારે સેન્સેક્સ દિવસના નીચલા સ્તરથી 1,773 અંક વધીને બંધ થયો. સવારે તે ભારે દબાણ સાથે ખુલ્યો અને ઘટીને 71,545ના સ્તર સુધી આવી ગયો હતો. બાદમાં તે 185 અંક વધીને 73,320 પર બંધ થયો.

જ્યારે નિફ્ટીમાં પણ 22,182નો નીચલો સ્તર બનાવ્યા બાદ 531 પોઈન્ટની રિકવરી જોવા મળી. તે 34 અંક (0.15%) વધીને 22,713ના સ્તરે બંધ થયો. નિફ્ટીના આઈટી અને રિયલ્ટી ઈન્ડેક્સ સૌથી વધુ વધ્યા. તેમાં 2.62% અને 1.18% નો ઉછાળો જોવા મળ્યો.

# નાના ઉદ્યોગો દ્વારા લોનની માંગમાં વધારો

## વર્કિંગ કેપિટલની જરૂરિયાતને પહોંચી વળવા ઉદ્યોગોની બેન્કો તરફ નજર

**મુંબઈ, તા.06**

યુદ્ધને કારણે ઊભી થયેલી લિક્વિડિટીની ખેંચને પરિણામે દેશના માઈક્રો, સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઈઝિસ (એમએસએમઈ) દ્વારા વર્કિંગ કેપિટલ માટે લોનની માગમાં વધારો થયાનું બેન્કરો જોઈ રહ્યા છે.

યુદ્ધને એક મહિના કરતા પણ વધુ સમય પસાર થઈ ગયો છે અને નાના ઉદ્યોગોને વેચાયેલા માલ પેટે પેમેન્ટસ ઢીલમાં પડતા તેમણે ચૂકવવાના રહેતા નિશ્ચિત ડયૂસ તથા ખર્ચની જવાબદારી અદા કરવા લોન લેવાની ફરજ પડી રહી છે.

હાલમાં ચાલી રહેલા યુદ્ધને પરિણામે આ ક્ષેત્ર પર સૌથી ગંભીર અસર જોવા મળી રહી છે. માર્ચ ત્રિમાસિકમાં ભંડોળની અછત ખાસ જોવા મળી નહોતી પરંતુ હવે યુદ્ધ લંબાઈ ગયું છે અને નજીકના ભવિષ્યમાં તે શાંત પડવાના ચિહ્નો નજરે પડતા નથી ત્યારે વર્તમાન ત્રિમાસિક ગાળામાં એમએસએમઈ તરફથી વર્કિંગ કેપિટલ માટે લોનની માગ વધવાની શકયતા નકારાતી નથી એમ એક બેન્કરે જણાવ્યું હતું.

આ અગાઉ અમેરિકાના ઊંચા ટેરિફનો પણ નાના ઉદ્યોગોને મોટો માર પડયો છે ત્યારે યુદ્ધથી તેમની



સ્થિતિ વધુ કફોડી બની ગઈ હોવાનું જોવા મળી રહ્યું છે.

દેશના અનેક નાના મોટા ઉદ્યોગો જેમ કે સિરામિક ટાઈલ્સ, ગ્લાસ ઉદ્યોગ, ચોખાના નિકાસકારો સહિતના ક્ષેત્રો જે પશ્ચિમ એશિયામાં વેપાર હાજરી ધરાવે છે તેમને મોટી અસર પડી છે.

કાચા માલના ભાવમાં વધારાને કારણે પણ નાના ઉદ્યોગોના માર્જિન પર અસર પડી છે. નાના ઉદ્યોગો પર યુદ્ધની અસરને ધ્યાનમાં રાખી સરકારે તેમને લોન પર મોરેટોરિઅમ જાહેર કરવા બાબતે વિચારવું રહ્યું એમ અન્ય એક બેન્કરે ભારપૂર્વક જણાવ્યું હતું.

હાલના સંજોગોને જોતા બેન્કરો પણ નાના ઉદ્યોગોને જલદીથી લોન છૂટી કરતા ખચકાઈ રહ્યા છે. બેંકરોના મતે, કાચા માલ, નૂર અને શિપિંગ જેવા વધતા ઈનપુટ ખર્ચ એક પડકાર બની શકે છે. ડીઝલના ભાવમાં વધારો થવાથી સ્થાનિક પરિવહન ખર્ચમાં વધારો થઈ શકે છે. પેકેજિંગ સામગ્રીના ખર્ચમાં પહેલાથી જ વધારો થઈ ગયો છે, અને પ્લાસ્ટિક અને રસાયણો જેવા ક્રૂડ ઓઈલ-સઘન ઉદ્યોગોમાં ખર્ચનું દબાણ સ્પષ્ટપણે દેખાય છે. આના પરિણામે કાર્યકારી મૂડીની જરૂરિયાતોમાં વધારો થઈ શકે છે.

# સોનું ₹1,283 વધીને ₹1.48 લાખ પર પહોંચ્યું: આ વર્ષે કિંમતમાં ₹15 હજારનો વધારો, ચાંદી ₹3,215 મોંઘી થઈને ₹2.31 લાખ/કિલો થઈ

**નવી દિલ્હી, તા.06**

સોના-ચાંદીના ભાવમાં આજે 6 એપ્રિલે તેજી જોવા મળી છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનું 1,283 રૂપિયા વધીને 1.48 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. આ પહેલા 3 એપ્રિલે તેની કિંમત 1.47 લાખ રૂપિયા પ્રતિ 10 ગ્રામ હતી.

જ્યારે, એક કિલો ચાંદી 3,215 રૂપિયા વધીને 2.31 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. આ પહેલા શુક્રવારે તેની કિંમત 2.28 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી.

ટ્રાન્સપોર્ટેશન અને સુરક્ષા: એક શહેરથી બીજા શહેરમાં સોનું લઈ જવામાં ઈંધણ અને સુરક્ષા ખર્ચ ઉમેરાય છે, જેનાથી અંતર વધવા પર ભાવ વધે છે.

ખરીદીનો જથ્થો: દક્ષિણ ભારતમાં વધુ વપરાશ (લગભગ 40%) ને કારણે જ્વેલર્સ મોટી ખરીદી કરે છે, પરંતુ છૂટનો લાભ મર્યાદિત રહે છે.

સ્થાનિક જ્વેલરી એસોસિએશન: રાજ્ય અને શહેરના જ્વેલરી એસોસિએશન સ્થાનિક માંગ-પુરવઠાના આધારે ભાવ નક્કી કરે છે.

જૂનો સ્ટોક અને ખરીદ કિંમત: જ્વેલર્સનો ખરીદીનો ભાવ નક્કી કરે છે કે તેઓ ગ્રાહકોને કેટલી કિંમતમાં વેચશે.

આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. સોનું 2026માં



અત્યાર સુધીમાં 14,696 રૂપિયા અને ચાંદી 608 રૂપિયા મોંઘી થઈ છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું 1.33 લાખ રૂપિયા પર હતું, જે હવે 1.48 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. જ્યારે ચાંદી 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે 2.31 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે.

આ દરમિયાન 29 જાન્યુઆરીએ સોનાએ 1.76 લાખ રૂપિયા અને ચાંદીએ 3.86 લાખ રૂપિયાનો ઓલટાઈમ હાઈ પણ બનાવ્યો હતો. પરંતુ, 28 ફેબ્રુઆરીએ અમેરિકા અને ઈઝરાયલનું ઈરાન સાથે યુદ્ધ શરૂ થયા બાદ સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. ત્યારથી 38 દિવસમાં સોનું 11,206 રૂપિયા અને ચાંદી 35,672 રૂપિયા ઘટી છે.

સરકારે સોના-ચાંદી અને પ્લેટિનમના ઘરેણાંને 'ફ્રી' કેટેગરીમાંથી હટાવીને 'પ્રતિબંધિત' કેટેગરીમાં મૂકી દીધા છે. તેની સીધી અસર બજારની સપ્લાય પર દેખાઈ રહી છે, જેના કારણે આજે સોના-ચાંદીના ભાવમાં વધારો થયો છે.

વિદેશ વ્યાપાર મહાનિર્દેશાલય (DGFT) દ્વારા જારી કરાયેલા નોટિફિકેશન મુજબ, હવે આ કિંમતી ધાતુઓમાંથી બનેલી જ્વેલરી કોઈપણ દેશમાંથી ઘરેણાં મંગાવવા માટે સરકાર પાસેથી વિશેષ લાઈસન્સ અથવા પરવાનગી લેવી પડશે. સરકારે આ પગલું ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (FTA) ના દુરુપયોગને રોકવા માટે ભર્યું છે.

સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક લગાવેલું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદીના દિવસે તેની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) પરથી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટ પ્રમાણે અલગ-અલગ હોય છે.

મેગ્નેટ ટેસ્ટ: અસલી ચાંદી ચુંબક સાથે ચોંટતી નથી. જો ચોંટી જાય તો નકલી છે. આઈસ ટેસ્ટ: ચાંદી પર બરફ રાખો. અસલી ચાંદી પર બરફ ઝડપથી પીગળે છે. સ્મેલ ટેસ્ટ: અસલી ચાંદીમાં ગંધ હોતી નથી. નકલીમાં કોપર જેવી ગંધ આવે છે. ક્લોથ ટેસ્ટ: ચાંદીને સફેદ કપડાથી ઘસો. જો કાળું નિશાન થાય તો અસલી છે.

ભારતીય પરિવારો પાસે રહેલા કુલ સોનાની કિંમત 5 ટ્રિલિયન ડોલર (450 લાખ કરોડ) ને પાર થઈ ગઈ ગઈ છે. આ આંકડો દેશની કુલ 4.1 ટ્રિલિયન ડોલર એટલે કે, 370 લાખ કરોડ રૂપિયાની GDP કરતાં પણ વધારે છે. સોનાની કિંમતો રેકોર્ડ ઊંચાઈ પર પહોંચવાને કારણે આવું થયું છે. મોર્ગન સ્ટેનલીના એક રિપોર્ટ અનુસાર ભારતીય ઘરોમાં લગભગ 34,600 ટન સોનું જમા છે.

# મિડલ ઈસ્ટના યુદ્ધની ઈફેક્ટ : રબર પાર્ટ્સ બનાવતા એકમોનું પ્રોડક્શન 50% સુધી ઘટી ગયું

**મુંબઈ, તા.06**

ઈઝરાયલ-અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધથી વિશ્વના ઘણાં દેશોને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવાની નોબત આવી છે. ત્યારે પેટ્રોલિયમની બાય પ્રોડક્ટ સિન્થેટીક રબર મટીરિયલ્સની અસર વર્તાઈ રહી હોવાથી રબર પાર્ટ્સ બનાવતા અમદાવાદ સહિત ગુજરાતના એકમોનું પ્રોડક્શન 50 ટકા થવાથી હાલ આઈસીયુમાં ધકેલાઈ ગયાની સ્થિતિ સર્જાઈ છે. રબર પાર્ટ્સનું પ્રોડક્શન કરતા વેપારીઓએ કહ્યું કે, 'યુદ્ધની અસરને લીધે રો-મટીરિયલ્સના ભાવમાં 50 ટકાનો વધારો થવાથી કામ કરવું અઘરું બન્યું છે. ભાવ વધારાને લીધે નવા ઓર્ડરને લઈને ઈન્ક્વાયરી આવી રહી નથી.' ગુજરાતમાં એક મહિનાનું 400 કરોડ રૂપિયાથી વધુનું પ્રોડક્શન થતું હતું પણ હવે તે 200 કરોડ રૂપિયાથી પણ ઓછું થયું છે. વેપારીઓને કોરોના પછી બીજીવાર અસહ્ય મુશ્કેલીનો સામનો કરવાની સ્થિતિ સર્જાઈ છે.

કોમર્શિયલ ગેસ તથા કારીગરોની અછત સર્જાઈ છે. રો-મટીરિયલ્સના ભાવમાં થયેલા અસહ્ય વધારાને ઘટતા છ મહિનાથી વધુનો સમય લાગશે. ભાવ વધવાથી છેલ્લા પંદર દિવસથી નવા ઓર્ડર માટે કોટેશન આપી શકાતું નથી.



સિન્થેટીક રો-મટીરિયલ રશિયા, ચાઈના અને કોરિયાથી આવતું હતું. પરંતુ હવે આયાત ઘટી રબર પાર્ટ્સ બનાવવા માટે ઓઈલ, રબર મિનરલ્સ સહિત સિન્થેટીક રો-મટીરિયલ્સ રશિયા, ચાઈના અને કોરિયાથી આવતું હતું. હવે રો-મટીરિયલ્સ ન મળતું હોવાથી રબર પાર્ટ્સનું પ્રોડક્શન 50 ટકા જેટલું થયું છે. રો-મટીરિયલ્સના ભાવ વધવાથી હવે વેપારીઓ રોકડા પૈસાનો આગ્રહ રાખે છે.

અમદાવાદમાં 600 એકમો સહિત અન્ય 400 એકમો સાથે ગુજરાતમાં નાના-મોટા એકમો દ્વારા પાર્ટ્સનું પ્રોડક્શન કરવામાં આવે છે. આ ઉદ્યોગથી અંદાજિત 10 હજારથી વધારે લોકો રોજગારી મેળવી રહ્યા છે. યુદ્ધને લીધે દરેક પ્રકારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ગેસની અછતને લીધે પરપ્રાંતીય લોકો પોતાના વતનમાં પાછા ફરી રહ્યા છે.

પ્રોડક્શન માટે જરૂરી કોમર્શિયલ એલપીજી સહિતના વિવિધ ગેસનો સપ્લાય હાલ ૫૦ ટકા ઘટી ગયો છે. વેપારીઓએ ૩૦ વર્ષમાં જેટલું કમાયા છે તેના કરતા વધારે ખોવાનો વારો આવ્યો છે.

રબર પ્રોડક્શનમાં સિન્થેટીક, નાઈટ્રાઈલ, નિયોપ્રીન, સિલિકોન, વ્હાઈટોન, ઓઈલ, રબર કેમિકલ અને રબર મિનરલ્સ રો-મટીરિયલ્સ તરીકે ઉપયોગ થાય છે. તેમાંથી બોરિંગ, ગાસ્કેટ, બુશ, રબર રોલર, પ્રેશર કૂકરની રિંગ, ડાયાફ્રામ, ઓટોમોબાઈલના વિવિધ પાર્ટ્સ, ડિફેન્સ, રેલવે, પાર્ટ્સ, ડેરી, ફાર્મા, ટેક્સટાઈલ મશીનરી તેમજ એન્જિનિયરિંગ ઈન્ડસ્ટ્રી સહિત પાંચ હજારથી વધારે રોજિંદા જીવનમાં ઉપયોગી પ્રોડક્ટ તૈયાર થાય છે.

સિન્થેટીક રબર મટીરિયલ્સના કિલોના ભાવ ડબલ થયા છે. રબર એસોસિયેશન ગુજરાતના પ્રેસિડેન્ટ પિયુષ શાહનું કહેવું છે કે,'પહેલાં સિન્થેટીક રબર મટીરિયલ્સનો કિલોનો ભાવ 210 રૂપિયા હતો જે યુદ્ધને લીધે હાલ 400 રૂપિયા થયો છે. ભાવ વધવાને લીધે પ્રોડક્શન પણ ઘટી રહ્યું છે.'

યશોધર કહાતે જણાવ્યું કે, 'સિન્થેટીક રબર મટીરિયલ પેટ્રોલિયમની બાય પ્રોડક્ટ છે. યુદ્ધને લીધે રો-મટીરિયલ્સમાં દરરોજ ભાવ વધી રહ્યા છે જેથી નવી ઈન્ક્વાયરી આવતી નથી.'

સ્નેહલ શાહે જણાવ્યું કે, 'ભાવ વધવાથી પ્રોડક્શન એકમો ચલાવવા અઘરા બન્યા છે. રો-મટીરિયલ્સની અછત સર્જાઈ હોવાથી 50 ટકા સુધી ભાવ વધ્યા છે. યુદ્ધ હજુ લાંબુ ચાલશે તો રબર પ્રોડક્શનના એકમો ચલાવવા અઘરા બની રહેશે.'

સ્મિત કોઠારીએ જણાવ્યું કે, 'યુદ્ધને લીધે કોમર્શિયલ ગેસની અછત થતા લેબર પર તેની અસર પડી રહી છે. આટલા વર્ષોમાં પહેલીવાર આટલી ગંભીર સ્થિતિ સર્જાઈ છે.'

# એડ્રેસ પ્રૂફ વગર 5 કિલોનો ગેસ સિલિન્ડર મળશે: આધાર કાર્ડ બતાવીને સિલિન્ડર ખરીદી શકાશે, વિદ્યાર્થીઓ અને પ્રવાસી મજૂરોને રાહત

**નવી દિલ્હી, તા.06**

મિડલ ઈસ્ટમાં વધતા તણાવ અને સપ્લાય ચેઈનની મુશ્કેલીઓ વચ્ચે કેન્દ્ર સરકારે 5 કિલોગ્રામના LPG સિલિન્ડરના વેચાણના નિયમોને સરળ બનાવ્યા છે. હવે કોઈપણ વ્યક્તિ કોઈપણ એડ્રેસ પ્રૂફ વિના નાનો ગેસ સિલિન્ડર ખરીદી શકશે. પેટ્રોલિયમ મંત્રાલય અનુસાર, આ પગલું પ્રવાસી મજૂરો અને એવા લોકો માટે લેવામાં આવ્યું છે, જેમની પાસે શહેરમાં કોઈ કાયમી સરનામું નથી. હવે ગ્રાહકોએ ઓથોરાઈઝ્ડ ડિસ્ટ્રીબ્યુટર પાસે જઈને ફક્ત પોતાની કોઈપણ એક ફોટો-ID બતાવવી પડશે અને તેઓ તરત જ સિલિન્ડર લઈ શકશે. મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે 5 કિલોગ્રામના ફ્રી ટ્રેડ એલપીજી (FTL) સિલિન્ડર માટે હવે ઘણા બધા ડોક્યુમેન્ટ્સની જરૂર નથી. ગ્રાહકો આધાર કાર્ડ, પાન કાર્ડ અને વોટર આઈડી જેવા ડોક્યુમેન્ટ્સ બતાવીને સિલિન્ડર લઈ શકે છે.

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવને કારણે એનર્જી લોજિસ્ટિક્સ પર અસર પડી છે. તેને ધ્યાનમાં રાખીને સરકારે નાના સિલિન્ડરોની ઉપલબ્ધતા વધારવાનો પણ નિર્ણય કર્યો છે. સરકારી આંકડાઓ અનુસાર, 23 માર્ચથી અત્યાર



સુધીમાં લગભગ 6.6 લાખ નાના સિલિન્ડર વેચાઈ ચૂક્યા છે. 4 એપ્રિલે જ 90,000 યુનિટ્સનું વેચાણ થયું. અધિકારીઓનું કહેવું છે કે ડિસ્ટ્રિબ્યુશન પોઈન્ટ્સ પર સ્ટોકની કોઈ કમી નથી.

કામકાજ માટે અન્ય શહેરોમાં રહેતા લોકોની મદદ કરવા માટે સરકારે HPCL ના પસંદગીના આઉટલેટ્સ પર 11 વિશેષ હેલ્પ ડેસ્ક બનાવ્યા છે. આ ડેસ્ક ગ્રાહકોને નજીકના ડિસ્ટ્રીબ્યુટરની માહિતી આપશે અને તેમને કોઈપણ મુશ્કેલી વિના સિલિન્ડર મેળવવામાં મદદ કરશે. ઘરેલું ગેસની માગ પણ રેકોર્ડ સ્તરે છે; એક જ દિવસમાં 51 લાખથી વધુ ડોમેસ્ટિક સિલિન્ડરોની ડિલિવરી કરવામાં આવી છે. ખાસ વાત એ છે કે કુલ માંગનો 95% હિસ્સો હવે ઓનલાઈન બુકિંગ દ્વારા આવી રહ્યો છે.

માર્ચથી અત્યાર સુધી સંગ્રહખોરી વિરોધી અભિયાન હેઠળ 50,000થી વધુ સિલિન્ડર જપ્ત કરવામાં આવ્યા છે. નિયમોના ઉલ્લંઘન બદલ 1,400થી વધુ ડિસ્ટ્રીબ્યુટર્સને કારણદર્શક નોટિસ જાહેર કરવામાં આવી છે. 36 ગેસ ડીલરશીપને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવી છે. અધિકારીઓએ સ્પષ્ટ કહ્યું છે કે ઘરેલું સપ્લાયમાં અવરોધ ઉભો કરનારાઓ સામે કડક કાર્યવાહી ચાલુ રહેશે.

રસોઈ ગેસની કટોકટી ટાળવા માટે સરકારે પ્રાથમિકતાઓ નક્કી કરી છે. ઘરેલું ગ્રાહકો, હોસ્પિટલો અને શાળાઓ જેવી આવશ્યક સંસ્થાઓને સંપૂર્ણ સપ્લાય આપવામાં આવી રહી છે.

આ માટે કોમર્શિયલ એલપીજીનો પુરવઠો ઘટાડીને કટોકટી પહેલાના સ્તરના 70% કરી દેવામાં આવ્યો છે. જ્યારે, ખાતર પ્લાન્ટ્સ માટે રાહતના સમાચાર છે; 6 એપ્રિલથી તેમને 90% ગેસ સપ્લાય મળવાનું શરૂ થઈ જશે.

હંમેશા અધિકૃત ગેસ એજન્સી પાસેથી જ સિલિન્ડર લો. એડ્રેસ પ્રૂફ વગરનો આ સિલિન્ડર 'ફ્રી ટ્રેડ માર્કેટ'નો ભાગ છે, તેથી તેની કિંમત સામાન્ય ઘરેલું સિલિન્ડર કરતાં અલગ હોઈ શકે છે. સિલિન્ડર લેતી વખતે તેની એક્સપાયરી ડેટ ચોક્કસ તપાસો.

# ઈરાનની ગ્લોબલ સપ્લાય રોકવાની ધમકી, ક્રૂડ ઓઈલ $110ને પાર: ભારતના આયાત બિલ પર ₹16,000 કરોડનો બોજ વધશે, મોંઘવારી વધી શકે છે....

**નવી દિલ્હી, તા.06**

અમેરિકા અને ઈરાન વચ્ચે શાબ્દિક યુદ્ધ વધવાને કારણે ક્રૂડ ઓઈલના ભાવ આજે ફરીથી 110 ડોલર પ્રતિ બેરલને પાર કરી ગયા છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઈરાનને નર્ક બનાવવાની ધમકી આપ્યા બાદ ઈરાને વૈશ્વિક સપ્લાય રોકવાની વાત કરી છે.

આના કારણે આજે એક બેરલ બ્રેન્ટ ક્રૂડની કિંમત $1.71 વધીને $110.74 પર પહોંચી ગઈ છે. માર્કેટ એક્સપર્ટ્સનું કહેવું છે કે જો આ તણાવ આ જ રીતે ચાલુ રહેશે, તો ક્રૂડ ઓઈલના ભાવ $150 પ્રતિ બેરલ સુધી પહોંચી શકે છે.

આ ઉપરાંત, જો ક્રૂડ ઓઈલની કિંમતમાં $1નો વધારો આખા વર્ષ દરમિયાન જળવાઈ રહે છે, તો ભારતનું વાર્ષિક આયાત બિલ લગભગ 16,000 કરોડ વધી જશે.

ભારત પોતાની જરૂરિયાતનું લગભગ 90% ક્રૂડ તેલ આયાત કરે છે. તેથી આ સ્થિતિ ચિંતાજનક છે. ઈરાને હોર્મુઝ રૂટને લગભગ બંધ કરી દીધો છે. દુનિયાનું લગભગ 20% તેલ અને ગેસ આ જ માર્ગેથી પસાર થાય છે. તેના બંધ થવાથી માત્ર ક્રૂડ તેલ જ નહીં, પરંતુ એલ્યુમિનિયમ, ખાતર અને



પ્લાસ્ટિકની કિંમતોમાં પણ ભારે ઉછાળો આવવા લાગ્યો છે.

ક્રૂડ ઓઈલ: કોટક સિક્યોરિટીઝ અને નુવામા ઈન્સ્ટિટ્યુશનલ ઈક્વિટીઝ જેવા મોટા બ્રોકરેજ હાઉસે ચેતવણી આપી છે કે જો 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' બંધ રહેશે, તો ક્રૂડ ઓઈલનો ભાવ $110 થી $150 ની વચ્ચે રહી શકે છે. જ્યારે, બ્રોકરેજ ફર્મ મેક્વેરી અનુસાર, જો મિડલ ઈસ્ટમાં તણાવ ઓછો થશે તો પણ કિંમતો $85-$90 થી નીચે નહીં આવે.

મોંઘવારી: ક્રૂડ ઓઈલ મોંઘું થવાથી પેટ્રોલ-ડીઝલ અને CNG-PNG ની કિંમતો વધશે. આનાથી ટ્રાન્સપોર્ટેશન કોસ્ટ વધે છે, જેની સીધી અસર ફળ, શાકભાજી અને અન્ય જરૂરી ચીજવસ્તુઓની કિંમતો પર પડે છે.

રૂપિયો: ડોલર સામે રૂપિયો નબળો પડી શકે છે, જેનાથી ઈમ્પોર્ટ મોંઘો થશે અને વિદેશી સામાન ખરીદવો મોંઘો પડશે. સાથે જ વિદેશમાં ફરવા અને ભણવા માટે પણ વધુ કિંમત ચૂકવવી પડશે.

રેટિંગ એજન્સી કેરએજ ગ્લોબલ અનુસાર, ક્રૂડ ઓઈલના ભાવમાં દર 10 ડોલર પ્રતિ બેરલના વધારાથી ભારતમાં છૂટક મોંઘવારી 60 બેસિસ પોઈન્ટ્સ (0.60%) સુધી વધી શકે છે. ભારત તેની તેલની જરૂરિયાતો માટે મોટાભાગે પશ્ચિમ એશિયા પર નિર્ભર છે, આવી સ્થિતિમાં, ત્યાંની પરિસ્થિતિ બગડવાથી ભારતના કરન્ટ એકાઉન્ટ ડેફિસિટ, GDP ગ્રોથ અને રૂપિયાના મૂલ્ય પર પણ દબાણ વધશે.

ટ્રમ્પે ઈરાનને બાસ્ટર્ડ કહીને હોર્મુઝ સ્ટ્રેટ ન ખોલવા પર મોટો હુમલો કરવાની ધમકી આપી. તેમણે કહ્યું કે જો ઈરાને હોર્મુઝ નહીં ખોલ્યું તો તેઓ તેને નરક બનાવી દેશે. આ સાથે જ તેમણે ઈરાનમાં પાવર પ્લાન્ટ અને પુલો પર હુમલો કરવાની વાત કહી.

ટ્રમ્પે રવિવારે સોશિયલ મીડિયા પર લખ્યું કે ઈરાનમાં મંગળવારે પાવર પ્લાન્ટ ડે અને બ્રિજ ડે એક સાથે હશે એટલે કે હુમલો થશે. ઈરાન હોર્મુઝ સ્ટ્રેટ ખોલી દે, નહીં તો નરક જેવી સ્થિતિમાં પહોંચી જશે.

ટ્રમ્પના નિવેદન બાદ ઈરાને ધમકી આપી છે કે જો અમેરિકા અને ઈઝરાયલના હુમલા વધશે તો તે ગ્લોબલ સપ્લાય ચેઈનને ઠપ્પ કરી દેશે. અલ જઝીરાના રિપોર્ટ અનુસાર, ઈરાને કહ્યું છે કે તે હોર્મુઝ સિવાયના અન્ય દરિયાઈ માર્ગોને પણ નિશાન બનાવી શકે છે.

ઈરાની સુપ્રીમ લીડરના સલાહકાર અલી અકબર વેલાયતીએ કહ્યું કે કોઈપણ મોટી કાર્યવાહીનો જવાબ માત્ર સૈન્ય સ્તરે જ નહીં, પરંતુ વૈશ્વિક ઊર્જા અને વેપાર પર અસર કરીને આપવામાં આવશે. તેમણે કહ્યું કે માત્ર સ્ટ્રેટ ઓફ હોર્મુઝ જ નહીં, પરંતુ બાબ-અલ-મંદેબ જેવા મહત્વના દરિયાઈ માર્ગો પણ જોખમમાં આવી શકે છે.

બજારમાં તેલની કિંમતો સ્થિર રાખવા માટે સાઉદી અરેબિયા અને રશિયા સહિત આઠ OPEC+ દેશોએ રવિવારે એક વર્ચ્યુઅલ મીટિંગ કરી. તેમાં નિર્ણય લેવાયો કે મે 2026 થી તેલ ઉત્પાદનમાં દરરોજ 2.06 લાખ બેરલનો વધારો કરવામાં આવશે.

આ પગલું ગયા વર્ષે જાહેર કરાયેલી વધારાની કાપણીમાં ફેરફાર હેઠળ લેવામાં આવ્યું છે. સંગઠનનું કહેવું છે કે તેઓ બજારની સ્થિતિઓ પર નજીકથી નજર રાખી રહ્યા છે અને જરૂર પડ્યે ઉત્પાદનમાં વધુ ફેરફારો કરી શકાય છે.

# ભાજપના પૂર્વ નગરસેવિકા 2 કલાક કોંગ્રેસમાં 'આંટો' મારી આવ્યા: કોંગ્રેસની પહેલી યાદી જાહેર થતાં કાર્યાલય પર બાઉન્સર ગોઠવાયા

**સુરત, તા.06**

ગુજરાત કોંગ્રેસ દ્વારા પહેલી યાદી જાહેર કરવામાં આવતા જ રાજીવ ગાંધી ભવન પર બોડીગાર્ડ ગોઠવવામાં આવ્યાં છે. પહેલી ઉમેદવારની યાદીની જાહેરાત બાદ બળવો ના થાય તે માટે બાઉન્સર ગોઠવવામાં આવ્યા છે. પાલડીમાં GPCC કાર્યાલય ખાતે કાર્યકર્તાના વેશમાં બાઉન્સર ગોઠવવામાં આવ્યા છે. કાર્યકરો કાર્યાલય ખાતે બળવો ના કરે તે માટે બાઉન્સર ગોઠવવામાં આવ્યા છે.



અસારવાના ઉમેદવાર વિજય પટણીને સંતાનમાં 3 બાળકો હોવાથી નિયમ મુજબ તે ચૂંટણી લડી શકે નહીં જેથી તેમની ઉમેદવારી કેન્સલ કરવામાં આવી છે. ભાવનગરમાં 2 કલાક પહેલાં ભાજપ પક્ષ છોડી કોંગ્રેસમાં ભળેલા પૂર્વ મહિલા નગરસેવીકાએ ફરી ભાજપમાં ઘરવાપસી કરી છે.


ભાવનગરમાં 2 કલાક પહેલાં ભાજપ પક્ષ છોડી કોંગ્રેસમાં ભળેલા પૂર્વ મહિલા નગરસેવીકા સેજલ ગોહિલે ફરી ભાજપમાં ઘરવાપસી કરી છે. ભાજપમાં ભળતાની સાથે જ મહિલાએ કહ્યું મને મારી ભૂલ સમજાય એટલે ભાજપમાં પરત આવી. મને કોંગ્રેસના આગેવાનોએ લાલચ આપી ભરમાવી હતી. મને મારી ભૂલ સમજાઈ એટલે મેં પાછી ઘરવાપસી કરી છે. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને લઈને ભાજપ દ્વારા ઉમેદવારોની પસંદ પ્રક્રિયા ચાલી રહી છે. ત્યારે ગુજરાત પ્રદેશ ભાજપના મહામંત્રી અજય બ્રહ્મભટ્ટે 4 એપ્રિલથી 10 એપ્રિલ સુધી ચૂંટણી પ્રક્રિયામાં વ્યસ્ત હોવાના કારણે ફોન ઉપાડી શકશે નહીં જેથી યોગ્ય સમયે વાત કરીશું એવી સોશિયલ મીડિયામાં પોસ્ટ મૂકી દીધી છે. સોશિયલ મીડિયામાં પોસ્ટ મૂકીને ભાજપના મહામંત્રીએ ચૂંટણી પ્રક્રિયામાં કોઈપણ ઉમેદવાર ભલામણ માટે ફોન કરે નહીં તેઓ મેસેજ આપ્યો હોવા અંગેની ચર્ચા ચાલી રહી છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપના પ્રદેશના નેતાથી લઈને શહેર અને જિલ્લા મહાનગરના નેતાઓ સુધી ટિકિટ વાંછુક ઉમેદવારો અને કાર્યકર્તાઓ દ્વારા નેતાઓને ભલામણો કરવામાં આવી રહી છે. અમદાવાદ કલેક્ટર કચેરી ખાતેથી ચૂંટણી ફોર્મનું વિતરણ શરૂ કરાયું છે. ફાળવાયેલ વોર્ડ મુજબ જે તે વિસ્તારની મામલતદાર ઓફિસ અને કલેક્ટર કચેરી ખાતે ચૂંટણી ફોર્મ ભરી શકાશે. અસારવા કોંગ્રેસના ઉમેદવાર વિજય પટણીને ગઈકાલે ઉમેદવાર તરીકે જાહેર કર્યા હતા અને આજે ઉમેદવારી કેન્સલ કરવામાં આવી છે. વિજય પટણીને સંતાનમાં 3 બાળકો હોવાથી નિયમ મુજબ તે ચૂંટણી લડી શકે નહીં જેથી તેમની ઉમેદવારી કેન્સલ કરવામાં આવી છે. સસ્તા અનાજની દુકાનોમાં માલિકોને ધમકાવવાનો મામલો ભારે ગાજ્યો હતો. ચંપત ચૌધરીના વીડિયો બાદ શ્રવણ જોષીની સંડોવણી ખૂલી હતી. આ મામલે લિંબાયત પોલીસ મથકમાં તે અંગે ગુનો દાખલ થયો હતો. આરોપીઓ સામે વેપારીઓએ કડક કાર્યવાહીની માગ સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું. બાદમાં ગોડાદરા પોલીસ મથકમાં પણ ગુનો નોંધાયો હતો. આ સાથે પાસાની પણ કાર્યવાહી થઈ હતી. જ્યારે હવે ભાજપના નેતાએ જ શ્રવણ જોષી સામે બદનક્ષીની ફરિયાદ નોંધાવી છે. શ્રવણે AI ટેક્નોલોજીનો ઉપયોગ કરી બદનક્ષીભર્યો વીડિયો વાઈરલ કર્યો હતો, જેથી તેના વિરુદ્ધ ત્રણ ફરિયાદ થઈ છે. ગઈકાલે જાહેર થયેલી યાદીમાં આપે શ્રવણ જોષીને વોર્ડ નં.26માંથી ટિકિટ આપી છે.

સંગઠન મહામંત્રી તુલસી લાલૈયાએ વેપારી પાસેથી 10 લાખની માગ કરી ગુનાહિત કાવતરું રચ્યું હતું. ઈજ્જત-આબરૂ બચાવવા પૈસા ન આપે તો ખોટા બળાત્કાર કેસમાં ફસાવી દેવાની ધમકી આપી ફરિયાદીના પુત્ર પાસેથી 1 લાખ રૂપિયા પડાવી લીધા હતા. બાદમાં માંગણી મુજબ નાણાં ન આપતા સોશિયલ મીડિયા એકાઉન્ટ પર ખોટી માહિતી રજૂ કરી ફરિયાદીની પ્રતિષ્ઠા ખરડી નાખવાનો પ્રયાસ કર્યો હતો. આ બાબતે ફેબ્રુઆરી-2026માં ઓલપાડ પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો. પાર્ટીએ આરોપીઓને જ નહીં, પરંતુ આરોપીઓની પત્નીઓને પણ ટિકિટ આપવામાં ભારે રસ દાખવ્યો છે. હાલમાં ભાજપ વિરુદ્ધ પોસ્ટર લગાડવાનો કાંડ ભારે ગુંજ્યો છે. પોસ્ટરમાં નામ, ઠામ નહીં લખવા બદલ ઉત્રાણ પોલીસમાં ગુનો દાખલ થયો છે અને આપ કાર્યકર કિરીટ પાનસુરિયાની ધરપકડ થઈ છે. ધરપકડના બીજા જ દિવસે પાર્ટીએ કિરીટ પાનસુરિયાની પત્ની દયા પાનસુરિયાને વોર્ડ નંબર 2માંથી ટિકિટ આપી છે. ભુતકાળમાં ગુનાહિત પ્રવૃત્તિઓ બાદ આપ પાર્ટીનું શરણું લીધું હોય એવા ઘણા કિસ્સા છે. તે પૈકીના એક કિસ્સામાં કઠોરની પ્રાથમિક સ્કૂલમાં સિક્યોરિટી કાંડમાં ગાજેલા કાળુ પોશીયાની પત્ની રિંકલ પોશીયાને પાર્ટીએ ટિકિટ આપી છે. તે વખતે સ્કૂલમાં મૂકેલી સિક્યોરિટીના ખર્ચમાં સ્કૂલ સંચાલન સમિતિના કર્તાહર્તા કાળુ પોશીયાનું નામ ગાજ્યું હતું અને મામલો પોલીસ મથક સુધી પહોંચ્યો હતો. સુરતમાં કોંગ્રેસનો છેડો ફાડનારા, વિવિધ કેસમાં વગોવાયેલાઓને આમ આદમી પાર્ટીએ ટિકિટ આપી છે. તેમાં કલ્પેશ બારોટ, ફિરોઝ મલેક, પ્રતિક કાકલોતર, રઈશા શેખ, આરીફ શાહ, રમેશ જિંજાલા, મહેન્દ્ર રાજપુરોહિત જેવાનો સમાવેશ થાય છે. પાર્ટી બદલુઓને ટિકિટ અપાતા પાર્ટીનો નિર્ણય હાંસીપાત્ર બન્યો છે. હજુ માંડ થોડા સમય પહેલા કોંગ્રેસ છોડી આપમાં ભળેલા ઉમેદવારોને ટિકિટ આપી દેવાતાં પક્ષમાં લાંબા સમયથી કામ કરતા કેટલાંક કાર્યકરોમાં નારાજગી પણ જોવા મળી રહી છે.

# દાંતામાં વન અધિકારીઓ-પોલીસ ઉપર હુમલાનો કેસ: હાઈકોર્ટે કહ્યું- વહીવટી તંત્રે આદિજાતિઓને સમજાવવાને બદલે ફોર્સની તાકાત બતાવી

**અમદાવાદ, તા.06**

ગુજરાત હાઈકોર્ટમાં બનાસકાંઠાથી સાયબાભાઈ ડુંગાસિયા દ્વારા જામીન અરજી મુકવામાં આવી હતી. જેમની સામે ડિસેમ્બર મહિનામાં અંબાજી પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. આ ફરિયાદ BNS અને ડેમેજ ટુ પબ્લિક પ્રોપર્ટી એક્ટ અંતર્ગત નોંધવામાં આવી હતી. તેઓ દાતાના પાડલીયા ગામના રહેવાસી છે. આ કેસમાં વન વિભાગના અધિકારીઓ પોલીસ કર્મચારીઓ સાથે રોપા રોપવા માટે ખાડા ખોદવા ગયા હતા. જ્યાં 500 જેટલા આદિજાતિ લોકોએ તેમની ઉપર ફરિયાદમાં જણાવ્યા મુજબ ધારીયા, તીર, તલવાર, કુહાડી, લાકડી અને ધોકા જેવા સાધનો વડે હુમલો કર્યો હતો. જેમાં સરકારી વાહનોને નુકસાન પહોંચ્યું હતું, તેમજ અધિકારીઓને ઈજા થઈ હતી. ફરિયાદમાં સરકારી અધિકારી પાસેથી લૂંટ કરવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. સાથે જ અરજદારે ગામના લોકોને ઉશેકરવાનો આક્ષેપ કરવામાં આવેલ છે.



સરકારી વકીલે જણાવ્યું હતું કે, 28 આરોપીઓ સામે નામજોગ અને 500 ના ટોળા સામે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી, જેમાં 10 જેટલી મહિલાઓનો સમાવેશ થતો હતો. આરોપીઓએ પોલીસ અને વન વિભાગના કર્મચારીઓની સરકારી ફરજમાં રૂકાવટ ઊભી કરી હતી. આ ઘટનામાં એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટને પણ ઈજાઓ થઈ હતી. સરકારી વાહનોને સળગાવવામાં આવ્યા હતા. ઝાડ અને પથ્થરોની આડસ મૂકીને વધારાની ફોર્સને મદદ માટે બોલાવતી રોકવા પણ પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

જો કે, હાઈકોર્ટે પૂછ્યું હતું કે, આ ઘર્ષણનું કોઈ કારણ ફરિયાદમાં દેખાતું નથી. સરકારી વકીલે જણાવ્યું હતું કે ગ્રામજનો સરકારી જમીન ઉપર રોપા વાવવા ઈચ્છતા નહોતા, તેમના કહ્યાં મુજબ આ જમીન તેમની છે અને ગ્રામસભાના ઠરાવ વગર તેઓ રોપા વાવી શકે નહીં. જો કે કોર્ટે કહ્યું હતું કે આટલા મોટા પોલીસ પ્રોટેકશન સાથે વહીવટી તંત્ર ગયું હોય તો કંઈક કારણ હશે! 500 લોકોએ શા માટે વન વિભાગના અધિકારીઓ અને પોલીસ અધિકારીઓ ઉપર હુંમલો કર્યો? વળી વહીવટી તંત્ર પણ શા માટે આટલા મોટા પોલીસ ફોર્સ સાથે રોપા વાવવા એક ગામમાં ગયું હતું? વળી તેમાં એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટની જરૂર શા માટે પડી?

વહીવટી તંત્ર જાણતું હતું કે, અહીંયા પ્રશ્ન છે, જેથી કરીને જો ફાયરીંગ કરવાની નોબત આવી પડે તો એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ હુકમ આપી શકે! હાઈકોર્ટે સરકારને જણાવ્યું હતું કે, આ વ્યક્તિગત નહીં, પરંતુ સામાજિક મુદ્દો છે. આ અગાઉ પણ એક ફરિયાદ નોંધાઈ હતી. જેમાં ગ્રામજનોએ રોપા રોપવા અંગે ગ્રામસભાની મંજૂરી લીધી હતી કે કેમ તે સંદર્ભે વહીવટી તંત્રને પ્રશ્ન કર્યો હતો.

કોર્ટે કહ્યું હતું કે, તંત્ર એ પ્રશ્ન ઉકેલવાની જગ્યાએ મોટી સેના લઈને ગયું હતું. જેથી તેઓ પોતે શક્તિશાળી છે તેમ ગ્રામજનો સામે પ્રસ્થાપિત કરી શકે. આ માહિતીના આદાન પ્રદાનને ગેપ હતો. લોકોને સમજાવવા તંત્રે શું કર્યું? તમે કલેક્ટર જોડે વાત કરી? આ આપણા નાગરિકો છે, તેઓ કાયદો હાથમાં ના લઈ શકે, પરંતુ તમે શક્તિ બતાવવાની કોશિશ કેમ કરી? તમે પોલીસ ફોર્સનો પાવર કેમ બતાવ્યો? એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટને ગોળી ચલાવવાનો પરવાનો લેવા લઈને ગયા હતા? તમે લોકોને શું મેસેજ આપવ માંગતા હતા કે તમે લોકોને મારવા આવ્યા છો? આ તો ભારતના નાગરિકો છે ને? 6 ડિસેમ્બર અને 13 ડિસેમ્બરની FIR વચ્ચે તમે શું કર્યું? આ મુદ્દે વધુ સુનાવણી 13 એપ્રિલે રાખવામાં આવી છે, જ્યાં વન વિભાગના અધિકારીઓ પણ ઉપસ્થિત રહેશે.

# ભર ઉનાળે ચોથુ માવઠુ, 18 જિલ્લામાં કાલે વરસાદની આગાહી

## ભારે પવન સાથે વીજળી પડવાની પણ શક્યતાં, બે દિવસ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના

**અમદાવાદ, તા.06**

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સિસ્ટમ સક્રિય થતાં હવામાન વિભાગ દ્વારા આવતીકાલે એટલે કે, 7 એપ્રિલે રાજ્યમાં કમોસમી વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગના ડાયરેક્ટર ડો. એ. કે. દાસના જણાવ્યા અનુસાર, ગુજરાતમાં છૂટાછવાયા હળવાથી માધ્યમ વરસાદની શક્યતા રહેલી છે. અત્યારે બે સિસ્ટમ સક્રિય થતાં વરસાદની આગાહી કરવામાં આવી છે. સાથે જ 40 કિલોમીટરની ઝડપે પવન ફૂંકાવાની સંભાવના હોવાથી આગામી 2 દિવસ માટે માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન 36 ડિગ્રી અને વાદળછાયુ વાતાવરણ રહેશે. સૌથી વધારે રાજકોટમાં 36.3 ડિગ્રી અને ગાંધીનગરમાં 34.5 ડિગ્રી તાપમાન



નોંધાયું છે. ગુજરાતમાં છેલ્લા બે અઠવાડિયામાં આવેલા ત્રણ માવઠામાં વરસાદ અને વીજળીના કહેરે કુલ પાંચ લોકોના મોત થયા છે. 19 માર્ચે સુરતમાં આવેલા મિની વાવાઝોડામાં પર્વત પાટિયા વિસ્તારમાં વિશાળ લોખંડનું બોર્ડ પડતાં મુકેશકુમાર નામના યુવકનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે સચિનના હળપતિવાસમાં દિવાલ તૂટી પડતાં છનાભાઈ રાઠોડ ગંભીર ઘાયલ થયા હતા અને 21 માર્ચે તેમનું મોત નીપજ્યું હતું. તાજેતરમાં 2થી 7 એપ્રિલ દરમિયાનના ત્રીજા માવઠામાં પાટણના સરસ્વતી તાલુકાના મુલુસણ ગામે વીજળી પડતાં 20 વર્ષીય પરિણીત યુવતી આનંદબેનનું ઘટનાસ્થળે જ મોત થયું હતું અને તેના પરિવારના ત્રણ સભ્યો ઘાયલ થયા હતા. આ જ દરમિયાન ગાંધીનગરના દહેગામના બારીયા બારડોલી ગામે વીજળી પડતાં 6 વર્ષની બાળકીનું પણ મોત થયું હતું. આ ઘટનાઓએ વરસાદ અને વીજળી સામે સાવચેતીની જરૂરિયાત ફરી એક વાર ઉજાગર કરી છે.

# પરીક્ષાના પહેલા દિવસે જ નવા વાડજની સૌરભ સ્કૂલમાં વિવાદ: ફી બાકી હોય તેવા વિદ્યાર્થીઓને શાળા બહાર ઊભા રાખ્યાનો વાલીનો આક્ષેપ, કોઈ ભૂલ વાલીથી થયાનો સ્કૂલનો લૂલો બચાવ

**અમદાવાદ, તા.06**

આજથી ધોરણ 3થી 5ની પરીક્ષાનો પ્રારંભ થઈ ગયો છે. જે આગામી 11 એપ્રિલના રોજ પૂર્ણ થવાની છે. ત્યારે પરીક્ષાના પહેલા દિવસે જ નવા વાડજ વિસ્તારમાં આવેલી શાળામાં વિવાદ સર્જાયો છે. સૌરભ સ્કૂલમાં જે વિદ્યાર્થીઓ છેલ્લા સેમેસ્ટરની ફી ન ભરનાર વિદ્યાર્થીઓને બહાર ઊભા રાખવામાં આવ્યા હતા.



20 કરતા વધુ વિદ્યાર્થીઓએ ફી ભરી ન હોવાથી પરીક્ષામાં બેસવા દેવામાં આવ્યા ન હોવાનો વાલીઓએ આક્ષેપ કર્યો છે.ફી ક્યારે ભરશો તેની બાહેંધરી વાલીઓ પાસેથી લીધા બાદ જ વિદ્યાર્થીઓને પરીક્ષા આપવા દેવામાં આવી હોવાનો પણ વાલીઓએ દાવો કર્યો છે. જો કે સ્કૂલે લૂલો બચાવ કરીને જણાવ્યું હતું કે કોઈ વિદ્યાર્થીને બહાર ઉભા રાખવામાં આવ્યા નથી.

વાલીએ જણાવ્યું હતું કે, મારી દીકરી અહીંયા શાળામાં અભ્યાસ કરે છે. સવારે 7.30 વાગ્યે મારી દીકરીના બે ફોન આવે છે. એક ફોન ઉપાડી ન શકી જે બાદ બીજો કોલ ઉપાડ્યો હતો. મારી દીકરીએ એવું કહ્યું હતું કે મને પરીક્ષા આપવાની ના પાડવામાં આવી છે.ફી અત્યારે ભરશો તો જ પરીક્ષા આપવા મળશે તેવું કહેવામાં આવ્યું હતું. છેલ્લા સેમેસ્ટરની 6 હજાર રૂપિયા ફી બાકી છે,બાકી બધી ફી ભરી દીધી છે.માત્ર મારી દીકરી જ નહીં અન્ય જે વિદ્યાર્થિઓની ફી બાકી હતી તે તમામને પરીક્ષા આપવાની ના પાડવામાં આવી હતી. વધુમાં વાલીએ જણાવ્યું હતું કે, મેં સર સાથે વાત કરી તો તેમણે એવું કહ્યું કે તમારે ફી ભરવી જ પડશે તો જ પરીક્ષા આપવા મળશે. જેથી મેં કહ્યું કે હું આજે ફી ભરી દઈશ તમે પરીક્ષા આપવા દો હું અત્યારે પહોંચી શકું તેમ નથી થોડીવારમાં આવીને ફી ભરી દઈશ. જેથી તરત આવીને કહ્યું કે 27 કલાકમાં હું ફી ભરી દઈશ જે બાદ મારી દીકરીને પરીક્ષામાં બેસવા દીધી હતી. બાકી બીજા વિદ્યાર્થીઓને બહાર ઊભા રાખવામાં આવ્યા હતા.

જેના માતા પિતા આવ્યા તેમને કહ્યું કે ફી ભરી દઈશું તેવા જ વિદ્યાર્થીઓને અંદર જવા દેવામાં આવ્યા હતા. 8.30 વાગ્યા સુધી તો જવા દેવામાં પણ આવતા નહતો. એક સાથે ભરવી હોય તો એક સાથે પણ ભરી શકાય છે અને અલગથી ભરવી હોય તો અલગથી પણ ભરી શકાય છે. પરંતુ બધી ભરી દીધી છે ખાલી છેલ્લી સેમેસ્ટરની જ ફી જ બાકી હતી. સૌરભ સ્કૂલના ઇન્ચાર્જ પ્રિન્સિપાલ તુલિકા શાહે જણાવ્યું હતું કે, આજથી પરીક્ષા શરૂ ગઈ છે તમામ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે. જે વિદ્યાર્થીઓની ફી બાકી હતી તેમના વાલીને ફોન કરવામાં આવ્યો છે, પરંતુ તમામ વિદ્યાર્થીઓને પરીક્ષા આપી રહ્યા છે.

# અમદાવાદ-રાજકોટ RTOને બોમ્બથી ઉડાવવાની ધમકી: વડોદરા-સુરતમાં પણ થ્રેટના કારણે બોમ્બ-ડોગ સ્કવોડની તપાસ, ટ્રેક ટેસ્ટ માટે આવેલા હજારો લોકોને પરત મોકલાયા

**અમદાવાદ, તા.06**

અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરત RTOને બોમ્બથી ઉડાવવાની ધમકી મળી છે. ધમકી મળતા RTO કચેરી ખાલી કરાવાઈ છે. ટ્રેક ટેસ્ટ માટે આવેલા હજારો લોકોને પણ પરત મોકલવામાં આવ્યા છે. હાલમાં તમામ RTOમાં પોલીસ દ્વારા બોમ્બ-ડોગ સ્કવોડને સાથે રાખીને તપાસ કરવામાં આવી છે.

સુરતના ડીસીપી લખધીરસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, કેમ્પસ ઈવેક્યુએટ કરાવી એન્ટી સેબોટેજ ચેકિંગની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. એન્ટી સેબોટેજ ચેકિંગ દરમિયાન કોઈપણ પ્રકારની વાંધાજનક ચીજવસ્તુ અથવા તો એ પ્રકારની કોઈપણ બાબત જણાઈ આવેલ નથી. અને ટૂંક સમયમાં RTO કચેરીનું રાબેતા મુજબની કામગીરી ચાલુ કરવામાં આવી રહેલ છે.

વધુમાં કહ્યું કે, કોઈપણ પ્રકારની ચિંતાજનક અથવા ભયની બાબત ન હોય, લોકોને શાંતિ જાળવી અને પોતાની કામગીરી RTO કચેરી ખાતે ચાલુ રાખવા માટે અપીલ





કરવામાં આવે છે. ઈમેઈલની તપાસ સાઈબર સેલની ટીમ દ્વારા કરવામાં આવી રહેલ છે. ઈમેઈલ ક્યાંથી મોકલવામાં આવેલ છે અને તેના અંગેની જે ટેકનિકલ બાબતો છે, તેના માટે સુરત સાઈબર સેલની ટીમ અલગથી કાર્યવાહી કરી રહી છે.

રાજકોટ RTO કચેરીમાં અલગ અલગ શાખાની કચેરીની ચીજવસ્તુઓનું ચેકીંગ કરવામાં આવ્યું હતું. જ્યારે વડોદરા આરટીઓ કચેરીમાં બોમ હોવાની ધમકી મળતા કેટલાય અરજદારો અટવાઈ પડ્યા હતાં. અંદાજે બેથી ત્રણ કલાકથી આરટીઓ કચેરીની બહાર રાહ જોઈ રહ્યા હતાં. જોકે તમામ અરજદારોને આવતીકાલની એપાઈન્ટમેન્ટ આપવામાં આવી.

થોડા સમય પહેલા અમદાવાદ શહેર અને જિલ્લાના સંખ્યાબંધ શાળાઓ અને કોર્ટ બિલ્ડિંગને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. એરપોર્ટને પણ બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. આ ઘટનાઓ અંગે તપાસ શરૂ કરી સાયબર ક્રાઈમ બ્રાંચે ઈમેઈલ કરનાર યુવકને ઝડપી લીધો હતો. ત્યારે જ આજે 6 એપ્રિલે સોમવારે સવારે અમદાવાદના આરટીઓ અધિકારી નિરવ બક્ષીને આરટીઓના ઓફિશિયલ મેઈલ આઈડી પર એક ઈમેઈલ આવ્યો હતો કે બપોરે 12:50 વાગ્યે આરટીઓમાં ઝેરી ગેસ ભરેલા 13 બોમ્બ ફૂટશે.

આ ઉપરાંત ઈમેઈલમાં ડીએમકેના વર્તમાન મુખ્યમંત્રીના પૌત્ર, ઉદયનિધિના પુત્ર અને ઈન્બાનિધિ સામે બદલો લેવાની સહિતની વાતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત પરિવારના બે સભ્યોને જીતવા કરતાં ગુમાવવા કરતાં 2026ની ચૂંટણી હારીને સુરક્ષિત રીતે જીવવું વધુ સારું હોવાની પણ નોંધ લખવામાં આવી હતી. આ તમામ બાબતો અંગે સિનિયર પોલીસ અધિકારીઓ સાથે ચર્ચા કર્યા બાદ પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

